(श्री स्कन्दपुराणान्तर्गत)

॥ श्री गुरुगीता ॥

मूल्य—[illegible]

॥ ॐ श्रीगणेशायनमः ॥

श्रीलक्ष्मीविनायक गणपतिमंदिर-
लुणावाडा.

આવૃતિ બીજી. ॐ પ્રત ૧૦૦૦.

ગુરૂ જીવન્મુક્તયોગી પરમાત્માના ઉપાસક વેદાન્ત વિલાસી
મુમુક્ષુ જનોના ઉદ્ધારરૂપ

॥ श्रीगुरुगीता ॥

મૂળ સહિત-ગુજરાતીમાં ભાષાંતર કર્તા.

श्रीमत् परमहंस परिव्राजकाचार्य सद्गुरु
स्वामि श्री विनायक योगीमहाराज.

પ્રસિદ્ધ કર્તા,
શ્રીસદ્ગુરૂ ચર્ણકમલનિવાસી
રસિકપ્રસાદ ભુલેશ્વર મેહતા.
શ્રીગણપતિમંદિર—લુણાવાડા.

મુલ્ય માત્ર રૂ. ૦-૬-૦ છ આના.
(પોસ્ટેજ જુદું)

ધી ગુજરાત પ્રીન્ટીંગ પ્રેસમાં શા. સોમાલાલ મંગળદાસે
છાપ્યું, પાંચકુવા-અમદાવાદ.

" ॐ:गणेशाय "

॥ अर्पण पत्रिका ॥

શ્રીમત્પરમાત્મા સ્વરૂપ, શ્રી ક્ષત્રિય કુલદિપક, શ્રી સ્વધર્મ ધુરંધર, ઉદારદાનશિલ, બ્રહ્મવિદ્યા વિલાસી, શ્રીમન્માહારાજાધિરાજ માહારાણા શ્રીયુવરાજ રાજેશ્વર શ્રીમહારાજકુમાર શ્રી ૧૦૮ શ્રી ભવાનિસિંહજી મહારાજ—

સ્વસ્થાન દાંતા–ભવાનગઢ.

આપ શ્રીમંતની સનાતન વેદધર્મ પ્રત્યેની તેમ તેના વકતા બ્રહ્મવિત્ સંત યોગીજનો પ્રત્યેની ઉત્કટ પ્રેમભાવના, સ્વધર્મ વૃદ્ધિની અભિલાષા, પ્રજા પ્રત્યેની નિર્મલ પુત્રવત્ શુભેચ્છા, સ્વદેશોન્નતિ તરફ ઉત્કંઠા, રામરાજ્ય સમાન ન્યાય નિતી દર્શક સાત્વિક શુભમતિ, બ્રહ્મવિદ્યા જ્ઞાનભક્તિ યોગ તરફની ભાસ્કર સમાન શ્રેષ્ટ ઉદારતા, વિ. વિગેરે શુભવૃત્તિઓથી પ્રેરાઇ આ સ્વધર્મ શિરોમણી, ભકિતરસ ભરપુર ॥ गुरुगीता ॥ અધ્યયનાર્થે અને સ્વકલ્યાણાર્થે શ્રીમંતને સમર્પણ છે.

શ્રી લક્ષ્મી વિનાયક ગણુપતિ મંદિર–લુણાવાડા. વૈશાખ સુદી ૧૫ સંવત ૧૯૭૮	શ્રી સદ્‌ગુરૂ ચર્ણાભિલાષી, રસિકપ્રસાદ ભુલેશ્વર મહેતાના સવિનય ગુરૂગણેશ.

|| श्रीगणेशायनमः ||

|| मङ्गलम् ||

ॐ वक्रतुण्ड महाकाय कोटि सूर्य सम प्रभ ।
निर्विघ्नं कुरु मे देव सर्व कार्येषु सर्वदा ॥१॥
गुरु ब्रह्मा गुरु विष्णु गुरुर्देवो महेश्वरः
गुरु साक्षात्परब्रह्म तस्मै श्रीगुरवे नमः ॥२॥
अखंड मण्डलाकारं व्याप्तं येन चराचरम् ।
तत्पदं दर्शितं येन तस्मै श्रीगुरवे नमः ॥३॥
अज्ञान तिमिरांधस्य ज्ञानांजन शलाकया ।
चक्षुरुन्मिलितं येन तस्मै श्रीगुरवे नमः ॥४॥
यं ब्रह्मा वरुणेन्द्र रुद्र मरुतः स्तुन्वन्ति दे॑वैस्तवैः ॥
वेदैः सांग पदक्रमोपनिषदै गांयन्ति यं सामगाः ॥
ध्यानावस्थित तद्गते न मनसा पश्यन्ति यं योगिनो
यस्यान्तं नविदुःसुरासुरगणा देवाय तस्मै नमः ॥५॥
ब्रह्मानन्दं परम सुखदं केवलं ज्ञान मूर्ति
द्वंद्वातीतं गगन सदृशं तत्वमस्यादि लक्ष्यम् ॥
एकं नित्यं विमलमचलं सर्व धिः साक्षी भूतं
भावातीतं त्रिगुण रहितं सद्गुरुं तं नमामि ॥६॥

ॐ ॐ ॐ



श्रीमन् म. मा. श्रीमाहाराज कुमारश्री
भवानिसिंहजी महाराज—दांता स्टेट.

G. P. Press Ahmedabad.

ॐ

॥ श्री गणेशायनमः ॥

॥ अवतरणिका ॥

આ વાચારંભણ વિકારરૂપ, શશશૃંગવત્ મિથ્યા પ્રભાવવાળા અને નાશવંત જણાતા. સૃષ્ટિના આરંભકાળમાં બંધાએલી સનાતન વેદ ધર્મની મર્યાદા દ્વાપર યુગના અંત પર્યંત બલકે કલિયુગના પ્રથમ પાદમાં કેટલાએક વખત સુધી યથાર્થ ચાલતી ચાલતી અન્તે ધીમે ધીમે મર્યાદાનો ભંગ થતો જણાયો ત્યારે આજથી લગભગ ચોવીસસો વર્ષ ઉપર તે સનાતન ધર્મ મર્યાદાની પુનઃ પ્રસ્થાપના માટે શ્રી આદ્ય શંકરાવતાર શ્રીમદ્ જગદ્ગુરૂ આદ્ય શંકરાચાર્ય શ્રીમત્ ભગવત્ પુજ્યપાદાચાર્યનો પ્રાદુર્ભૂત અવતાર થયો જણાયો. જેમણે મૂળ વૈદિક શ્રેણીપૂર્વક શ્રૌત સ્માર્ત ધર્મ મર્યાદા પુનઃ ચાલતી કરી. અને વર્ણઆશ્રમ સંસ્કારો પણ પુનઃ ચાલતા કર્યા.

સદ્બોધક જીવન્મુક્ત યોગી સંત મહાત્મા પુરૂષનો ધર્મજ છે કે–તેમણે આ સનાતન વૈદિક શ્રેણીપૂર્વક બ્રાહ્મણ, ક્ષત્ર્યાદિ ચાતુર્વર્ણ્યને પોતાનો યથાર્થ ધર્મ, કર્મ, ભક્તિ, જ્ઞાનનો યોગ સમજાવવો. અને વર્ણાશ્રમ સંસ્કાર રૂપી પ્રથમ પાયો જે જે કારણોથી બગડતો જતો દેખાતો હોય તેને માટે યોગ્ય રીતે સુધારણા કરવી કારણ એવી જીવન્મુક્ત દશામાં રહેલું સંત પુરૂષનું બોધકદર્શનીક શરીર માત્ર **દેશોદય, સ્વધર્મોદય, કે જ્ઞાનોદય,** તેજ સમજાવે છે. શ્રીમદ્ ભગવત્ ગીતાના વાકય પ્રમાણે "**धर्मसंस्थापनार्थाय**" ધર્મનું સુંસ્થાપન કરવા માટે સંત સ્વરૂપે પરમાત્માજ પ્રકટ થાય છે. પણ આની શ્રેણી સમજનારા અધિકારી બહુજ થોડા છે.

અવિદ્યામય, દેહાધ્યાસમય, અહંકારમય, આચરણો યુકત વર્ણાશ્રમ સંસ્કારોના દ્વૈતજ્ઞાનથી ભકિત જ્ઞાનનો વિલય થાય છે. તેનો વિધ્વંસ કરી લોક સમુહને આ અજ્ઞાન સંકટથી બચાવવા એ દયાળુ પરોપકારી સંત યોગીનું ભૂષણજ છે. અને કાળે કાળે તેમજ થતું ચાલ્યું છે અને ચાલ્યાજ કરે છે.

આ ત્રૈલોકયમાં જગત્ ઉપકારાર્થેજ સર્વ વસ્તુમાત્ર છે એમ નિશ્ચય જાણો. છતાં મુખ્ય ભાવથી જોતાં જણાય છે કે *મહાત્મા સંત પુરૂષો પોતાના સુખ દુઃખ કે માનપાન તરફ નજર ન રાખતાં માત્ર પરોપકારાર્થેજ પોતાનું સર્વસ્વ માને છે. જેમ આંબાનું વૃક્ષ ગુડીવાં ખાય, પથરા ખાય, છતાં અમૃત ફળ આપે. નદીના જળમાં અજ્ઞાત સ્ત્રી પુરૂષો વિષ્ટા ધુએ, મળ ધુએ, છતાં મીષ્ટ જળ આપે. મેઘરાજા ન આવે તોપણ ગાળો ગાળો ખાય અને વધારે

આવે તો પણ ગાળો ખાય. છતાં સમયે આવી પ્રજાનું રક્ષણ કરે. મફત પાણી આપે. અને પોતે ખારૂં પાણી પીએ પણ પ્રજાજનને મિષ્ટ જળ આપે એ સજ્જનનો સ્વભાવ છે. પૃથ્વિ ઉપર હજારો મનુષ્યો કુકર્મો કરે, ગૌહત્યાદિકના રૂધિરથી ત્રાસ આપે, મળ મૂત્રાદિકથી ભ્રષ્ટ કરે છતાં અતિ ગંભીર હૃદયની માતાવત્ પ્રેમ રાખનારી આ પૃથ્વિ કદાપી પણ રોષ ન રાખતાં અમૃત અન્નોને પોતાનામાં ઉપજાવી પ્રજાનું સંરક્ષણ ઇચ્છે. એવો આ મહાત્મા સદ્‌ગુરૂ સંત જીવન્મુકતજનોનો જાતીસ્વભાવજ પરબ્રહ્મ પરમાત્મા સ્વરૂપજ નિર્મળ છે. કે તેવા મહાત્માઓને આ અવિદ્યામય અંધકાર જગતના અંધ વિલાસી પામર પુરૂષો ગમે તેવી પીડા કરે. યા ગમે તેવા નિંદ

---

*निं [illegible]विमानचास्यंतं भूषणंयस्य योगिनः ॥
[illegible]पि विक्षेप कथंतस्य वाचादैः क्रियतामिह ॥१॥

શબ્દો બોલે વા તેમની સાથે ગમે તેવાં વર્તન રાખે તોપણ જેને શત્રુ મિત્ર સમાન છે એવા અત્યંત દયાળુ પુરૂષો કદાપિ પણ જીવ- દૃષ્ટિથી જોતા નથી. એવા મહાત્માઓને આ જગત મીથ્યા આભા- સરૂપ મનાયું છે જેથી જગત અને જીવપણાના મોહને માટે કાંઈપણ પ્રયત્ન કરતા નથી. તેઓ દ્રોહ રહિત બુદ્ધિએ વિચરવા વાળા હોવાથી આ જગત તેમને મન તુચ્છ છે તોપછી વ્યવહારદ્રોહ કે મનુષ્યદ્રોહ કે રાજ્યદ્રોહમાં તેઓનું લક્ષજ નથી. એવા આ કલ્યાણમુર્તિ સંતજીવ- નનાં દર્શન આ ત્રૈલોક્યમાં દુર્લભતર છે.

હવે આ કાળની ચાતુર્વર્ણ્ય પ્રજા તરફ દૃષ્ટિ કરીએ. કારણ જ્યારે લોક વાસના રહિત પોતાનો સ્વધર્મ સમજનારા અને લોક- ગોગી કે મુક્ત, અને જ્ઞાની કહે એવા માનની પણ અપેક્ષા રહીત, મહાત્મા પુરૂષો પરિશ્રમ લે છે તો અત્યારે લોકસ્થિતિમાં બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શુદ્રની સ્થીતી કેવા પ્રકારની થઇ છે તે પણ પ્રજા સમક્ષ જણાવવું જોઇએ. કે પોતાના દોષો જાણી દોષમાંથી મુક્ત થવાની બુદ્ધિ થાય.

૧ બ્રાહ્મણોમાં ઘણો ખરો ભાગ (વૈદિક સનાતન ધર્મની શ્રેણીનો કુલ ભાગ તો નહિ. પણ કોઈ કોઇ ભાગ) સ્વધર્મને સેવના વાળો છે. કેવળ અદ્વૈત સિદ્ધાંત સમજવા વાળી ગંભીર અને સુક્ષ્મ બુધ્ધિ ન હોવાથી કોઇ કયા મતમાં અને કોઇ કયા મતમાં, ભરાઈ નાના પ્રકારના વાડામાં ભરાઇ ગયા છે. અને ઉદર પોષણ બુધ્ધિથી ગમેતેમ આચરણ રાખતા અને પોતાનો મત સિધ્ધ સમજાવવા ખડા થાય છે. પણ આખરે મહાનદ, મહાસાગર રૂપ સિધ્ધાન્તને પહોંચવા " વહેળો નામનું કોતરડું સમર્થ નથી. એમ થતાં લજવાય છે. છતાં " મીયાં પડયા પણ ટંગડી ઊંચી " આ કિંવદંતિ યોગ થાય છે.

અભેદ અરણ્યના અવિનાશી સિંહનો અખંડ નાદ થતાં બીચારાં શીયાળ વરૂને ભયનો પારજ નથી. છતા આવા અખંડાનંદમાં મસ્ત રહેનારા **બ્રાહ્મણની** આવી સ્થિતી આ કલિયુગમાં થઇ છે. આગળ **સ્નાન** સંધ્યાનું **ઊદ્યાપન** કર્યું છે. ભક્તિતો બહારવટો ભોગવે છે. જ્ઞાનથી **અતિરીક્ત મોહાભ્યાસ** આદર્યો છે. દેહાધ્યાસના ચુસ્ત **ભકત** બન્યા છે. વિષય વ્યાપારને ખેડતા, કામક્રોધાધિક શત્રુઓથી પરાજય પામેલા, તૃષ્ણા લોભના તૃષાતુર બનેલા, અહંમમત્વ વિષ્ટાથી ખરડાયલા સદ્‌ગુરૂ બનવાની અપેક્ષાથી અંકિત થઇ પોતાના નિર્માલ્ય નિર્બળ મનનો શિષ્ય ઉપર સામ્રાજ્યતા સ્થાપવાનો પ્રયોગ શી રીતે ધારતા હશે ? ? પાખંડ પ્રચારક, દંભના દોસ્ત, લોભના મિત્ર, અસત્યના અભ્યાસી, કલેશ કુસંપના સાગ્રીત, છળકપટના વિલાસી, વિશ્વાસ ઘાતના વિહારી, ધર્મના શત્રુ, સત્યના દ્રોહી, સમદ્રષ્ટિના હિંસક, બ્રહ્મવિદ્યાના કાળ, અવિદ્યાના (સંગાથી) પતિ, કૃપણતાના દક્ષ, અને ક્રોધના સાગર બન્યા છે. પોતાના પરમ કલ્યાણને ઇચ્છતા. **જીવન્મુક્ત સંત મહાત્મા તે પોતાના બ્રાહ્મણપણાનો અલંકાર છે.** કેમકે બ્રાહ્મણોના ગુરૂત્વને દિપાવનાર આ સંતપુરૂષો બ્રાહ્મણોના માનરૂપ ધર્મનો પ્રકાશ કરનારા છે છતાં પોતાના જીવનવૃક્ષને છેદનાર આ **કુલદ્રોહી** બ્રાહ્મણોએ પોતાનાજ પગમાં કોવાડી મારવા માંડી છે. **પોતાના ચતુર્થાશ્રમ સંન્યાસનેજ વખોડવા અનેક ઉપાયો રચવા લાગ્યા છે. વૈદિક શ્રેણીપૂર્વક** ચાર આશ્રમો પૈકી બીજો ગૃહસ્થાશ્રમ શરીરના **મર્ણકાળ પર્યંત પણ** ત્યાગ ન થાય અને કદાપી જીવન વધે તો **ત્રિપથ્થે ક્યાં મળશે ? ?** આવા **અવિચારી દુર્દૈવ પ્રગટાવનારા બ્રાહ્મણોની દશાની અધમતા દયાળુ સંત હૃદયમાં તો કેવળ દયાજ દર-**

સાત્રી રહે છે. પણ સહસ્ત્ર મનુષ્યો એક પાર્ટિમાં હોય અને એક માણસ સામી પાર્ટિમાં સત્ય બતાવનારો હોયતો તેનું બળ આખરે તો સત્યનાજ વિજય રૂપ થાય. પણ તુરતાતુરત અમલ થઈ શકે નહિં. એ સ્વભાવીક છે. બીજો આશ્રમ (ગૃહસ્થાશ્રમ) કેમ વહાલો લાગ્યો છે?? ચોથો આશ્રમ શી રીતે શત્રુરૂપ દેખાય છે?? કર્મત્યાગનું બ્હાનું બતાવતાં દેહવિષય વ્યવહાર કર્મ કેમ થાય છે?? વા કર્મત્યાગનું શુષ્ક ફળ કેમ દેખાય છે?? ચક્ષુ ઊઘાડીને જોવાની ટેવ કોને છે?? આવી રીતે અનેક મર્યાદા બગડતી ચાલી છે. ધર્મના આગેવાન, ધર્મના વકતા, ધર્મના હિમાયતી, ધર્મના ગુરૂ, પરમપૂજ્નીક, એવા બ્રાહ્મણ વર્ગમાંજ આમ ઘોર કલિએ પ્રવેશ કર્યો છે. તે ટાળવાને મહાત્મા જીવન્મુકત સંત પુરૂષોએ પ્રયત્ન કરવોજ કરવો. કેમકે ધર્મરૂપી વૃક્ષનું મૂળ બ્રાહ્મણો છે. બ્રાહ્મણરૂપી મૂળ સળવાથી ઈતર ત્રણ વર્ણરૂપ થડ, ડાળાં, અને ડાળીઓ, પણ સળે. અને બ્રાહ્મણરૂપી મૂળ જો મજબુત હોય તો આખા વૃક્ષને કદાપી હરકત નથી. માટે બ્રાહ્મણોને સુધારવાનો પ્રયત્ન અવસ્ય જરૂરનો છે.

૨. સંસારરૂપી વૃક્ષનું મૂળ જેમ બ્રાહ્મણ છે. તેમ આ વૃક્ષનું થડ ક્ષત્રિય એ બ્રાહ્મણનો નાનો ભાઈ છે મૂળમાંનો સડો થડને લાગ્યો છે. ક્ષત્રિયમાં બે ત્રણ પ્રકાર છે. બ્રહ્મક્ષત્રિય પુરૂષો પણ ક્ષત્રિયમાં છે. ક્ષત્રિય રાજવંશી નૃપતિઓ પણ ક્ષત્રિયમાં છે. તેમ ભાટીયા કાયસ્થ પણ ક્ષત્રિયમાં ગણાય છે. ક્ષત્રિય નરો પોતાના વૈદિક સનાતન ધર્મ વિષેની જાગૃતિમાં પછાત છે. સમગ્ર ક્ષત્રિય પ્રજા એવા પ્રકારની છે એવો આશય નથી. પણ સેંકડે ૯૫ ટકા અપવાદરૂપ આ કલિયુગે કરી દીધી છે. તેથી વિશેષત્વે ભાસ થાય છે. સંગદોષ લાગે છે, અગર અન્ય સહવાસ ઘણો હોય સંતસમાગમનો ધારો

સહવાસ ન હોવાથી, દુર્ગુણોને પ્રકાશ થવાને સમય મળે છે. આમ થવાથી તેમના કેટલાએક અવિચાર શાન્ત કરવારૂપ બોધની જરૂરી-યાતમાં દુષ્કર્મરૂપ બુદ્ધિને ત્યાગ કરવા કરાવવાની જરૂર ધારી છે કે

વૈદિક સનાતન ધર્મ મર્યાદાના બીજા નંબરના અધિકારી છતાં તેમણે સાત્વિક અહંકાર વાળી સદ્વૃત્તિનો બીલકુલ ત્યાગ કરી રાજસી તામસી અહંકારનો આશ્રય કીધો છે. અધોદષ્ટિ કરાવનાર આ રાજસી તામસી અહંકાર વાળી વૃત્તિ સત્યાસત્યનો નિર્ણય કદાપી પણ કરાવનાર નથી એ કદાપી સત્ય સમજવા દેતીજ નથી. રાજ્ય-મદ, ધનમદ, વિદ્યામદે ઉન્મત્ત સમાન બનાવ્યા છે. તે ઉન્મત્તતા સંત સમાગમ વૈદ્યની જ્ઞાન ગોળીથી ઊતારતા નથી ત્યાં સુધી તે નિદ્રામાંથી મુક્ત પણ થતા નથી. દેહાધ્યાસની વૃદ્ધિ દેહ બુદ્ધિના વિચારોથી થાય છે. જ્યાં સુધી ઠુંઠાનું ભાન થવા માટે સદ્ગુરૂ સંત જીવનમુક્તનું શર્ણું વેડતા નથી ત્યાં સુધી ઠુંઠામાં ચોરનું ભાન રહે છે. પણ જ્યારે ગુરૂશર્ણાશ્રય લેછે. ત્યારે ચોર એ ભ્રાન્તિની દૃષ્ટિ છે. એમ જાણી આ સત્ય ઠુંઠું હતું એમ નિશ્ચય થતાં પાછળથી દેહાધ્યાસનો પસ્તાવો થાય છે. પોતાની પ્રજાના પોતે માતા પોતા છે. પોતાની પ્રજાના પાલક પોતે ઇશ્વર છે. પોતાની પ્રજા ગાય રૂપ છે. અને પોતાના સદ્ગુરૂ સ્વરૂપ બ્રાહ્મણ બ્રહ્મવેત્તા છે તેનું પ્રતિપા-લન કરવામાં શ્રેષ્ટતા ધરાવતા હતા. માટે તેમને ગૌબ્રાહ્મણ પ્રતિ-પાલક કહે છે. તે વિશેષણો સુકાઇ ગયા જેવાં જણાય છે. કેમકે પ્રજા ધન તે પોતાનુંજ છતાં પોતાના માનેલા ભોગલક્ષ્મીના કોષો ભરવા તરફ દૃષ્ટિ થાય છે. પણ પ્રજાના સરંક્ષણાર્થે તે ધનનો સદુ-પયોગ કરતાં તથા દેવોની તૃપ્તિને માટે યજ્ઞયાગાદિકો બ્રાહ્મણભોજનો,

કુવા-તલાવો આદિ જળાશયો, દેવાલયો, વિદ્યાલયો અને રંક પ્રજાનું રક્ષણ કરવા કલા, હુન્નર, સાહિત્ય વિગેરેનો વધારો કરવામાં જો વપરાય તો અન્ય રીતે દેહદષ્ટિના મોજશોખની વૃદ્ધિ ન થતાં ઉપકારકૃત્યથી લોકો અત્યંત આશિર્વાદની વૃષ્ટિ કરે. બ્રાહ્મણો ધર્મની મૂર્તિ છે. અને ક્ષત્રય વિર પુરૂષો ધમના રક્ષક છે. જે નૃપોત્તમના રાજ્યમાં ધર્મની વૃદ્ધિ થાય. તે નૃપતિના કોષો આપોઆપ વૃદ્ધિને પામે છે. જેવી બુદ્ધિ દેહ સબંધે માન અકરામ મેળવવાને આતુર દેખાય છે. તેવીજ સાત્વિક બુદ્ધિ પ્રજા-પાલન અને નિત્ય કર્માદિક ઇશ્વરભક્તિ સંત સમાગમને માટે હોય તો દેશપરદેશના માણસો આવી શુદ્ધ મનોવૃત્તિથી શું ઓછું માન આપશે ??? ઉત્તમોત્તમ વૈદિક ધર્મ મર્યાદા પાળવામાં પોતાનું માન પરમેશ્વરની કચેરીમાં એટલે દેવસભામાં પ્રકાશ પામે છે. તો આ લૌકિક ક્ષણિક અને પરાધીનતારૂપનું મિથ્યા જગતનું માન શા હિસા-બમાં છે ??? તેનો ક્ષણવાર સત્ય વિચાર કરવાથી સત્યાસત્ય તુરત સમજાય છે. આવી ધર્મ મર્યાદા પાળતાં રાજ્યની સ્થિતી ઉંચ પાયા ઉપર આવે છે—અને પ્રભુ કૃપાથી પોતે અનેક પ્રકારે સુખી પણ થાય છે. સંત સમાગમ કરવાની ઊત્કંઠા વધે છે. અને શાસ્ત્ર શ્રવણ કરવાથી સદ્‌ગુરૂભક્તિમાં વધારો થાય છે. **राज्ञि धार्मिणी धार्मिष्ठा** રાજા ધામષ્ટ હોય તો પ્રજા ધર્મિષ્ટ થાય છે. રાજા પાપી હોય તો પ્રજા તેથી વીશેષ પાપી થાય છે. શ્રીયાજ્ઞવલ્કય સ્મૃતિમાં લખે છે કે

राज्ञि राष्ट्र कृतं पापं राज्यपापं पुरोहितम् ।
भर्तरी स्त्री कृतं पापं शिष्य पापं गुरु स्मृताः ॥

પ્રજા પાપ કરે તે રાજાને શિર છે કેમકે પ્રજાને ધર્મ મર્યા-દાએ ચલાવવી એ નૃપતિનો ધર્મજ છે. પણ નૃપતિજ જ્યારે ધર્મ મર્યાદાથી રહિત પોતાનું વર્ત્તન રાખતા હોય ત્યારે પ્રજાને ધર્મમાં

કેવી રીતે ચલાવશે. હવે રાજા પાપ કરે તે પુરોહીત એટલે રાજગોર (રાજગુરૂ) ને માગે છે. કેમકે રાજાઓને ધર્મ મર્યાદા શીખવવી એ રાજ્યગુરૂઓનો ધર્મ છે. પણ રાજ્યગુરૂઓજ જ્યારે અભણ અને લક્ષ્મીદાસ બન્યા હોય અને માત્ર રાજાઓનું મન સંપાદન કરી પૈસો કેમ ગ્રહણ કરી લેવો. એટલુંજ સમજ્યા હોય તો તે સત્ય ધર્મ મર્યાદા પળાવવા સ્વતંત્રતા કેવી રીતે રાખી શકે ? ના કહી શકે ? ? બ્રાહ્મણોએ પોતાનું ગુરૂત્વ આવી રીતે ગુમાવેલું છે. પોતાના પરમ ક્ષત્રિયકુલના રાજાઓનું કલ્યાણ ઇચ્છનારા બ્રાહ્મણો યુક્તિથી મીષ્ટ વચનથી નૃપતિના હૃદયમાં "ધર્મ" સમજાવે છે તો તેઓ ઇશ્વરાંશ હોઈ સત્ય સમજવાને પ્રથમ અધિકારી છે. તે ઉત્તમ અને નીચ એમ સમજે તો ખરા. પણ તૃષ્ણાબાઇના ત્રાસમાં તૃષાતુર બ્રાહ્મણોએ હાથે હાથે પોતાની મહત્તા ખોઇને પોતાના કલ્પવૃક્ષ સ્વરૂપને પણ નિર્માલ્ય બનાવ્યું છે. તે જોવાનું છે. અત્યારે પણ ધર્મવૃત્તિવાળા કેટલાએક રાજકુમારો મદિરા માંસાદિકના દુર્વ્યસનથી દૂર રહે છે. રાજપુત્રોને માટે માનવધર્મશાસ્ત્રમાં તથા યાજ્ઞવલ્કય સ્મૃતિમાં કામથી ઉત્પન્ન થયેલા દશ દુર્વ્યસનો તથા ક્રોધથી ઉત્પન્ન થયેલા આઠ દુર્ગુણો તજવા આજ્ઞા કરે છે. એ વાત સમજાવવા બ્રાહ્મણોનો પરમ અધિકાર છે અને એમ રાજાઓના હિતકર્તા સ્વરૂપે બ્રાહ્મણોએ "જીવદયા" ને માટે પણ અહિંસા ધર્મ સમજાવ્યો હોય તો બ્રાહ્મણોની મહત્તા વધે અને જીવ હિંસા ન થવાથી રાજ્યની આબાદી, લક્ષ્મી અને મહત્તા વધે. આપણો આત્મા અને અન્ય જીવોનો આત્મા એક છે. ત્યારે એક બાજુએ ઇશ્વરની ભક્તિ કરનારા જનો બીજી બાજુએ ઇશ્વર સ્વરૂપ અન્ય જીવોનું હનન કરે, એ કેટલું બધું અયોગ્ય છે. મદ્યમાંસ એ રાજસી વૃત્તિને ઉશ્કેરે છે. વિષ-

ગોની વૃદ્ધિ કરે છે. અને કામ ક્રોધને ઉપજાવે છે. એથી મનોવૃત્તિ કેટલી બધી બગડે છે. એ વાત હાલના રાજકુમારો સમજવા લાગ્યા છે છતાં બ્રાહ્મણોએ તેમને અધર્મ કરતાં અટકાવવા સદ્‌બોધ કરવો એ પરમ ધર્મમર્યાદા પૂર્વક છે કે ધર્મશાસ્ત્રથી વિરૂદ્ધ છે. એ જાણુ-વાને વિદ્વાન બ્રાહ્મણોને પ્રશ્ન કરી ખુલાસોજ કરવો જોઇએ તો સત્યવક્તા બ્રાહ્મણો શાસ્ત્ર રચનાપૂર્વક મિષ્ટ ભાષામાં સત્ય સમજાવવા પણ તૈયારજ છે. પણ પુછ્યા વિના સત્યવક્તાથી જવાબ અપાતો નથી તેની પણ એક મુંઝવણ છે. સંત મુક્ત પુરૂષો હમેશના હિત-કર્તા સ્વભાવવાળા છે. તે દરેકનું કલ્યાણજ ચ્હાય છે. તેઓનો સદ્‌બોધ અમૃત સમાન ફળ આપનારજ છે. રાજકુમારોએ આત્માની પાયમાલીના પાયાવાળો મહેલ બાંધવો નહિ; પરમાત્મ તત્વ રહિત દેહ શિખર ઉપર ચઢી હવા ખાતા બેસવું નહિં. આ ગુપ્ત યોજનાઓ હિતસ્વી પુરૂષ વિના કોણ સમજાવે છે ? ? ? સંત પુરૂષોથી દૂર રહેવા શિખામણ આપનાર-નૃપતિ પુરૂષોના પરમ કલ્યાણકારી હિતને બગા-ડનાર છે. એ વાત જ્યારે નૃપતિઓ સમજવા લાગે છે. ત્યારે તેમનો સત્યરૂપ વિજય થાય છે એ નીઃશંશય છે. સંતપુરૂષો લાલચુ છે. અથવા સંતપુરૂષો સારા નથી. એમ સમજાવનારા પુરૂષો પોતાની બુરી મતલબ પાર પાડવાનો પ્રયત્ન કરે છે. કેમકે મહા-ત્માઓ આવાં અનેક પ્રપંચીક કાર્યોથી નૃપતિઓને તુરત જાગૃતિ આપનાર છે જો મહાત્માઓના સમાગમમાં નૃપતિ જાગૃતિને પામશે તો આપણો પ્રપંચ સમજાતાં આપણી પ્રપંચચોસરની ગુંથણી તુટશે એવા વિચારથી નૃપતિઓના આગળ સંતની નિંદાજ કર્યા કરેછે. કે સંતના ઉપર પ્રેમ પણ ન આવે અને સમાગમ પણ ન કરે-જ્ઞાનથી નૃપતિઓ જાગૃત થાય તો આપોઆપ સમજશે

કે આ કુતર્કિઓનો પ્રપંચજ છે એટલે પછી પ્રપચમાં સપડાશે નહીં. આમ સજ્જન અને હિતકર્તા પુરૂષો ભલે દૂર દૂર રહેતા પણ કલ્યાણને ઇચ્છે છે. તેઓને વિસરવા નહિ એ સજ્જન ધર્માત્મા નૃપતિઓના પરમ ધર્મજ છે. પછી સંસ્કાર ???

આવા બગડતા કાળમાં સુધારો કરવાની યોજનાઓ સ્થાય તો વિશેષ કલ્યાણરૂપ થાય. બોધરૂપી પવનના સપાટામાં ધુળ ઉડી જાય છે. અને મોટું વાવાઝોડું થાય તો મોટાં મોટાં જાળાં પણ ઉખેડી ફેંકી દેછે. માટે સદ્દબોધની ખાસ જરૂર છે. વિશેષમાં બ્રાહ્મણ, ક્ષત્રિય આ બેના સુધારાની આવસ્યકતા છે કેમકે વૈશ્યોનો સમુહ આ બેના સુધારામાં સુધરી શકે છે. વૈશ્યોની મર્યાદા પણ બગડી છે. વૈશ્ય એ વૈદિક ધર્મ મર્યાદામાં ત્રીજા ભાગનો ભાગીદાર છે. એને ઉપવિત સંસ્કારનો અધિકાર છે. અને વૈદિક શ્રેણી પ્રમાણે સ્નાનસંધ્યા કરવાનો પૂર્ણ અધિકાર છે. છતાં અન્ય અન્ય સંપ્રદાયિક મતાવલંબી બનવામાં તેમણે પોતાના અધિકારનો સમૂળો નાશ કર્યો છે. કેટલાએક વૈશ્યો સત્યાસત્યનો નિર્ણય કરવાના વિચારનો ત્યાગ કરી વૈદિકધર્મમર્યાદાનો ભ્રંશ કરી, સ્વઇચ્છાનુસારી વર્તનવાળા બન્યા છે. તેમ અન્ય અન્ય મતાવલંબી બન્યા છે. ઘણે ઠરેજ્જે પોતાની સ્વધર્મમર્યાદા ત્યાગી બેઠા છે. અને આગ્રહી સંપ્રદાય (વાડા) ના બંધારણમાં બંધાયા પછી આ બકરાં ગોવાળના કબજામાંથી છુટવા પણ પામતાં નથી. કોઇ કોઈ સમજવા લાગ્યા છે. ત્યારે દોરડાંના બંધથી છુટા થવાતું નથી, અને મનમાં મુંઝાઇને મરવાપણું થાય છે. સત્ય દાન, સત્ય દયા, પરોપકાર, અન્નક્ષેત્ર યજ્ઞ યાગાદિ કર્મ કેટલાં બળવાળાં છે. તે ન સમજવાથી વ્યહવાર બુદ્ધિની વૃદ્ધિમાં ધર્મ મર્યાદાનું ઉલ્લંઘન કરાય છે તે બોધ વિના કેમજ સુધરે ??

સંતસમાગમ કરવા જશે તો આ આપણો વાડો તુટી જશે-તો આવકને નુકસાન થશે. આમ સમજનારા પોતે સંતસમાગમ કરતા નથી અને અન્યને કરવા દેતા નથી. એવા વિચારોથી વૈશ્ય પ્રજા પણ બગડતી ચાલી છે. ટુંકામાં સારાંશકે આ ત્રણે વર્ણ વૈદિક ધર્મ મર્યાદાના અનુક્રમે અધીકારી છે તેમને ધર્મશિક્ષણ બોધની આવશ્યકતાજ છે.

શાસ્ત્ર પ્રમાણ પૂર્વક " ગુરૂ " શબ્દના પરમ અધિકારી બ્રાહ્મણો છે. " **वर्णानाम् ब्राह्मणो गुरु** " વર્ણ માત્રના ગુરૂ બ્રાહ્મણો છે. આ ગુરૂપણાના માનના અધિકારી બ્રાહ્મણોને માટે મનુ મહારાજ કહે છે કે—

भूतानां प्राणिनः श्रेष्ठाः प्राणिनां बुद्धिजीविनः ।
बुद्धिमत्सु नराः श्रेष्ठा नरेषु ब्राह्मणाः स्मृताः ॥
ब्राह्मणेषु च विद्वांसो विद्वत्सु कृत बुद्धयः ।
कृत बुद्धिषु कर्त्तारः कर्तृषु ब्रह्मवेदिनः ॥
(तेषां न पूजनीयोन्य स्त्रिषु लोकेषु विद्यते)

સ્થાવર જંગમ પ્રાણીઓમાં આહાર નિદ્રા કરનારાં પ્રાણી શ્રેષ્ઠ છે. તે પ્રાણીઓમાં બુદ્ધિવડે આજીવીકા કરનારાં પ્રાણી શ્રેષ્ઠ છે. બુદ્ધિમાન પ્રાણીઓમાં મનુષ્ય શ્રેષ્ઠ છે. મનુષ્યોમાં બ્રાહ્મણો શ્રેષ્ઠ છે, બ્રાહ્મણોમાં વિદ્વાનો શ્રેષ્ઠ છે, વિદ્વાનોમાં વેદોક્ત અને શાસ્ત્રોક્ત કર્મ જાણનારા શ્રેષ્ઠ છે. જાણનારા વિદ્વાનોમાં વેદોક્ત શાસ્ત્રોક્ત કર્મ કરનારા શ્રેષ્ઠ છે. વેદોક્ત શાસ્ત્રોક્ત કર્મ કરનારાઓમાં સર્વમાં રહેલા એક અને અદ્વિતીય પરબ્રહ્મ પરમાત્માને જાણનારા બ્રહ્મવેત્તા જીવન-

મુક્ત મહાત્માઓ શ્રેષ્ટ છે. (આત્મજ્ઞાવેત્તા જીવન્મુક્ત મહાત્માઓને આ ત્રણે લોકમાં અન્ય કોઇ પણપૂજા કરવા યોગ્ય નથી.)

तपो विद्या विशेषेण पूजयन्ति परस्परम् ।
ब्रह्म विद्भ्यः परं भूतं न किञ्चिदिह विद्यते ॥

બ્રાહ્મણોમાં તપ અને વિદ્યાથી જે અધિક હોય તે પરસ્પર પૂજન કરવા યોગ્ય ગણાય છે, એ સર્વમાં યોગ્ય પોતાના પરમાત્મા પરબ્રહ્મને જાણવાવાળા (જીવન્મુક્ત સંતસ્વરૂપ સંન્યાસી બ્રહ્મચારી જનો) બ્રહ્મવેત્તા કરતાં આ દુનીયામાં અન્ય પૂજન કરવા યોગ્ય નથી.

उत्पत्तिरेव विप्रस्य मूर्ति धर्मस्य शाश्वती ।
स हि धर्मार्थमुत्पन्नो ब्रह्मभूयाय कल्पते ॥

આ બ્રાહ્મણની ઊત્પત્તિજ ધર્મની સનાતન મૂર્તિ ગણાય છે. ધર્માચરણ કરવા માટેજ છે. અને તેજ મોક્ષ મેળવવાને પણ સમર્થ છે. અર્થાત્ બ્રાહ્મણજ બ્રહ્મવેત્તા જીવન્મુક્ત સંત સ્વરૂપ સંન્યાસી બ્રહ્મચારી થાય છે. અને તેજ સદ્બોધક સદ્ગુરૂ થવાને યોગ્ય છે.

ब्राह्मणो जायमानो हि पृथिव्यामधि जायते ।
इश्वरः सर्व भूतानां धर्मकोशस्य गुप्तये ॥

આ બ્રાહ્મણજ (બ્રહ્મવેત્તા) ધર્મ સ્વરૂપ ધર્મ ભંડારનું રક્ષ-કરવા માટેજ જન્મથી પૃથ્વિનો અધિપતિ થઇને જન્મે છે. એટલા તે બ્રાહ્મણ (બ્રહ્મવેત્તા) સર્વ ભૂત પ્રાણીઓના ઇશ્વર સ્વરૂપજ છે.

सर्वं स्वं ब्राह्मणस्येदं यत्किञ्चिज्जगती गतम् ।
श्रैष्ठ्ये नाभि जनेनेदं सर्वं वै ब्राह्मणोऽर्हति ॥

ત્રણે લોકમાં જે કંઇ (દ્રવ્ય, વૈભવ, પદાર્થ, સુખ ઇ૦) છે તેનો સંપૂર્ણ રીતે અધિકારી બ્રાહ્મણજ છે. અર્થાત્ તે સર્વ બ્રાહ્મણ બ્રહ્મવેત્તાનુંજ છે એવા તે બ્રાહ્મણ (બ્રહ્મવેત્તા) પરમાત્મા વિરાટના મૂખ સ્વરૂપમાંથી ઊદ્ભવ થવા વડે તથા કરતાં શ્રેષ્ટ અધિકારી હોવાથી સર્વ પ્રકારના વૈભવ દ્રવ્યો આદિને તેજ પોતે ગ્રવણ કરવાને યોગ્ય છે.

स्वमेव ब्राह्मणो भुक्ते स्वं वस्ते स्वं ददाति च ।

आनृशं स्याद् ब्राह्मणस्य भुञ्जते हीतरेजनाः ॥

બ્રાહ્મણ—પોતાના અનાજનું ભક્ષણ કરે છે. પોતાના વસ્ત્રનેજ પહેરે છે. પોતાનાજ વૈભવ દ્રવ્યોનુંજ દાન કરે છે, અને ક્ષત્રિય આદિ બીજા મનુષ્યો બ્રાહ્મણની પરમ કૃપાથી તે તે વૈભવો વા દ્રવ્યોનો ઉપભોગ કરે છે. અર્થાત્ આ જગતમાં જે કંઇ છે, તે સર્વ બ્રાહ્મણ (બ્રહ્મવેત્તા) ની માલીકી રૂપે છે. અને તે બ્રાહ્મણોએજ સર્વને સર્વના અધિકાર પૂર્વક આપેલું છે. (અર્થાત્ ક્ષત્રિઓને વૈભવ રાજ્યેપચાર પણ બ્રાહ્મણનોજ આપેલો છે અને વૈશ્યોને લક્ષ્મી પણ બ્રાહ્મણોનીજ આપેલી છે.)

આવા મોટા અલંકારથી અલંકૃત મહાત્મા બ્રહ્મવેત્તા બ્રાહ્મણો છે એમ ધર્મશાસ્ત્ર સૂચવે છે, આવા મોટા અધિકારથી નિરાભિમાનતા ધારણ કરી, ગંભીરતાવડે મોહવિકારથી, દૂર રહી, આત્મ. શ્લાઘા બતાવવા વા પોતાનું માન પોતાને હાથે બતાવવાની ઇચ્છાનો ત્યાગ કરી, બહુ મોટા મનના બ્રાહ્મણો અતિ વૈરાગ્ય દષ્ટિએ પરમ મુમુક્ષુતા ધારણ કરી, ક્ષત્રિય વૈશ્યાદિને ઉત્તમોત્તમબોધ આપતા નિડરપણે ધર્મ સમજાવતા, આ સૃષ્ટિમાં વિચરે છે, આ બ્રાહ્મણોને બ્રહ્મવેત્તા ગણાવવાનું જે માન છે તે સદ્ગુરૂ પદનેજ સૂચવે છે. અને તે માન સાથે સરખાવતાં આ ત્રૈલોકયમાં બીજું એક

પણ માન નથી. એમ શાસ્ત્ર બુદ્ધિથી વિદ્વાનો સમજે છે. માટે બ્રહ્મ વિદ્યા પ્રાપ્ત કરવાને પોતાના અધિકાર પૂર્વક બ્રાહ્મણોનીજ આવશ્યક્તા છે.

હવે "ગુરૂ" શબ્દની મહત્તાનો વિચાર કરીએ. ગુરૂ પદ પ્રાપ્ત કરવાને બ્રાહ્મણજ પરમ અધિકારી છે. અને તે અનુક્રમે ગુરૂપદ ધારણ કરવાને શક્તિમાન થાય છે. એ વાત કહેવામાં આવી ગઇ છે, બ્રહ્મવેત્તાપણું પ્રાપ્ત થતાંજ તે "સદ્‌ગુરૂ" પદને યોગ્ય છે. આમ શાસ્ત્રનો સિદ્ધાંત છે તે બ્રાહ્મણોએ પોતાનું બ્રહ્મવેત્તાપણું અને સદ્-ગુરૂત્વ ગુમાવ્યું છે તે અન્ય (ક્ષત્રિય, વૈશ્યો) ને આપી દીધું છે. એમ તો સિદ્ધ થતું નથી. આવી અજ્ઞાન જીવ દશામાં રમનાર છતાં પણ પોતાનું ગુરૂ તરીકેનું પૂજનીક માન તેમનાજ ઉત્તમ કપાળને દિપાવી રહ્યું છે. તે સજ્જન પુરૂષોની જાણ બહાર નથી, કે સદ્‌ગુરૂ-પણાના યોગથી રહીત છતાં પણ ક્ષત્રિય, વૈશ્યોને શિષ્ય ભાવથી કર્મ ઉપાસના સાથે પૂજન કરવા યોગ્યજ ગણાય છે, તો બ્રહ્મ વિદ્યાજ્ઞા-નથી સંત સ્વરૂપ જીવન્મુક્ત તત્વજ્ઞાની થતાં સદ્‌ગુરૂત્વ ના હક રૂપ ગણાય તેમાં શું વિશેષ ! ! !

આ મનુષ્ય દેહ પરમાત્મા પરબ્રહ્મ સચ્ચિદાનંદ પ્રભુનું સ્વરૂપ જાણવાને અને બ્રહ્મ વિદ્યાજ્ઞાન મેળવવાને માટે પરમ અધિકારી છે. તેમાં પણ બ્રાહ્મણ દેહ સર્વોત્તમજ છે કેમકે તે બ્રાહ્મણ કર્મ ઉપા-સના અને વિવેક વૈરાગ્યાદિક સાધનો વડે હૃદય શુદ્ધિથી પરમેશ્વરની ઉપાસનાના અનુક્રમે આશ્રમ ધર્મ મર્યાદા સેવતો અંતે ચતુર્થાશ્રમ મર્યાદા યુક્ત થઈ સદ્‌ગુરૂ ચર્ણ સેવાના પ્રતાપે શાસ્ત્ર શ્રવણ, મનન, નિદિધ્યાસનથી સર્વ વ્યાપક પરબ્રહ્મ પરમાત્માના જ્ઞાનને જાણી બ્રહ્મ-નિષ્ટ બ્રહ્મવેત્તા, આપ્તકામ, જીવન્મુક્ત, સંન્યાસી, સંત, ઇત્યાદી ઉપ-નામથી નિષ્કામ વિચરે છે.

આવા પરમ અધિકારી બ્રાહ્મણ (બ્રહ્મ જાણવાને ઇચ્છતો મુમુક્ષુ) અંતે દ્વિજવર્ગના અધિકારી ક્ષત્રિય વૈશ્ય સજ્જનો કે જેને વૈદિક કર્મોનો અધિકાર છે. એવા ઉચ્ચ તત્વજ્ઞાનાભિલાષી પુરૂષો શ્રુતિમાં વર્ણવ્યા પ્રમાણે

तत् विज्ञानार्थं स गुरुमेवाभिगच्छेत्समित्पाणिः श्रोत्रियं ब्रह्मनिष्ठम् मुण्डको० ॥

તે પરમાત્માનાલક્ષ્યાર્થ જ્ઞાનને પ્રાપ્ત કરવા માટે બ્રહ્મ શ્રોત્રિય અને બ્રહ્મનિષ્ઠ એવા (બન્ને બિશેષણોવાળા) ગુરૂને શર્ણ જવું.

વેદ, શાસ્ત્ર, સ્મૃતિ, પુરાણ, ઇતીહાસ આદિ સકળ શાસ્ત્રના મર્મથી જાગૃત વિદ્વાન બ્રાહ્મણને **બ્રહ્મશ્રોત્રિય** કહેવાય છે.

બ્રહ્મનિષ્ઠ નો અર્થ એવો છે કે સકામ કર્મ સાથે સકામ ઉપાસનાનો સર્વથા ત્યાગ કરી. કેવળ અદ્વિતીય પરમાત્મામાં જેઓની સંપુર્ણ નિષ્ટા છે. એવા સકળભૂત પ્રાણી માત્રમાં ફક્ત પરમાત્માનો-નિશ્ચય જાણવાવાળા, દ્રશ્ય દ્દષ્ટિનો સમુળો વિલય કરી વસ્તુ માત્રમાં વસ્તુતાનો નિર્ણય કરવાવાળા, પરપોટામાં પાણીનો નિર્ણય સમજવા વાળા ભેદાભેદ દ્દષ્ટિનો ત્યાગ કરી સ્ત્રી પુત્ર, મિત્ર, સહોદર, શત્રુભાવ જેમના પવિત્ર ચૈતન્ય હૃદયમાં નથી. અને જે સર્વને પરમાત્મા સ્વરૂપે જાણી દેહ બુદ્ધિથી રહીત છે એવા પરમ યોગેશ્વર સંત જીવન્મુક્ત બ્રહ્મનિષ્ટ કે બ્રહ્મવેત્તા કહેવાય છે આવા બ્રહ્મશ્રોત્રિય અને બ્રહ્મનિષ્ઠ વિશેષણો યુક્ત બ્રાહ્મણના સત્ય સ્વભાવથી અને પર્માર્થતાથી જગતના કલ્યાણકારી સ્વભાવથી તે સદ્‌ગુરૂ પરમાત્માજ છે આવા પુરૂષના સમાગમમાં વેદાન્તાદિક શાસ્ત્ર શ્રવણ કરી ભક્તિ સેવાયોગથી પોતાના પરમાત્માને સર્વાંતરયામી જાણી આ સંસારમાંથી અધિકારી જનો મુક્ત થાય છે. આનો " સંતસમાગમ " નો " સદ્‌ગુરૂ '

સ્વરૂપે પ્રસિદ્ધ મહિમા સકળ શાસ્ત્રમાં ગર્જના કરી રહ્યો છે. એવા જીવન્મુક્ત સંતજ પરબ્રહ્મ પરમાત્મા છે શ્રુતિ વદે છે કે,

स यो हवै तत्परमं ब्रह्म वेद ब्रह्मैव भवति ।इ०। मुण्डक०॥

જે કોઇ પ્રસિદ્ધ એવા પરમાત્માને જાણે છે તે પોતે સ્વયં બ્રહ્મજ થાય છે એમ વેદ બોલે છે. આ બ્રહ્મવેત્તા સંત જીવનમુક્ત પુરૂષનો સમાગમ કરવાથી **कीट भ्रमर न्याय** પ્રમાણે જેમ કીડો ભ્રમરના સત્સંગમાં ભ્રમર સ્વરૂપજ થાય છે. તેમ બ્રહ્મવેત્તાના સમાગમમાં જીવ પોતા અવિચારજનક જીવ ભાવથી મુક્ત થઈ બ્રહ્મ સ્વરૂપને પામે છે.

બ્રહ્મવેત્તા એટલે “ **બ્રહ્મને જાણનારા** ” એવો અર્થ થાય છે ખરો, પણ આ બ્રહ્મવેત્તા તો ઉપદની શ્રુતિથી સાક્ષાત્ સ્વયં બ્રહ્મરૂપ છે. એવો નિર્ણય વિશેષત્વે સમજાવવા પંચદશીકાર કહે છે કે,

दर्शना दर्शने हीत्वा स्वयं केवल रूपतः ।

यस्तिष्ठति सतु ब्रह्मन् ब्रह्म न ब्रह्मवित् स्वयम् ॥

દર્શન એટલે જ્ઞાન અથવા દેહભાન અને અદર્શન એટલે અજ્ઞાન અથવા બુદ્ધિભાન આ બંન્ને વૃત્તિઓને તજીને પોતે કેવલ બ્રહ્મ સ્વરૂપ પરમાત્માજ છે. એમ જાણો. બ્રહ્મવેત્તા નહિં.

પરમાત્મા અને સદ્‌ગુરૂ બ્રહ્મવેત્તા તત્વજ્ઞાની જીવન્મુક્ત યોગી સંત પુરૂષ સાક્ષાત્ પરબ્રહ્મજ છે. એમ શાસ્ત્રાધારે સમજવાવાળા પુરૂષો સદ્‌ગુરૂમાં અને પરમાત્મામાં અભેદ ભાવથી અદ્વૈત રૂપે જુએ છે તેઓ જીવન્મુક્ત સંત સદ્‌ગુરૂ શરીરધારી છે એમ કદાપી પણ માનતા નથી. આવી અમૃત બુદ્ધિના વિચારવાન પુરૂષોનેજ તત્વ જ્ઞાન પ્રાપ્ત થતાં જીવન્મુક્તતા ભોગવે છે. પરમાત્મા અને સદ્‌ગુરૂમાં

અભેદત્વ સમજવા પરમભક્ત અધિકારી જનને શ્રધ્ધાપૂર્વક સમજવાને વેદ આજ્ઞા કરે છે

यस्य देवे परा भक्ति र्यथा देवे तथा गुरौ ॥
तस्यै ते कथिता ह्यर्थाः प्रकाशन्ते महात्मनः ॥

જેને પરમાત્મામાં ઉત્કૃષ્ટ ભક્તિ હોય અને જેવી પરમાત્મામાં હોય તેવી પોતાના સદ્દગુરૂમાં શ્રેષ્ઠ ભક્તિ હોય અર્થાત્ પરમાત્મા સદ્દગુરૂમાં અભેદ સ્વરૂપ જાણે. તે પુરૂષને આ ઉપનિષદ્દમાં ઉપદેશ કરેલા પ્રસિદ્ધ અર્થો અનુભવમાં આવે છે.

એમ સદ્દગુરૂ અને પરમાત્મામાં અભેદ ભાવથી જોનારા પરમ ભક્તજનો પોતાના કલ્યાણ સ્વરૂપ પરમપદને પામે છે. અને તેવાજ જીવન્મુક્ત સંતનો અનુભવ કરતાં રાગદ્વેષ રહિત સર્વ વ્યાપક પ્રભુને યાવત સ્થાનમાં અંતર્બહીર સ્વરૂપે જાણી પ્રભુ દર્શનનો આનંદ લે છે. એવા અભેદ સ્થિતિના વિલાસી પરમ ભક્તરાજ જનો સુખ દુઃખ માનાપમાન, હર્ષશોક, રાગદ્વેષ, આદિ વૃત્તિઓમાં ચિત્તજ રાખતા નથી. કારણ સર્વ વસ્તુરૂપ અને આનન્દ રૂપ પણ પરમાત્માજ છે. જ્યાં અભેદ સ્થિતિ થાય ત્યાં માન અપમાન સંબંધી વિચાર કોણ કરે ? ? માનનો લેનારો આપનારો પણ પરમાત્માજ છે, અને અપમાન આપનારો અને લેનારો પણ પરમાત્મા છે. સુખ માનનારો અને દુઃખ માનનારો તેમ આપનારો પણ પરમાત્માજ છે. જ્યારે સર્વત્ર પરમાત્માજ છે ત્યારે કોના ઉપર દ્વેષ કરવો ? ? પુરૂષ અને સ્ત્રી એ બંન્ને શબ્દો શરીર સાથે સંબંધ રાખે છે. એટલે પુરૂષ સ્ત્રી જોનારો દેહાધ્યાસી ઠરે છે. ત્યારે અખંડ આત્માના જ્ઞાન વિચારના આનંદી પુરૂષો દેહાધ્યાસ શા માટે કરશે ? ? એમ પુરૂષત્વ અને

જીવત્વનો વિલય થતાં અવશેષ રહેલો આત્મા તે પુરૂષ પણ નથી અને સ્ત્રી પણ નથી. ત્યારે વિષયાદિ વૃત્તિઓ કોના ઉપર કોણ કરશે ? ? એમ વિષયાદિ વૃત્તિઓની શાન્તિ કરવાની સમજણ છે. પણ વેદાન્તના **अहंब्रह्मास्मि** શબ્દનો મુખપાઠ કરનારા અને વ્યવહારમાં અનેક પ્રકારના કુતર્ક, વિશ્વાસઘાત, દંભ, પાખંડ છળ કપટથી વર્તનારા, સદ્‌ગુરૂ થઇને પૂજાવવાની લાલસા રાખનારા, ધન કમાઇને તે ધન પરોપકારાર્થે કે. યજ્ઞ યાગાદિકમાં, કે કુવા તળાવમાં, કે દેવાલય શિવાલયમાં કે, દેવ નૈવદ્ય, બ્રાહ્મણ ભોજનાદિ ઉત્તમ કાર્યમાં નહીં વાપરનારા. પોતાના છોકરાંઓને વારસામાં સોંપે તો ધન આપનારાઓના પુન્યનો કેવો ઉદય થયો ગણાય ? ? વા એવા પોપ ગુરૂઓના ગુરૂત્વની પણ કેવી બલિહારી ગણાય ? ? ? ત્યાગ દ્રષ્ટિના સંત પુરૂષો શિવાય સાચો પરમાર્થ માર્ગ દષ્ટિમાં આવતોજ નથી. ગૃહસ્થી ગુરૂઓની આ વ્યાપારની દુકાન તે શામળશાની પેઢી તો નહિ જ. એ પરમ ભકતજનો સારી પેઠે સમજી શકે છે. સંન્યાસ શિવાય તત્વ જ્ઞાનની પરીપૂર્ણતા સમજાતી નથી. ગૃહસ્થની દ્રષ્ટિ કંઇ કંઇ રીતે પણ સ્ત્રી પુત્ર પુત્રીમાં દોરાય એ સહજ સ્વભાવરૂપજ છે. વિષય વ્યાપાર વધારતાં અને દેહાધ્યાસ બુધ્ધિના ભોગો ભોગવતાં જો મોક્ષ થતો હોય તો દેહ સંબંધે વૈરાગ્ય ધારણ કરવાની અને તે એટલે સુધીનો કે આ મૃત્યુ લોકના તમામ પદાર્થો અને સ્વર્ગાદિક લોક સુધીના તમામ પદાર્થો કાકૂવિષ્ટા તુલ્ય સમજવાની શી જરૂર હશે ? ? તેમ વૈદિક સનાતન ધર્મ શ્રેણીમાં ત્રણ આશ્રમો શા માટે ન લખી ગયા ? ? તેમણે ચતુર્થાશ્રમ સંન્યાસ આશ્રમ શા માટે પ્રતિપાદન કર્યો છે ? ? તથા વેદમાં **अन्त्याश्रमस्थ सकलेन्द्रियाणि निरुध्य भक्त्या स्वगुरुं प्रणम्य ॥** ચતુર્થાશ્રમ ધારણ કરી સર્વ ઇન્દ્રિઓને

નિયમમાં રાખી, રોકી તથા ભકિત વડે પોતાના સદ્ગુરૂ પરમાત્માને નમસ્કાર કરીને) આમ વેદનો સિધ્ધાન્ત છે તો ભકતજનોએ શું સમજવું ? ? તથા **वेदान्त विज्ञान सुनिश्चितार्थाः संन्यास योगाद्यतयः शुद्धसत्वाः इ० ॥** (વેદાન્તના લક્ષ્યાર્થ જ્ઞાનથી નિશ્ચય કરેલો છે. પરમાત્મા સંબંધી અર્થ તે જેણે એવા સંન્યાસ યોગને ધારણ કરવા વાળા યતિઓ શુધ્ધ સત્વરૂપ અમૃતત્વને પામે છે) આ શ્રુતિથી " યતીઓ " કોણ ? ? ગૃહસ્થાશ્રમી ને યતિ કહેવાય એવો અર્થ કયાં છે ? ? આ ઉપરથી પરમ ભકતજનોને સમજાશે કે ગૃહસ્થાશ્રમી બ્રાહ્મણો તત્વજ્ઞાનના દાતા સદ્ગુરૂ ગણાવાને કદાપિ પણ યોગ્ય નથીજ નથી. ભલે ગૃહસ્થાશ્રમમાં રહેનારા વિદ્વાન બ્રાહ્મણો શાસ્ત્રના અભ્યાસથી સદ્બોધક વ્યાખ્યાનો કરી ઉપકાર કરે તો તેમને બ્રહ્મશ્રોત્રિય સ્વરૂપે ગણવાને બાધ નથી. પણ બ્રહ્મનિષ્ઠ રૂપી અલંકાર તો માત્ર તત્વજ્ઞાની ત્યાગી સંત સન્યાસીનેજ શોભા આપનાર છે. એમ નિશ્ચય જાણો.

ઉપરની શ્રુતિઓના પ્રમાણનો યથાર્થ આશય શ્રીમદ્ આદ્ય શંકરાચાર્ય મહારાજે તેમનાં રચીત દરેક ભાષ્યોમાં સ્તોત્રોમાં કે સદ્બોધક સ્તવનોમાં સૂચન કરેલો છે. તે સંસ્કારી ભકતજનોની દષ્ટિમાંજ હશે, શંકર દિગવિજયના કર્તા શ્રીમન્માધવ સ્વામી લખે છે કે.

ब्रह्मतद्विदितमप्युपलिप्सुः संप्रदाय परिपालन बुध्या ॥

બ્રહ્મ સ્વરૂપથી જાગ્રત તો હતા. છતાં વેદમાં કહેલું છે કે.

आचार्यवान् पुरुषो वेद तस्य तावदेव चिरं यावन्न विमोक्ष्येऽथ संपत्स्य इति ॥ બ્રહ્મજ્ઞાનને અર્થે સદ્ગુરૂની પાસે જવું. આચાર્યવાન પુરૂષ હોય છે. તેજ બ્રહ્મને જાણે છે. આચાર્યવાન અવિદ્યારૂપ બંધનથી મોકળા થએલા તેને ત્યાં સુધીજ આત્મપ્રાપ્તિનો

વિલંબ છે કે જ્યાં સુધી પ્રારબ્ધનો ક્ષય નથી થયો. જ્યારે પ્રારબ્ધ પુરૂં થયે શરીરનો પાત થાય તે સમયે તે કૈવલ્ય મોક્ષ કે જેને વિદેહ મુક્તિ સ્વરૂપ પરમાત્મા સ્વરૂપ પ્રાપ્ત છેજ, વળી આગળ પણ શ્રીમાન માધવ કહે છે કે—

सोऽधिगम्य चरमाश्रममार्यः पूर्व पुण्य निचयैरधिगम्यम् ॥

પૂર્વે પ્રાપ્ત કરેલા પુણ્યના સમુદાય વડે પ્રાપ્ત થવા યોગ્ય સર્વોત્કૃષ્ટ આ સંન્યાસાશ્રમ શંકરાચાર્યે ધારણ કીધો આથી સિધ્ધ થાય છે. કે પુણ્યના ઉદયમાંજ સંન્યાસની કેટલી ઉત્તમતા છે ! ! તેનો ક્ષણવાર વિચાર કરો.

સંન્યાસના પ્રતિપાદનને માટે એક અલગ ગ્રંથ થાય તેટલો વિષય છે. છતાં ટુંકમાં શ્રધ્ધાવાન પુરૂષને તો એકજ શ્રુતિમાં સમાધાન છે. અને જેને અશ્રધ્ધા છે તેને બ્રહ્મદેવ બોધ કરે પણ તેનું સમાધાન કરવા સમર્થ નથી.

આમ સદ્‌ગુરૂ જીવન્મુક્ત સંત અને પરબ્રહ્મ પરમાત્મામાં એકતા ધરાવનાર ભકતજનો એમ સમજે છે કે અત્યાર સુધી પરોક્ષરૂપે પરમાત્મા પરબ્રહ્મની જે સ્તુતિ સ્તવન પાઠ પુજા કરી છે. તેથી પરમાત્મા પ્રસન્ન થઇને હવે અપરોક્ષ બ્રહ્મદર્શન આપવા માટે જીવન્મુક્ત સંત તત્વવેતા રૂપે પ્રગટ થાય છે. અને ઉદય કાળમાંજ દર્શનરૂપ થાય છે. બાકી ઘરમાં હોય પણ ઉદયકાળ ના આવ્યો હોય તો તેવા પોતાના ગામમાં રહેનારા તત્વજ્ઞાનીને ઓળખી શકતા નથી. જ્યારે ઉદય સંસ્કારો પ્રગટ થાય ત્યારે ઓળખાય છે. અને તેવા સમયે પસ્તાવો પણ થાય છે કે અરે ! ! ! અત્યાર સુધી ઓળખ્યા

નહિ. અથવા અજાણપણાથી આપણી દેહાધ્યાસ બુદ્ધિથી તેમને માથે મિથ્યા આરોપો મુકયા–તેમને દોષી જાણ્યા. પણ તે તો સદાએ મુકત જ છે. અગ્નિ નિર્દોષ જ છે. આત્મા સદાએ પવિત્ર જ છે. એમ સમજી પાછળથી ઓળખતાં અત્યંત પ્રેમ બુદ્ધિથી પોતાના જ પરમાત્મા સદ્‌ગુરૂ રૂપે સેવાથી સંત સમાગમ કરી તત્વજ્ઞાનની પ્રાપ્તિ કરે છે. અને સંસારમાંથી મુકત થાય છે.

આવા સુભક્ત સજ્જનો પોતાના સદ્‌ગુરૂ પરમાત્માને શોડષોપચારથી કે શતોપચારથી કે મહા સુગંધી દ્રવ્યથી પોતાની ઇચ્છામાં આવે તેવા ઉપચારોથી સેવા કરવાને તેમને પરમ અધિકાર છે. પોતાના સદ્‌ગુરૂ પરમાત્માને ગમે તેવાં લાડ લડાવે, વા પોતાના ગુરૂને માટે ભકત ગમે તે પદાર્થો ધરે. તેમાં વિશેષ શું !!! કેમકે આ સર્વ ત્રૈલોક્યના પદાર્થો શ્રી ગુરૂ મહારાજના જ છે તેના માલીક ગુરૂમહારાજ જ છે. તો પછી અર્પણ કરનાર પણ કોણ છે ? ! અને સદ્‌ગુરૂ પરમાત્માને અપેક્ષા પણ શું ? ? કેમકે તે સદાએ નિર્મુકતજ છે. એતો ભકતની ભક્તિનુંજ પ્રમાણ છે.

સદ્‌ગુરૂ પરમાત્મા એક અને અદ્વિતીયજ છે. નિર્મુકત જ છે. નિર્મળજ છે. દેહ છતાં પણ દેહાતીત છે. શુદ્ધ અને પરમ પવિત્ર છે નિર્વિકાર છે નિરંજન છે, ચૈતન્ય ઘન છે. સત્ય નિત્ય સ્વરૂપ છે. જેમના મહત્વનો નિર્ણય કરતાં એમ સમજાય છે કે જ્યાં આકાશ છત્ર ધરે છે, વાયુ પંખો કરે છે. અગ્નિ મશાલ ધરે છે, શાસ્ત્ર છડી પુકારે છે. પુરાણો ચમર ઢોળે છે. આવા મહા વૈભવને ભોગવતા સદ્‌ગુરૂ પરમાત્માનો મહિમા **यतोवाचो निवर्तंते अप्राप्य मनसा सह** ॥ ઇત્યાદિ શ્રુતિઓ વર્ણવી શકવા શક્તિમાન નથી.

એમ ભક્તજનોના કલ્યાણને માટે જ પરમાત્મા પરબ્રહ્મ સંત સ્વરૂપ જીવનમુક્ત તત્વજ્ઞાની છે. આવી સદ્‌ગુરૂ ઉપાસના મુમુક્ષુ ભક્ત જનોને કરવાની છે, જેથી મોક્ષ જ્ઞાનની પ્રાપ્તિ થાય છે. એ વાત નિઃસંદેહ છે.

આવી વેદની મર્યાદાને સ્પષ્ટ રીતે સમજાવવાનો પરમાર્થ વિચાર શ્રીગુરૂકૃપાથી ઉત્પન્ન થતાં આ "**गुरुगीता**" કે જે તત્વજ્ઞાનમાં અતિ ઉતમોતમ અને ગુરૂભક્તિ કરનાર ભક્તજનોને અમૃત સમાન સુખદાતા જ્ઞાનમોક્ષ સ્વરૂપ છે. અને જેનો વિસ્તાર શ્રીપરમપાળુ કૈલાસવાસી **શ્રીમહાદેવજીએ** પારવતી પ્રત્યે સ્કંધપુરાણમાં વર્ણવ્યો છે તે **ગુરૂગીતા.** અર્થ સાથે ગુરૂ સેવાના પ્રેમી ભક્તોને માટે પ્રસિદ્ધ પણે પ્રકાશને પામે છે. તો એવા વેદાન્ત વિલાસી પરમ માહેશ્વર, મોક્ષ જ્ઞાનના અભિલાષી બ્રાહ્મણ ક્ષત્રિયઆદિ ઉતમ સજ્જન બંધુઓ **હંસો યથા** સ્વરૂપથી નિત્ય પાઠ કરી હૃદયમાં ગુરૂ ભક્તિની વૃદ્ધિ કરી. સારગ્રાહી બની પોતાની જીવનમુક્ત દશાને જાણશે. એજ આશિર્વાદ.

ભાષાંતર કર્તા.



श्री प. प. स्वामिश्री विनायक
योगीमहाराज–लुणावाडा.

G. P. Press: Ahmedabad.

ॐ श्री गणेशायनमः

બીજી આવૃત્તિની પ્રસ્તાવના.

શ્રી ગુરૂગીતાની બીજી આવૃત્તિ બહાર મુકતાં બહુજ હર્ષ થાય છે. સ્વધર્મ મર્યાદાનો બહોળો ફેલાવો થતાંજ ધાર્મિક ગ્રંથની શુભેચ્છા જનસમૂહમાં ઉત્પન્ન થતી જોઇને તેને છપાવવાની ઘણીજ ઉત્કંઠા હતી. પણ કાગળોની અત્યંત મોંઘવારીના ત્રાસથી પાંચ સાત વર્ષ નીકળી ગયાં શ્રી ગુરૂ કૃપાથી સમયાનુસાર કાગળોના કંઇક રીતે મોંઘવારીના ભાવ ઉતરતાં પુનઃ ઉત્કંઠા થઇ અને અતિ પ્રેમથી સમયને માન આપી શ્રીમન્મહારાજાધિરાજ માહારાણા શ્રી મહારાજ કુંવરસાહેબ શ્રી ૧૦૮ શ્રી **ભવાનીસિંહજી** મહારાજના ધાર્મિક ઉપકારની ઉદારતાનાં દર્શન કરવા પ્રભુ કૃપાથી બુદ્ધિ પ્રેરાઇ—શ્રી ક્ષત્રિય વીરધીર ઉદાર યુવરાજ શ્રીમંતની શુભેચ્છા સ્વધર્મ પ્રત્યે ખેંચાઇ અને "**गुरुगीता**" છપાવવા હર્ષ સાથે ઉદાર આશ્રય આપવાનો નિશ્ચય થતાં પોતાના ખાનગી મંત્રી નડીયાદના વતની રા. રા. છગાભાઇ નાથાભાઇ દેશાઇને આ **ધર્મસ્હાય** સુવિચાર જણાવવા માટે આજ્ઞા થઇ, જેથી આ પુસ્તક જલદી બહાર આવી શકયું છે.

ખરેખર આ **ભારતાંતર** ગુજરાત સૌરાષ્ટ કચ્છાદિકના રાજ્ય કર્તા મહારાજાધિરાજ રાણા મહારાણા ક્ષત્રિય ભૂપતિ પુરૂષો અને શ્રીમંત મહારાજ યુવરાજ કુમારોશ્રી ભાયાતો, ઠાકોરો, સામંતો આદિ નાના મોટા ક્ષત્રિય વિરધીર પુરૂષોના બહોળા ખર્ચનો પાર નથીજ નથી. રાજ્ય ઉપજની મર્યાદાપુર્વક ખર્ચ થયાજ કરે છે. તેમ સનાતન ધર્મમર્યાદાનું સેવન કરનારા પણ ઘણાજ નૃપતિ પુરૂષો અને માહારાજ કુમાર શ્રીમંતો પણ છે. છતાં બાળપણથીજ તેમને

પોતાના ક્ષાત્ર ધર્મનું અને પોતાના કલ્યાણરૂપ સ્વધર્મ મર્યાદાનું પાલન કરવામાં તેમના અંગીભૂત (અત્યંત પાસે રહેનારા મંત્રી વિ.) પુરૂષો જો ધર્મિષ્ટ હોય છે. તો તેઓ રાજકુમારોને સહાયભૂત થતાં તે નૃપતિ કુમારો સ્વધર્મ બળના ઉત્સાહી, અતિ ઉદારતાની રીતે ધર્મ સહાયતા—સંતસમાગમ, બ્રહ્મવિદ્યાના ભાગી બની જનસમાજ રૂપ પ્રભુસેવા સ્વિકારે છે એ સ્તુતિપાત્ર છે. અર્થાત્ સ્વધર્મિ મંત્રીઓના સહવાસ અને સંગથી રાજકુમારોને પુષ્ટિ મળતાં પોતાના ધનનો સદ્‌પયોગ કરવા તુરતજ જાગૃત થાય છે. એજ પ્રભુકૃપા જાણવી.

આ ગુરુગીતાનો સદ્‌પદેશ પ્રથમજ એટલે સૃષ્ટિના આરંભ કાળમાંજ શ્રીમન્માહાદેવજીએ આજગદંબા પાર્વતી પ્રત્યે કરેલો છે. પછી તેનો વિસ્તાર આ પૃથ્વીમાં પ્રકાશમાન થયો. આ સદ્‌બોધ સ્કંધપુરાણમાં પ્રસિદ્ધ છે. પુરાણોના કર્તા વ્યાસ નારાયણની અગાધ અપરંપાર બુદ્ધિના ઉપકારનો બદલો વાળવા મનુષ્ય સમર્થ નથીજ નથી. પરમાત્માની પ્રાપ્તી માટે બ્રહ્મવિદ્યાના મુળતત્વોને સરળ સમજ્વાની રીતે પુરાણ ઇતિહાસની વાર્તારૂપે સમજાવવાનો પ્રયત્ન સામાન્ય બુદ્ધિના માણસોને પણ સફળતા ઉત્પન્ન કરે છે. તૂર્યબ્રહ્મપાદનો યોગીશ્વર શ્રીમાહાદેવ શંકરના હૃદયમાં રહેલું તૂર્યાતીત બ્રહ્મસ્વરૂપ સદ્‌ગુરૂ પરમાત્મા ગણનાથનું જ્ઞાન તૂર્યપાદની શુદ્ધ સાત્વિકી માયાને સમજાવવા રૂપે જે ગુપ્તજ્ઞાન અમૃતજ્ઞાન અથવા ગુરૂગીતા રૂપે વિસ્તારરૂપ થતાં મનુષ્ય સમૂહને પ્રભુરૂપનાં દર્શન કરાવે છે. એ વ્યાસની વિશાળ બુદ્ધિયોગની મહત્તા કંઇ જેવી તેવી નથી.

શ્રી જગદંબા પાર્વતીજીએ એક વખત પ્રશ્ન કીધો છે કે—

शिवत्वं सर्वदेवानां नागानां रक्षसां तथा ॥
मानवानां च सर्वेषां पूज्यः स्वामि न संशयः ॥

त्वं किं समाधिना देव ध्यायसे मां वद प्रभो ॥
त्वतः परतरं किंचिन्नदृष्टं नैव संश्रुतं ॥ मु. त्वं ॥१॥

હે સદાશિવ !! તમે સર્વ દેવોના, તેમ નાગો, તેમ રાક્ષસોના, તેમ માનવોના આદિ સર્વેના પૂજ્ય સ્વરૂપ સ્વામી છો એમાં શંકા નથી. તેમજ તમારાથી પરતર કોઇ દેખાતું નથી તેમ સાંભળ્યું નથી. છતાં તમો સમાધી કરી સમાધી સમયે કોનું ધ્યાન કરો છો, તે કૃપા કરી કહો.

આવી રીતે અતિ પ્રેમપૂર્વક પૂછ્વાથી શંકર કહેવા લાગ્યા કે.—

श्रृणु प्रिये प्रवक्ष्यामि यंध्यायामि दिवानिशं ॥
गणेशं हृदि संस्थंमे स्वानंदवासिनंपरं ॥
साकारं च निराकारं तस्मिन्देवि न विद्यते ॥
मनोवाणी विहीनं न मनो वाणी मयं न वै ॥ मु. त्वं. १

હે પ્રિયે !!! હું જેમનું દિનરાત્રી ધ્યાન કરૂં છું તે તત્વ ગણેશ છે. અને તે મારા હૃદયમાં સદાકાળ સ્થીત પરમાત્મા સ્વરૂપ અને સ્વાનંદવાસી છે. એટલે પોતાના આનંદમાં પોતાના આનંદ સ્વરૂપેજ વસી રહ્યા છે. કે જે ગણેશ સાકાર પણ નથી અને નિરાકાર પણ નથી અર્થાત્ સાકારનિરાકારથી પરે છે. અને જે ગણેશ તત્વ મન વાણી રહિત પણ નથી અને મનવાણીમય પણ નથી. એવું તે વાણી મનથી પરે તૂર્યા સ્વરૂપ સદાશિવને ધ્યાન કરવા સરખું છે. આવી જ રીતે એક સમયે નંદિકેશ્વરે પણ સદાશિવને પુછ્યું કે—

ईशस्ते नाम विख्यातं सर्वेशत्वात्सदाशिवः ॥
तवेशो नैव वेदेषु त्वमेकः सर्व भावनः ॥

किं मोहार्थं जनानां च पार्वत्या सह शंकर ॥
भजसे गणनाथं त्वं शैव गूप्तत्व कारणात् ॥
मा कुरुष्व वृथा स्वामिन् गणेशभजनं कदा ॥
शैवानां मोहदं देव व्यभिचार पदप्रदम् ॥ मु. खं. ८

હે સદાશિવ !!! તમારૂં ઇશ્વર એવું નામ વેદને વિષે વિખ્યાત છે. અને તેથી તમોજ સર્વેશ્વર છો. તેમ વેદને વિષે તમારો કોઇ ઇશ્વર નથી તમો એકજ સર્વભાવથી છો. હે પાર્વતીપતિ શંકર !!! મનુષ્યોને મોહ શા માટે કરો છો?! અને તમો ગણુનાથને કેમજ ભજો છો. તેથી લોકને મહામોહ થાય છે–માટે હે સ્વામિન્ !!! ગણેશનું ભજન કરવું વૃથા છે કેમકે—

वेदे शिवसुतः प्रोक्तो गणेशो नात्र संशयः ॥
त्वं कथं भजसे नाथ स्वपुत्रं स्वामिनं यथा ॥

વેદોમાં "**शिवसुताय**" એમ વર્ણવેલું છે. એમ ગણેશજીને શિવસુતરૂપે વર્ણવેલા છે. ત્યારે હે શંભો !!! પોતાના પુત્રને શા માટે ભજો છો. તમો પીતા રૂપે હોવાથી તમો ભજન કરવા સ્વરૂપ છો. એવાં નંદિકેશ્વરનાં વચન સાંભળીને મહાદેવજી કહે છે કે—

न जानासि गणेशानं नंदिस्त्वं मत्परायणः ॥
तस्याहं गण रूपश्च पश्य वेदे विचक्षणः ॥
गणाः समूह रूपाश्च नंतास्तस्य महात्मनः ॥
इशानां वै समूहेहं गणो गणपतेः स्मृतः ॥

एक एव गणेशानः सर्वे तस्यं गणाः स्मृताः ॥
ब्रह्मा काराश्च विश्वाकारा ब्रह्मेशस्य मानद ॥

હે નંદીશ્વર !!! તું ગણેશ સ્વરૂપને જાણુતો નથી. તું ફક્ત મત્પરાયણ છે. હે વિચક્ષણ !!! વેદમાં તું જો કે હું પણ તે ગણેશનો ગણ સ્વરૂપ છું. ગણ એ સમૂહવાચક ભાવનો અર્થ છે. અને તે અનંતસ્વરૂપ ગણો છે અને તેમાં હું પણ એક ગણ છું. એમ સર્વ અનંત સ્વરૂપ ગણોના ઇશ સ્વરૂપે તે યોગરૂપ ગણેશ છે. માટે એક સ્વરૂપ એજ ગણેશ છે. અને હું તથા બ્રહ્માવિષ્ણુ-આદિ અનંત દેવો વિગેરે સર્વ ગણો છીએ. એમ તે ગણેશ બ્રહ્માકાર સ્વરૂપે વિશ્વાકાર ગણેશજ છે. વળી

विद्याधिशोहमेकश्च कथितो वेदवादिभिः ॥
योग विद्यां मयाश्रित्य गणेशः प्रकटी कृतः ॥
समाधिजं परब्रह्म तदेव पुत्र उच्यते ॥
अतः समाधि जो योमे गणेश पुत्रतां ययौ ॥

હે નંદિકેશ્વર !! **इशानः सर्वविद्यानां** આ શ્રુતિ પ્રમાણથી હુંજ વિદ્યાધીશ્વર સદાશિવજ છું. અને તેથીજ તે યોગવિદ્યાના આશ્રયથી હુંજ ગણેશજીને પ્રકટ કરૂં છું. આ યોગવિદ્યાએ હું સમાધિમાં મારા હૃદયમાં તે ગણેશને પ્રકટ કરૂં છું. તેથી તેને વેદમાં મારો પુત્ર મારા હૃદયમાં ઉત્પન્ન થયેલો માન્યો છે. કેમકે જે ઇષ્ટ કુળદેવતા તૂર્યાતિત સ્વરૂપ ગણેશ તે મારી સમાધિમાં ઉત્પન્ન થાય તેથી તે કદાપી મારો પુત્ર મનાય તો પણ તે ખોટું તો નથીજ નથી. સમાધિમાં ઉત્પન્ન થતો પણ તે મારો ઇષ્ટ છે. અને તેજ પુત્રરૂપે મને

સંસારરૂપ નરક યાતનાથી એટલે તે મિથ્યા અહંરૂપ ઇશ્વરના અભિમાનરૂપ નર્કથી તે મારા ઇષ્ટ તારક છે. તેથી તૂર્યાતિત છે. એટલે આ પુત્રયોનિજ નથી પણ સમાધિજ છે. આ વાત ન સમજનારા જનો ગણેશજીને પુત્રરૂપ સંસારના પુત્ર સરખો માને તે બહુજ વિચિત્ર છે.

अचोहं योगरूपंतं ब्रह्मेशं ब्रह्म वंदितं
भजामि स्वामिनं दासो नैव मोहार्थ मादरात् ॥

એટલાજ માટે હું યોગરૂપ વડે તે ગણેશને બ્રહ્મોના ઇશ-બ્રહ્મોના પતિ સ્વરૂપે **બ્રહ્મણસ્પતિ** સ્વરૂપે વંદન કરૂં છું. અને હું તેમનો દાસ છું અને તેઓ મારા સ્વામી-ગણપતિ છે તેથી મોહના આદરથી હું તેમને પુત્રરૂપે ભજતો નથી. પણ સ્વામીને કલ્યાણ કર્તારૂપે સમાધિમાં ઉત્પન્ન કરી તેઓને ભજુ છું.

कुलदेवो गणेशानस्मार्क ते नात्र संशयः ॥

તે શ્રીગણેશજી અમારી કુલદેવતા છે. એમાં કંઇ શંકા નથી. વિગેરેથી હવે સમજાશે કે તે ગણેશતત્વ તૂર્યાતત્વરૂપ શિવપદથી પરે સ્વામી સ્વરૂપે તૂર્યાતીત બ્રહ્મણસ્પતિ છે-તેનું જ્ઞાન શ્રીપાર્વતી પ્રત્યે મહાદેવજીએ કહેલું છે-અને તેજ આ ગુરૂગીતા છે.

માત્ર ભક્તજનોના કલ્યાણાર્થ આ વિષય પ્રસિદ્ધ કરી આ સર્વ સેવા શ્રી બ્રહ્મણસ્પતિ ચર્ણમાં સમર્પણ છે.

ૐ વિનાયકયોગી.

श्री सद्गुरु चरण कमलेभ्यो नमो नमः ॥१॥

॥ पूजा प्रयोगः ॥

દ્વિજ (ત્રિવર્ણ) બંધુઓએ પોતપોતાના વર્ણાશ્રમ ધર્મ મર્યાદા પુર્વક યથાર્થ રીતે શ્રદ્ધાપૂર્વક નિત્યકર્મથી પરવારી ભૂશુદ્ધિ ભૂત શુદ્ધિ, પ્રાણપ્રતિષ્ઠા, અંતર માતૃકા, બહિર માતૃકાદિન્યાસ કરી પછી વૈદિક મર્યાદાપૂર્વક ૐકાર સ્વરૂપ પંચાયતન પરબ્રહ્મ પરમાત્મા (શ્રી ગણેશ, શિવ, વિષ્ણુ, સૂર્ય શકિત) ની શોડષોપચાર વિધિથી યથા શ્રદ્ધાપૂર્વક, પ્રેમ ભકિતથી પુજન કરવું.

પછી બ્રહ્મવિદ્યાજ્ઞાન જાણનાર અધિકારી મુમુક્ષુ ભક્ત સજ્જનો કે જેઓ વિવેક વૈરાગ્ય, શમદમાદિ ષટસંપત્તિ યુક્ત, મોક્ષ જ્ઞાન મેળવવાને સદ્ગુરૂ ચર્ણકમલની ઉપાસનાના અધિકારી બન્યા છે, કે જેઓ પોતાની યથાર્થ બુધ્ધિથી દયા, ક્ષમા, આર્જવ, નીતી, સદાચરણ, ધૈર્યતા, પ્રેમ ભકિત, ગુરૂસેવા, પરોપકાર આદિ સાત્વિક વૃત્તિના ધર્મો પાલન કરે છે. પ્રપંચથી ઓસરે છે. અસત્યનો ત્યાગ કરે છે, નિંદારૂપી નર્ક દુર્ગંધીથી સદાએ દૂર વસે છે. હમેશાં સંત સમાગમમાં શાસ્ત્ર શ્રવણ કરે છે. એવા સર્વવ્યાપક પરમાત્માને જાણવા માટે જીવન્મુક્ત સદ્ગુરૂ મહારાજથી પરબ્રહ્મ પદમાત્મા સ્વરૂપે ઉપાસના કરે છે તેઓએ આ પવિત્ર જ્ઞાનમાર્ગ ધારણ કરવા સદ્ગુરૂ જીવન્મુક્ત બ્રહ્મનિષ્ઠ સંત મહાત્માની પાસેથી ગુરૂ દિક્ષાપૂર્વક તારક મહામંત્રનો ઉપદેશ લેવો જોઇએ. એમ શાસ્ત્ર મર્યાદા પાલન કરી પછી નીચે પ્રમાણે સંકલ્પ કરવો.

अस्य श्री गुरु गीता मालामंत्रस्य ॐ सदाशिव ऋषिः । विराट् छंदः । श्री सद्गुरु परमात्मा देवता । हं बीजं सः शक्तिः ।

सोहं किलकं । श्री सद्गुरु कृपाप्रसाद सिद्धयर्थे जपे विनियोगः ।

ઉપર પ્રમાણે સંકલ્પ મૂકી પછી, ऋष्यादिन्यासं कुर्यात् ઋષ્યાદિ ન્યાસ નીચે પ્રમાણે કરવા.

ॐ सदाशिव ऋषये नमः शिरसि ॥ ॐ विराट् छंदसे नमः मुखे ॥ ॐ श्री सद्गुरु परमात्मा देवतायै नमः हृदि ॥ ॐ हं बीजाय नमः मूलाधारे ॥ ॐ सः शक्तयै नमः पादयोः ॥ ॐ सोहं किलकाय नमः सर्वांगे ॥ इति.

એ પ્રમાણે ઋષ્યાદિ ન્યાસ કરી પછી કર હૃદયાદિ ષડંગ ન્યાસ નીચે પ્રમાણે કરવા—

ॐ हं सां सूर्यात्मने अंगुष्टाभ्यां नमः ॥ ॐ हं सीं सोमात्मने तर्जनीभ्यां नमः ॥ ॐ हं सुं निरंजनात्मने मध्यमाभ्यां नमः ॥ ॐ हं सैं निराभासात्मने अनामिकाभ्यां नमः ॥ ॐ हं सौं अतनुसुक्ष्मात्मने कनिष्ठिकाभ्यां नमः ॥ ॐ हं सः ज्ञानात्मने करतल करपृष्टाभ्यां नमः ॥

ઉપર પ્રમાણે કરન્યાસ કરીને હૃદયાદિ ન્યાસ નીચે પ્રમાણે કરવા—

ॐ हं सां सूर्यात्मने हृदयाय नमः ॥ ॐ हं सीं सामात्मने शिरसे स्वाहा ॥ ॐ हं सुं निरंजनात्मने शिखायै वषट् ॥ ॐ हं सैं निराभासात्मने कवचाय हुं ॥ ॐ हं सौं अतनुसुक्ष्मात्मने नेत्रत्रयाय वौषट् ॥ ॐ हं सः ज्ञानात्मने अस्त्राय फट् ॥ इति ॥

॥ अथ ध्यानम् ॥

॥ हंसो गणेशो विधिरेव हंसो, हंसो हरिर्हंसमयश्च शंभुः ॥
॥ हंसोह जीवः परमात्मा हंसो, हंसोयमात्मा गुरुरेव हंसः ॥
हकार शिव रुपेण सकारः शक्ति रुच्यते ॥
हंस हंसेति योब्रूया ज्जीवो जपति सर्वदा ॥

ॐ ब्रह्मरंध्रे सहस्त्र दल कमले विद्युत्प्रभा सदृश कर्णिकायां हंसः सोहं स्वाहा तन्मध्ये मोक्षाधिपती परमात्मने स्व प्रकाश रूपं श्री सद्गुरुं ध्यात्वा ॥

એ પ્રમાણે બ્રહ્મરંધ્રમાં સહસ્ત્ર દલકમલમાં વિરાજમાન વિજળીના જેવી કાન્તિવાળા મોક્ષ આપવાને સમર્થ સ્વપ્રકાશ પરમાત્મા સદ્ગુરૂનું ધ્યાન કરવું.

પછી સદ્ગુરૂ પરમાત્મા સ્વરૂપને પોતાના હૃદયસ્થાનમાં સ્થિત જાણી તેમની પંચોપચાર પુજા શ્રધ્ધાપૂર્વક કરવી—અને માનસિક પુજા નિચે પ્રમાણે કરવી.

ॐ हंसः सोहं सद्गुरु परमात्मने लं भूम्यात्मकं गंधं समर्पयामि.

(એમ બોલી પોતાના કલ્પિત દેહના પંચભૂતમાંના પૃથ્વીતત્વની ગંધરૂપ કલ્પના સહિત તે અહં મમત્વના ઊત્થાનની પૃથ્વીતત્વની ભાવના શ્રીસદ્ગુરૂ ચર્ણમાં અર્પણ કરવી.)

ॐ हं सः सोहं सद्गुरु परमात्मने हं आकाशात्मकं पुष्पं समर्पयामि.

(એમ બોલી પોતાના કલ્પિત દેહના આકાશતત્વની પુષ્પરૂપ કલ્પના સહિત તે અહં મમત્વના ઉત્થાનની આકાશ તત્વની ભાવના શ્રીસદ્ગુરૂ ચર્ણમાં અર્પણ કરવી.)

ॐ हंसः सोहं सद्गुरु परमात्मने यं वायव्यात्मकं धुपं समर्पयामि.

(એમ બોલી પોતાના કલ્પિત દેહના વાયુતત્વની ધુપરૂપ કલ્પના સહીત તે અહં મમત્વના ઉત્થાનની વાયુતત્વની ભાવના શ્રીસદ્ગુરૂ ચર્ણમાં સમર્પણ કરવી.)

ॐ हंसः सोहं सद्गुरु परमात्मने यं अग्न्यात्मकं दिपं समर्पयामि.

(એમ બોલી પોતાના કલ્પિત દેહના અગ્નિતત્વની દીપરૂપ કલ્પના સહિત તે અહંમમત્વના ઉત્થાનની અગ્નિતત્વની ભાવના શ્રીસદ્ગુરુ ચર્ણમાં સમર્પણ કરવી.)

ॐ हंसः सोहं सद्गुरु परमात्मने वं अमृतात्मकं नैवेद्यं समर्पयामि.

એમ બોલી પોતાના કલ્પિત દેહના જળતત્વની અમૃતરૂપ કલ્પના સહિત તે અહં મમત્વના ઉત્થાનની જળતત્વની ભાવના શ્રી સદ્ગુરૂ ચર્ણમાં સમર્પણ કરવી.)

ॐ हंसः सोहं सद्गुरु परमात्मने सं सर्वात्मने तांबुलादि सर्वोपचारान् समर्पयामि.

(એમ બોલી પોતાના કલ્પિત દેહના અંતઃકરણ, પંચપ્રાણ-ઉપપ્રાણ, વિષય વિગેરેની તાંણુલાદિની કલ્પના સહીત તે અહંમમત્વના ઉત્થાનની સર્વાત્મક તત્વની ભાવનાથી સદ્ગુરૂ ચર્ણમાં સમર્પણ કરવી.)

એ પ્રમાણે અહંમમત્વ સાથે પોતાના કલ્પેલા દેહ અને તેના સંબંધી તમામ વ્યવહાર સહીત શ્રીસદ્ગુરૂ ચર્ણમાં અર્પણ કરવાથી નિરાભીમાન સ્થિતી થાય છે. આ નિરાભીમાન સ્થિતી જ મોક્ષતાને પ્રકાશ કરવામાં ઉત્તમોત્તમ છે.

પછી સદ્ગુરૂ પંક્તિને નીચે પ્રમાણે નમસ્કાર કરવા.

ૐ श्री गुरुभ्यो नमः ॥ ૐ श्री परम गुरुभ्यो नमः ॥ ૐ श्री परमात्मा गुरुभ्यो नमः ॥ ૐ श्री परात्पर गुरुभ्यो नमः ॥ ૐ श्री परमेष्टि गुरुभ्यो नमः એમ બોલી ડાબી બાજુએ નમસ્કાર કરવા. પછી.

ૐ गं गणपतये नमः । એમ બોલી દક્ષિણ બાજુએ નમસ્કાર કરવા. પછી

ૐ श्री सद्गुरुवे नमः । એમ બોલી મધ્યમાં નમસ્કાર કરવા. પછી સદ્ગુરૂ પરમાત્મા સંત જીવન્મુક્ત મહારાજથી દિક્ષા સમયે પ્રાપ્ત થયેલો તારક મંત્રનો યથા શક્તિ જાપ કરવો. અને સંકલ્પપૂર્વક તે જાપ શ્રીગુરૂચર્ણમાં સમર્પણ કરવો.

अनेन यथा संख्याकान् तारक गुरुमंत्र जपाख्यायेन कर्मणा तेन श्री सद्गुरु परमात्मा प्रियतां नमम ॥

ૐ तत्सत् ब्रह्मार्पणमस्तु ૐ ૐ ૐ ॥

यस्या स्मृत्या च नामोक्त्या तपो यज्ञक्रियादिषु
न्यूनं संपूर्णतां याति सद्यो वंदेत मच्युतम् ॥ ॥ ॐ ॥

પછી નિચેના મંત્રાથી શ્રીસદ્‌ગુરૂ પરમાત્માને નમસ્કાર કરવા.

ॐ अखंड मंडलाकारं व्याप्तंयेन चराचरम् ।
तत्पदं दर्शितं येन तस्मै श्री गुरुवेनमः ॥ १ ॥
अज्ञान तिमिरांधस्य ज्ञानांजन शलाकया ॥
चक्षुरुन्मीलितं येन तस्मै श्री गुरुवे नमः ॥ २ ॥
नमोस्तु गुरुवे तस्मै इष्टदेव स्वरूपिणे ॥
यस्या वागमृतं हंति विषं संसार संज्ञिकम् ॥ ३ ॥
त्वत्प्रसादादहं देव कृतकृत्योस्मि सर्वतः ॥
मायामृत्यु महापाशा द्विमुक्तोस्मि शिवोस्मि च ॥ ४ ॥

ॐ शान्तिः शान्तिः शान्तिः ॥





॥ श्री लक्ष्मीविनायकाय नमोनमः ॥

॥ श्री गुरुगीता प्रारंभः ॥

॥ ऋषयः उचुः ॥

गुह्यात् गुह्यतरं सारं गुरुगीता विशेषतः ॥
त्वत्प्रसादाच्च श्रोतव्या तत्सर्वं ब्रुहि सूत नः ॥१॥

ઋષિઓ પુછતા હવા-હે સુત ! ! ગુહ્યમાં પણ ગુહ્ય પરમાત્મા તત્વના સારભૂત એવી ગુરૂગીતા તમારી કૃપાથી વિશેષ કરીને સાંભળવાની ઇચ્છા છે. તે અમોને કૃપા કરીને કહો.(૧)

॥ सूत उवाच ॥

कैलास शिखरे रम्ये भक्ति साधन हेतवे ॥
प्रणम्य पार्वती भक्त्या शंकरं परिपृच्छति ॥२॥

સુત પુરાણી બોલતા હવા—હે મુનીઓ !!! રમણિક એવા કૈલાસ પર્વતના શિખરને વિષે પ્રેમભક્તિ સાધનના હેતુપૂર્વક તેજ ભક્તિ થકી પાર્વતિ શંકર પ્રત્યે નમસ્કાર પૂર્વક પુછવા લાગ્યાં. (૨)

॥ पार्वत्युवाच ॥

ॐ नमो देवदेवेश परात्पर जगद्गुरो ॥
सदाशिव महादेव गुरुदीक्षां प्रयच्छमे ॥३॥

પાર્વતિ પુછે છે—હે દેવોના પણ દેવ !!! હે પરાત્પર જગતના ગુરુસ્વરૂપ, હે સદાશિવ, હે મહાદેવ, મને ગુરૂદીક્ષાની અપેક્ષા છે. (૩)

भगवन् सर्व धर्मज्ञ व्रतानां व्रतनायकम् ॥
ब्रुहिमे कृपया शंभो गुरु महात्म्यमुत्तमम् ॥४॥

હે સર્વ ધર્મને જાણવા વાળા શંકર—સકલ વ્રતોને વિષે શ્રેષ્ઠ એવા ઉત્તમ સદ્ગુરૂ મહાત્મ્યને કૃપા કરીને મને કહી સંભળાવો. (૪)

केन मार्गेण भोः स्वामिन् देहि ब्रह्ममयो भवेत् ॥
तत् कृपां कुरुष्वे स्वामिन् नमामि चरणौ तव ॥५॥

હે સ્વામિન્ !! ક્રિયા માર્ગ વડે દેહનો અભિમાની (જીવાત્મા) દેહી તે બ્રહ્મમય થાય છે. તે માર્ગ કૃપા કરી મને સમજાવો. તમારા ચર્ણારવિંદમાં નમસ્કાર કરૂં છું. (૫)

॥ श्री महादेव उवाच ॥

यस्य देवे पराभक्ति यथा देवे तथा गुरौ ॥
तस्यै ते कथिता ह्यर्थाः प्रकाशन्ते महात्मनः ॥६॥

મહાદેવ કહે છે—જેની દેવને વિષે ઉત્કૃષ્ટ ભક્તિ છે તે જેમ દેવને વિષે તેમ ગુરૂને વિષે ઉત્કૃષ્ટ ભક્તિ છે તેવા મહત્ પુરૂષોને આ ગુપ્ત અર્થો પ્રકાશ પામે છે. અર્થાત્ જે દેવ છે તેજ સદ્ગુરૂ છે અને જે જીવનમુક્ત સંતયોગી છે તેજ પરમાત્મા દેવાધિદેવ છે. એમ અભેદ સ્વરૂપ સમજનારને આ વેદના ગુપ્ત અર્થો પ્રકાશને પામે છે આ મંત્ર શ્વેતાશ્વતર ઉપનિષદનો છે. (૬)

मम रूपासि देवित्वं त्वत् भक्त्यर्थं वदाम्यहम् ॥
लोकोपकारकः प्रश्नो न केनापि कृतः पुरा ॥७॥

હે દેવી !! તું મારૂં સ્વરૂપ છે. તેટલાજ માટે હું તારી પરમ ભક્તિને માટે કહું છું. આ તારો પ્રશ્ન લોકોના ઉપકાર સ્વરૂપ છે. કે જે કોઇએ પણ અત્યાર સુધી પુછ્યો નથી. (૭)

यो गुरुः स शिवः प्रोक्तो यः शिवः सगुरुः स्मृतः ॥
विकल्पं यस्तु कुर्वीत स नरो गुरु तल्पगः ॥८॥

જે ગુરૂ છે તેજ ઇશ્વર છે જે ઇશ્વર છે તેજ સદ્ગુરૂ છે. તે ઉભય ઐકય સ્વરૂપ પરમાત્મામાં જે ભેદાભેદ કરે છે તે મનુષ્યને ગુરૂ શય્યામાં પગ મુકયાનું પાપ લાગે છે. (૮)

दुर्लभं त्रिषु लोकेषु तत् शृणुस्व वदाम्यहम् ॥
गुरुं ब्रह्म विनानान्यत् सत्यं सत्यं वरानने ॥९॥

ત્રણ લોકને વિષે દુર્લભ એવું કહું છું તે તું સાંભળ કે હે પાર્વતી !! સદ્ગુરૂ બ્રહ્મ વિના અન્ય કાંઇ પણ નથી. એ સત્યતાપૂર્વક સત્યજ કહું છું, (૯)

वेद शास्त्र पुराणानि इतिहासादिकानि च ॥
मंत्र यंत्रादि विद्यानां स्मृति रुच्चाटनादिकम् ॥१०॥
शैव शाक्तागमादिनी ह्यन्ये च बहवो मताः ॥
अपभ्रंशः समस्तानां जीवानां भ्रान्त चेतसाम् ॥११॥

વેદ, શાસ્ત્ર, પુરાણો, ઇતિહાસાદિ મંત્ર યંત્ર વિદ્યાઓ અને સ્મૃતિઓ તથા ઉચ્ચાટનાદિકના પ્રયોગો, તેમ શૈવ શાકતાદિ શાસ્ત્રોના ઘણા મતો છે. અને તે સર્વે ભ્રાન્તિ પામેલા જીવાને ભમાવનાર છે. (૧૦-૧૧)

जपस्तपो व्रतं तीर्थं यज्ञो दानं तथैव च ॥
गुरु तत्त्वमविज्ञाय सर्वं व्यर्थं भवेत् प्रिये ॥१२॥

જપ, તપ, વ્રત, તીર્થ યજ્ઞ, અને દાન વિગેરે કરનારાઓને જ્યાં સુધી ગુરૂતત્વ જાણવામાં આવ્યું નથી ત્યાં સુધી તે સર્વ વ્યર્થજ છે. (૧૨)

गुरु बुद्धयात्मनो नान्यत् सत्यं सत्यं वरानने ॥
तल्लाभार्थं प्रयत्नस्तु कर्त्तव्यश्च मनिषिभिः ॥१३॥

હે વરાનને !!! પોતાના આત્માને સદ્‌ગુરૂ પરમાત્મા સ્વરૂપ બુદ્ધિથી જોવા બીજા રૂપે નહિ. એ સત્ય સત્ય છે એટલાજ માટે વિદ્વાન પુરૂષોએ તે પ્રાપ્ત કરવા માટે પ્રયત્ન કરવો. (૧૩)

गुहा विद्या जगन्माया देहमज्ञान संभवम् ॥
विज्ञानं तत् प्रसादेन गुरु शब्देन कथ्यते ॥१४॥

હે જગદંબા ! ! આ અજ્ઞાનથી ભાસતા એવા દેહને વિષે જેની કૃપા પ્રસાદથી વિજ્ઞાન એટલે ચૈતન્ય આત્માનું અનુભવજન્ય જ્ઞાન પ્રાપ્ત થાય છે તેને "સદ્‌ગુરૂ" એવા શબ્દથી કહેવાય છે. (૧૪)

यदंघ्रि कमल द्वंद्वं द्वंद्व ताप निवारकम् ॥
तारकं भवसिन्धो च श्री गुरुं प्रणमाम्यहम् ॥१५॥

જેના (બન્ને) ચરણ કમલ, દ્વંદ્વ રૂપ તાપનું નિવારણ કરનાર છે અને સંસાર સમુદ્રથી તારનાર છે. એવા શ્રી સદ્‌ગુરૂ પરમાત્માને હું નમસ્કાર કરૂ છું. (૧૫)

देहि ब्रह्म भवेद्यस्मात् त्वत्कृपार्थं वदामितत् ॥
सर्व पाप विशुद्धात्मा श्रीगुरोः पाद सेवनात् ॥१६॥

તારી ઉપર દયા કરીને કહું છું કે. જેનાથી દેહનો અભિમાની (જીવાત્મા) દેહી—શ્રી ગુરૂના પાદ સેવન વડે સર્વ પાપથી મુક્ત થઇ બ્રહ્મ સ્વરૂપને પામે છે. (૧૬)

सर्व तीर्थावगाहस्य संप्राप्नोति फलं नरः ॥
गुरोः पादोदकं पीत्वा शेषं शिरासि धारयन् ॥१७॥

શ્રી સદ્દગુરૂના પાદોદકનું પાન કરી અને શેષ રહેલું શિર ઉપર ધારણ કરવાથી સર્વ તીર્થમાં સ્નાન કર્યાનુ ફળ પ્રાપ્ત થાય છે. (૧૭)

शोषणं पाप पङ्कस्य दीपनं ज्ञान तेजसः ॥
गुरोः पादोदकं सम्यक् संसारार्णव तारकम् ॥१८॥

પાપ રૂપી કાદવને શોષનાર, જ્ઞાનરૂપી દીવાને દીપાવવનાર, તથા સંસાર સ્વરૂપ મહાસમુદ્રમાંથી તારનાર આ સદ્દગુરૂ પાદોદક છે, (૧૮)

अज्ञान मूल हरणं जन्म कर्म निवारणम् ॥
ज्ञान वैराग्य सिद्धयर्थं गुरु पादोदकं पिबेत् ॥१९॥

અજ્ઞાનનું મૂળ સહિત હરણ કરનાર, જન્મ કર્મનું નિવારણ કરનાર, આ ગુરૂપાદોથકનું પાન જ્ઞાન અને વૈરાગ્યની પ્રાપ્તિને અર્થે કરવું. (૧૯)

गुरु पादोदकं पानं गुरोरुच्छिष्ट भोजनम् ॥
गुरु मूर्त्तेः सदा ध्यानं गुरुस्तोत्रं सदा जपः ॥२०॥

સદ્ગુરૂ પરમાત્માના પાદોદકનું પાન કરવું, સદ્ગુરૂ પરમાત્માનું ઉચ્છિષ્ટ ભોજન કરવું. સદ્ગુરૂ પરમાત્માની મૂર્તિનું ધ્યાન કરવું. સદ્ગુરૂ પરમાત્માના સ્તોત્રનું સદા અધ્યયન કરવું. (૨૦)

स्वदेशिकस्यैव च नाम कीर्त्तनम् ।
भवेदनं तस्य शिवस्य कीर्त्तनम् ॥
स्वदेशिकस्यैव च नाम चिंतनम् ।
भवेदनं तस्य शिवस्य चिन्तनम् ॥२१॥

સદ્ગુરૂ મહારાજના નામનું કિર્ત્તન કરવાથી અનંત એવા સદાશિવનુંજ કિર્ત્તન થાય છે. સદ્ગુરૂ મહારાજના નામનુ ચિંતન કરવાથી અનંત એવા સદા શિવનુંજ ચિંતન થાય છે. (૨૧)

यत् पाद रेणुर्वैनित्यं कोऽपि संसार वारिधौ ॥
सेतु बंधायते नाथ देशिकं तमुपास्महे ॥२२॥

જેના ચર્ણ કમલની રજ આ કોઇપણ સંસાર સાગર-માંથી તારવાને સેતુ (પાજ) સ્વરૂપ છે. એવા સદ્ગુરૂ ગણનાથની હું ઉપાસના કરૂં છું. (૨૨)

यस्मादनुग्रहं लब्ध्वा महदज्ञानमुत्सृजेत् ॥
तस्मै श्रीदेशिकेन्द्राय नमश्चाभिष्ट सिद्धये ॥२३॥

જેની કૃપા પ્રાપ્ત થવાથી મહદ્ અજ્ઞાનમાંથી મુક્ત થવાય છે. તે સદ્ગુરૂ મહારાજને અભિષ્ટ અભેદ સિદ્ધિને માટે નમસ્કાર કરૂં છું. કે જે અષ્ટસિદ્ધિના પતિ છે. (૨૩)

काशी क्षेत्रं निवासश्च जाह्नवी चरणोदकम् ॥
गुरु र्विश्वेश्वरः साक्षात् तारकं ब्रह्म निश्चितम् ॥२४॥

કાશી ક્ષેત્રમાં વાસ, જેમનો નિવાસ કાશી ક્ષેત્ર સ્વરૂપ છે જેમનુ ચર્ણોદક ગંગા સ્વરૂપ છે. જે સાક્ષાત્ વિશ્વેશ્વર સ્વરૂપ છે. અને જેનો આપેલો મંત્ર તે સાક્ષાત્ તારક બ્રહ્મ મંત્ર સ્વરૂપ છે એવા તે સદ્ગુરૂ મહારાજ છે, (૨૪)

शिरः पादांकितं कृत्वा गयास्ते चाक्षयो वटः ॥
तीर्थराज प्रयागोऽसौ गुरु मूर्त्यै नमोनमः ॥२५॥

એવા સદ્ગુરૂ મહારાજના ચર્ણ પોતાના માથા ઉપર ધારણ કરવાથી ગયાજી ગયાનું તેમ અક્ષય વડ ગયાનું તેમ તીર્થરાજ પ્રયાગ ગયાનું ફળ છે એવા ગુરૂ મૂર્તિને નમસ્કાર છે. (૨૫)

गुरु मूर्त्तिं स्मरेन्नित्यं गुरोर्नाम सदा जपेत् ॥
गुरोराज्ञां प्रकुर्वीत गुरोरन्यन्न भावयेत् ॥२६॥

ગુરૂ મૂર્તિનું નિત્ય સ્મરણ કરવું. ગુરૂ નામનો સદાયે જાપ કરવો. શ્રી ગુરૂ મહારાજની આજ્ઞા પાળવી એમ ગુરૂમહારાજથી અન્ય કાંઇ પણ નથી એવી ભાવના કરવી. (૨૬)

गुरु वक्त्रे स्थितं ब्रह्म प्राप्यते तत्प्रसादतः ॥
गुरोर्ध्यानं तथा कुर्यात् नारीवस्वैरिणी यथा ॥२७॥

ગુરૂના મુખમાં બ્રહ્મ વસ્તુ સ્થિત છે. તે તેની કૃપાથી પ્રાપ્ત થાય છે, જેમ સ્વચ્છંદી સ્ત્રી પરપુરૂષનું ધ્યાન કરે છે તેમ સદ્દગુરૂ મહારાજનું ધ્યાન કરવું. (૨૭)

स्वाश्रमं च स्वजातिं च स्वकीर्ति पुष्टिवर्धनम् ॥
एतत्सर्वं परित्यज्य गुरोरन्यन्न भावयेत् ॥२८॥

પોતાનો આશ્રમ, પોતાની સ્વજાતી, પુષ્ટિને આપનાર એવી પોતાની કિર્તિ—એ સર્વના અભિમાનનો ત્યાગ કરીને સદ્દગુરુથી બીજી ભાવના કરવી નહિં. (૨૮)

अनन्याश्रितयंतोये सुलभं परमं सुखम् ॥
तस्मात्सर्वं प्रयत्नेन गुरोराराधनं कुरु ॥२९॥

જે પુરૂષો અનન્ય અભેદ વૃતિથી સદ્દગુરૂ પરમાત્માનું ચિંતવન કરે છે. તેને મોક્ષ સુખ સુલભ છે. એટલાજ માટે સર્વ પ્રયત્ન વડે કરીને ગુરૂની આરાધના કરવી. (૨૯)

गुरु वक्त्रे स्थिता विद्या गुरु भक्त्या च लभ्यते ॥
त्रैलोक्ये ऽस्फुट वक्तारो देवाद्य सुरपन्नगाः ॥३०॥

ગુરૂના મુખમાં રહેલી જે બ્રહ્મ વિદ્યા માત્ર ગુરૂભક્તિ-થીજ પ્રાપ્ત થાય છે. ત્રૈલોક્યમાં રહેલા દેવાદિકો પણ સ્ફુટ વક્તા નથી માત્ર ગુરૂજ સ્પષ્ટ વક્તા છે. (૩૦)

गुकार श्चान्धकारोहि रुकार स्तेज उच्यते ॥
अज्ञान ग्रासकं ब्रह्म गुरुरेव न संशयः ॥३१॥

ગુરૂ શબ્દમાં "ગુ" એ અંધકાર વાચક છે અને "રૂ" પ્રકાશ વાચક છે. એમ અજ્ઞાનના અંધકારમાં પ્રકાશ કરનાર તે શાક્ષાત્ પરબ્રહ્મ છે એમાં શંકા નથી. (૩૧)

गुकार श्चान्धकारस्तु रुकार स्तन्निरोध कृत् ॥
अंधकार विनाशित्वात् गुरुरित्य भिधियते ॥३२॥

ગુરૂ શબ્દમાં "ગુ" એ અંધકાર વાચક છે અને "રૂ" તેનો નિરોધ કર્ત્તા છે. એમ અંધકારનો નિરોધ કરનાર તે " સદ્ગુરૂ " એ પ્રમાણે કહેવાય છે. (૩૨)

गुकारश्च गुणातीतो रुपातीतो रुकारकः ॥
गुण रुप विहिनत्वात् गुरुरित्यभिधीयते ॥३३॥

ગુરૂ શબ્દમાં "ગુકાર" ગુણાતીત છે. અને " રૂકાર :' રૂપાતીત છે. માટે ગુણ અને રૂપના વિહિન પણાથી "સદ્ગુરૂ" પરમાત્મા એ પ્રમાણે કહેવાય છે. (૩૩)

गुकारः प्रथमो वर्णो मायादि गुण भासकः ॥
रुकारोऽस्ति परंब्रह्म माया भ्रान्ति विमोचकः ॥३४॥

માયા આદિ ગુણના પ્રકાશ કરનાર આ ગુરૂ શબ્દમાંનો " ગુકાર " પ્રથમ વર્ણ સગુણ એટલે સકાર છે. અને માયા ભ્રાંતિથી મુક્ત કરનાર " રૂકાર " પરબ્રહ્મ છે. તે નિર્ગુણ અકાર છે. એમ સદ્ગુરૂ છે. (૩૪)

एवं गुरुपदं श्रेष्ठं देवानामपि दुर्लभम् ॥
हाह हूहू गणैश्चैव गंधर्वाद्यैश्च पूजितम् ॥३५॥

એ પ્રકારે દેવતાઓને પણ શ્રેષ્ટ આ "સદ્ગુરૂ" તૂર્યાતીત પદ દુર્લભ છે. હાહા હુહુ એવા ગણોએ તથા ગંધર્વોએ પણ જેમનું પુજન કરેલું છે. (૩૫)

ध्रुवं तेषां च सर्वेषां नास्ति तत्त्वं गुरोः परम् ॥
गुरोराराधनं कार्यं स्वजीवित्वं निवेदयेत् ॥३६॥

તે બધાઓને "સદ્ગુરૂ" પદથી બીજું નિશ્ચય પદ નથી. માટેજ ગુરૂની આરાધના કરવી. અને પોતાનું જીવીત્વ એટલે જીવ પણાનું અભિમાન અરપણ કરવું. (૩૬)

आसनं शयनं वस्त्रं वाहनं भूषणादिकम् ॥
साधकेन प्रदातव्यं गुरु संतोष कारणम् ॥३७॥

સદ્ગુરૂની ઉપાસના કરનાર સદ્શિષ્યે પોતાના ગુરૂના સંતોષને માટે આસન, શય્યા, વસ્ત્ર, વાહન, ભૂષણ આદિ ગુરૂને દાન કરવું જોઇએ. (૩૭)

कर्मणा मनसा वाचा सर्वदा राधयेद्गुरुम् ॥
दीर्घ दण्डं नमस्कृत्य निर्लज्जो गुरु सन्निधौ ॥३८॥

કર્મવડે, મનવડે અને વાણીવડે હમેશાં ગુરૂની આરાધના કરવી. સદ્ગુરૂની પાસે નિર્લજ થઇને દીર્ઘદંડવત નમસ્કાર કરવા. (૩૮)

शरीरमिन्द्रियं प्राणं अर्थं स्वजन बान्धवान् ॥
आत्म दारादिकं सर्वं सद्गुरुभ्यो निवेदयेत् ॥३९॥

શરીર, ઇંદ્રીય,પ્રાણ, અર્થ (લક્ષ્મી) સ્વજન, બાંધવ અને પોતાના સ્ત્રી પુત્રાદિક સર્વે શ્રી ગુરૂમહારાજને અર્પણ કરવાં. અર્થાત્ એ સર્વ ગુરૂપ્રસાદ રૂપ છે એમ જાણવું. [૩૯)

गुरुरेको जगत्सर्वं ब्रह्म विष्णु शिवात्मकम् ॥
गुरोः परतरं नास्ति तस्मात्संपूजयेत् गुरुम् ॥४०॥

સદ્‌ગુરૂ પરમાત્માજ બ્રહ્મા, વિષ્ણુ તથા મહાદેવ રૂપે તથા જગત સ્વરૂપે છે. સદ્‌ગુરૂથી શ્રેષ્ટ અન્ય નથી. એટલા માટે શ્રી સદ્‌ગુરૂનું પુજન કરવું. (૪૦)

सर्व श्रुति शिरो रत्न निराजित पदाम्बुजम् ॥
वेदान्तार्थ प्रवक्तारं तस्मात्संपूजयेत् गुरुम् ॥४१॥

જેના ચર્ણ કમલમાં તમ મ શ્રુતિઓના માથારૂપ રત્ન નમીને રહેલાં છે. એવા વેદાન્તના અર્થનો પ્રકાશ કરનાર સદ્‌ગુરૂ મહારાજનું સદા પૂજન કરવું. (૪૧)

यस्य स्मरण मात्रेण ज्ञानमुत्पद्यते स्वयम् ॥
सएव सर्व संपत्तिः तस्मात्संपूजयेत् गुरुम् ॥४२॥

જેમના સ્મરણ માત્રથી પોતાની આપેજ જ્ઞાન પ્રકાશ પામે તેજ સદ્‌ગુરૂ સર્વ સંપત્તિ સ્વરૂપ છે. એવા સદ્‌ગુરૂનું સદા પૂજન કરવું. (૪૨)

कृमि कीट भस्म विष्टा दुर्गंधि मल मूत्रकम् ॥
श्लेष्म रक्त त्वचा मांसैः न दूंचैतद्वरानने ॥४३॥

હે પાર્વતી ! ! કૃમી, કીટ, ભસ્મ, દુર્ગંધી, મળમૂત્ર કફ, રૂધીર, ચામડી માંસ તેનાથી આ શરીર બંધાએલું છે. (૪૩)

संसार वृक्ष मारूढाः पतंति नरकार्णवे ॥
यस्तानुद्धरते सर्वान् तस्मै श्रीगुरवे नमः ॥४४॥

સંસાર રૂપી વૃક્ષ ઉપર ચઢેલા જીવો નરક રૂપી સમુદ્રમાં પડે છે. જે સદ્દગુરૂ તે સર્વ જીવનો ઉદ્ધાર કરે છે એવા સદ્દગુરૂને નમસ્કાર છે. (૪૪)

गुरुर्ब्रह्मा गुरुर्विष्णुः गुरुर्देवो महेश्वरः ॥
गुरुरेकं परंब्रह्म तस्मै श्रीगुरवे नमः ॥४५॥

ગુરૂજ બ્રહ્મા છે ગુરૂજ વિષ્ણુ છે, અને ગુરૂજ સાક્ષાત્ મહેશ્વર છે અને એક અદ્વૈત અભેદ સ્વરૂપ પરબ્રહ્મ તેજ સાક્ષાત્ સદ્દગુરૂ છે. એવા સદ્દગુરૂને નમસ્કાર છે. (૪૫)

अज्ञान तिमिरांधस्य ज्ञानांजन शलाकया ॥
चक्षु रुन्मीलितं येन तस्मै श्रीगुरवे नमः ॥४६॥

અજ્ઞાન રૂપી અંધકારમાં આંધળા થઇ ગયેલાને જ્ઞાન અંજન રૂપી સળીવડે જેણે ચક્ષુ ખોલી આપ્યાં છે. એવા સદ્દગુરૂને નમસ્કાર છે. (૪૬)

स्थावरं जंगमं व्याप्तं यत्किञ्चित् सचराचरम् ॥
त्वं पदं दर्शितं येन तस्मै श्रीगुरवे नमः ॥४७॥

યત્ કિંચીત્ રૂપે સચરાચર વ્યાપ્ત થયેલું આ સ્થાવર જંગમ જગત જેણે त्वं એવા જીવ પદથી ઓળખાવ્યું એવા સદ્‌ગુરૂને નમસ્કાર છે. (૪૭)

अखण्ड मण्डलाकारं व्याप्तं येन चराचरम् ॥
तत्पदं दर्शितं येन तस्मै श्रीगुरवे नमः ॥४८॥

અખંડ ભુમંડલ રૂપ આકાર વાળું સચરાચર જેનાથી વ્યાપ્ત છે. એવું तत् પદ રૂપ ઇશ્વર તત્વ જેણે ઓળખાવ્યું એવા સદ્‌ગુરૂને નમસ્કાર છે. (૪૮)

चिन्मयं व्यापितं सर्वं त्रैलोक्यं सचराचरम्
असित्वं दर्शितं येन तस्मै श्रीगुरवे नमः

સચરાચર એવા ત્રૈલોક્યમાં જે ચીન્મય સ્વરૂપ વ્યાપક છે એવું " असि " પદ રૂપ બ્રહ્મ સ્વરૂપ જેણે ઓળખાવ્યું એવા સદ્‌ગુરૂને નમસ્કાર છે. એમ तत्त्वमसि મહાવાક્ય સમજાવનાર તે સદ્‌ગુરૂ છે. (૪૯)

निमिषार्द्धार्द्ध पाताद्वा यद्वाक्या द्वै विलोक्यते ॥
स्वात्मानं स्थिरमादत्ते तस्मै श्रीगुरवे नमः ॥५०॥

જેની વાક્ય સિદ્ધિથી એક નિમિષના અર્ધના પણ અર્ધ ભાગમાં આત્મ સ્વરૂપની સ્થિરતા પ્રાપ્ત થાય છે એવા સદ્‌ગુરૂને નમસ્કાર છે. (૫૦)

चैतन्यं शाश्वतं शान्तं व्योमातीतं निरंजनम् ॥
नाद बिन्दु कलातीतं तस्मै श्री० ॥५१॥

ચૈતન્ય સ્વરૂપ, આદિઅનાદિ સિદ્ધ સ્વરૂપ, શાન્ત સ્વરૂપ, આકાશથી રહિત, નિરંજન, નાદ બિંદુ અને કલાથી રહીત એવા સદ્‌ગુરૂને નમસ્કાર છે. (૫૧)

निर्गुणं निर्मलं शान्तं जङ्गमं स्थिरमेव च ॥
व्याप्तं येन जगत्सर्वं तस्मै श्री० ॥५२॥

નિર્ગુણ સ્વરૂપ, નિર્મળ સ્વરૂપ, શાન્ત સ્વરૂપ, સ્થાવર જંગમ સ્વરૂપ, જેના વડે આ સર્વ જગત વ્યાપ્ત છે. એવા સદ્‌ગુરૂને નમસ્કાર છે. (૫૨)

त्वं पिता त्वं च मे माता त्वं बन्धुस्त्वं च देवता
संसार प्रीति भङ्गाय तस्मै श्री० ॥५३॥

તમે પીતા છો મારી મા પણ તમો છો તમેજ બંધુ છો તમેજ દેવતા છો એમ સંસારની ભેદ પ્રીતી ભંગ કરવાને માટેજ પરમાત્મા સદ્‌ગુરૂને નમસ્કાર છે. (૫૩)

यत्सत्वेन जगत्सत्यं यत्प्रकाशेन भातियत् ॥
यदानन्देन नन्दान्ति तस्मै श्री० ॥५४॥

જેની સત્યતાથી આ જગત સત્ય સ્વરૂપ જણાય છે. તથા તેના પ્રકાશ વડે આ સર્વ પ્રકાશે છે. તથા જેના આનંદથી આ સર્વ આનંદરૂપ છે એવા સદ્‌ગુરૂને નમસ્કાર છે. (૫૪)

यस्मिन् स्थितमिदं सर्वं भातियद्भानु रूपतः ॥
यत्प्रित्या प्रिय पुत्रादि तस्मै श्री० ॥५५॥

જેને વિષે આ સર્વ સ્થિત છે. તથા જે સુર્ય સ્વરૂપે જણાય છે તથા જેની પ્રિતિ વડે પુત્રાદિ પ્રીય છે એવા પ્રિયપતિ સદ્ગુરૂને નમસ્કાર છે. (૫૫)

येन चेतयताहीदं चित्तं चेतयते नरः ॥
जागृत्स्वप्न सुषुप्त्यादि तस्मै श्री० ॥५६॥

જેના વડે આ સર્વ ચેતન પણાને પામે છે. તથા જેનાથી જાગૃત સ્વપ્ન અને સુષુપ્તાદિ ચિત્ત ચેતન પણાને પામે છે તે સદ્ગુરૂને નમસ્કાર છે. (૫૬)

यस्य ज्ञानमिदं विश्वं न दृश्यं भिन्नभेदतः ॥
सदैक रूप रूपाय तस्मै श्री० ॥५७॥

જેના જ્ઞાન વડે આ વિશ્વ ભિન્ન ભેદ સ્વરૂપે દેખાતું નથી. કે જે સદાયે એક રૂપ પરમાત્મા સ્વરૂપજ જણાય છે. તે સદ્ગુરૂને નમસ્કાર છે. (૫૭)

यस्याज्ञातं मतं तस्य मतं यस्य न वेदसः ॥
अनन्य भाव भावाय तस्मै श्री० ॥५८॥

જેનો માર્ગ જાણવાને કોઇ સમર્થ નથી તથા જેમનો અભિપ્રાય આ જગત જાણી શકતું નથી પણ અનન્ય ભાવથી ભક્તિ સેવા કરનાર તેમને જાણે છે એવા સદ્ગુરૂને નમસ્કાર છે. (૫૮)

यस्मै कारण रूपाय कार्य रूपेण भातियत् ॥
कार्य कारण रूपाय तस्मै श्री० ॥५९॥

જે સદ્‌ગુરૂ પરમાત્મા કારણ રૂપે અને કાર્ય રૂપે પ્રકાશે છે. એવા કાર્ય કારણ સ્વરૂપ સદ્‌ગુરૂને નમસ્કાર છે. (૫૯)

नानारूपमिदं विश्वं न केनाप्यस्ति भिन्नता ॥
कार्य कारण रूपाय तस्मै श्री० ॥६०॥

નાના નાના પ્રકારથી ભાસતું આ જગત કોઈનાથી પણ કોઈ ભિન્ન નથી. એવા કાર્ય કારણ સ્વરૂપ સદ્‌ગુરૂ પરમાત્માને નમસ્કાર છે. (૬૦)

ज्ञान शक्ति समारूढ तत्वमाला विभूषणे ॥
भुक्ति मुक्ति प्रदात्रे च तस्मै श्री० ॥६१॥

જ્ઞાનરૂપી શક્તિ ઉપર વિરાજમાન થયેલા અને તત્વ રૂપી માલાથી વિભુષિત થયેલા તથા ભુક્તિ [ભોગ] મુક્તિ [મોક્ષ] ને આપનાર એવા સદ્‌ગુરૂ પરમાત્માને નમસ્કાર છે. (૬૧)

अनेक जन्म संप्राप्त कर्म धर्म विदाहिने ॥
ज्ञानानल प्रभावेण तस्मै श्री० ॥६२॥

અનેક જન્માંતરથી પ્રાપ્ત થયેલાં કર્મો અને દેહ ધર્મ તેને જ્ઞાન રૂપી અગ્નિના પ્રભાવથી દહન કરનાર તે સદ્‌ગુરૂ મહારાજને નમસ્કાર છે. (૬૨)

शोषणं भवसिन्धोश्च दीपनं क्षर संपदाम् ॥
गुरोः पादोदकं यस्य तस्मै श्री० ॥६३॥

ભવસાગરને સુકાવનાર અને નાશાત્મક સંપત્તિ રૂપી દેહ જગત આદી સ્થાવર જંગમ પદાર્થોની મિથ્યાપણાની ભાવના મિથ્યાબુદ્ધિરૂપે દિપાવનાર જેમનું પાદોદક છે એવા સદ્દગુરૂ મહારાજને નમસ્કાર છે. (૬૩)

न गुरोरधिकं तत्वं न गुरोराधिकं तपः ॥
तत्वज्ञानात्परं नास्ति तस्मै श्री० ॥६४॥

સદ્દગુરૂથી અધિક કોઇ તત્વ નથી સદ્દગુરૂથી અધિક કોઈ તપ નથી સદ્દગુરૂથી અધિક કોઈ તત્વ જ્ઞાન નથી એવા સદ્દગુરૂને નમસ્કાર છે. (૬૪)

मन्नाथ श्रीजगन्नाथो मद्गुरुः श्रीजगद्गुरुः ॥
स्वात्मैव सर्व भूतात्मा तस्मै श्री० ॥६५॥

મારા સ્વામિ તે જગતના સ્વામિ છે મારા ગુરૂ તે જગતના ગુરૂ છે. મારો આત્મા તે તમામ ભુત પ્રાણીમાત્રનો આત્મા છે એમ સમજાવનાર એવા સદ્દગુરૂને નમસ્કાર છે. (૬૫)

गुरुरादिरनादिश्च गुरुः परमदैवतम् ॥
गुरु मंत्र समो नास्ति तस्मै श्री० ॥६६॥

આદિ અનાદી સદ્દગુરૂ છે પરમ દૈવત સદ્દગુરૂ છે. ગુરૂ મંત્ર સમાન અન્ય મંત્ર નથી એમ સમજાવનાર એવા સદ્દગુરૂને નમસ્કાર છે. (૬૬)

एक एव परोबन्धु र्विषमे समुपस्थिते ॥
गुरुः सकल धर्मात्मा तस्मै श्री० ॥६७॥

સંકટના સમયમાં પ્રાપ્ત થતા તમામ ધર્મને જાણનારા સદ્‌ગુરૂ મહારાજ એકજ પરમ બંધુ સમાન છે. એવા સદ્‌ગુરૂને નમસ્કાર છે. (૬૭)

गुरुमध्ये स्थितं विश्वं विश्वमध्ये स्थितं गुरुम् ॥
गुरुर्विश्वं नमस्तेऽस्तु तस्मै श्री० ॥६८॥

સદ્‌ગુરૂના મધ્યમાં આ વિશ્વ છે અને આ વિશ્વના મધ્યમાં સદ્‌ગુરૂ છે. એવા વિશ્વ સ્વરૂપ સદ્‌ગુરૂને નમસ્કાર છે. (૬૮)

भवारण्य प्रविष्टस्य दिङ्मोह भ्रान्ति चेतसः ॥
येन संदर्शितः पन्थाः तस्मै श्री० ॥६९॥

સંસાર રૂપી જંગલમાં પેઠેલા અને ચીત્તના મોહ વડે ચોંતરફની ભ્રાન્તિને પામેલાને જેણે સત્ય માર્ગ બતાવ્યો છે એવા સદ્‌ગુરૂને નમસ્કાર છે. (૬૯)

तापत्रयाग्नि तप्तानां अशान्त प्राणिनां मुने ॥
गुरुरेव परागंगा तस्मै श्री० ॥७०॥

હે મુનીશ્વર ! ! ! ત્રિવિધ તાપથી તપ્ત થયેલા અને શાન્ત ચીત્તના પ્રાણીયોને માટે સદ્‌ગુરૂ એજ પરમ ગંગા છે એવા સદ્‌ગુરૂને નમસ્કાર છે. (૭૦)

अज्ञानेनाहिनाग्रस्ताः प्राणिनस्तान् चिकित्सकः
विद्या स्वरूपो भगवान् तस्मै श्री० ॥७१॥

અજ્ઞાન રૂપી સર્પથી ગ્રસાયેલા એવા તે પ્રાણીયોની ચીકીત્સા કરનાર બ્રહ્મ વિદ્યા રૂપી ભગવાન સદ્‌ગુરૂને મ્હારા નમસ્કાર છે. (૭૧)

हेतवे जगतामेव संसारार्णव सेतवे ॥
प्रभवे सर्व विद्यानां शंभवे गुरुवे नमः ॥७२॥

જગતના હેતુ સ્વરૂપ અને સંસાર સાગરના હેતુ સ્વરૂપ અને સર્વ વિદ્યાઓની ઉત્પત્તિ કરનાર શંભુ સ્વરૂપ ગુરૂને નમસ્કાર છે. (૭૨)

ध्यानमूलं गुरोर्मूर्तिः पूजामूलं गुरोः पदम् ॥
मंत्रमूलं गुरोर्वाक्यं मुक्तिमूलं गुरोःकृपा ॥७३॥

ધ્યાન કરવા લાયકજ માત્ર ગુરૂ મૂર્તિ છે. પુજન કરવા લાયકજ માત્ર ગુરૂના ચરણુ છે. મંત્ર સ્વરૂપ માત્ર ગુરૂ વાક્ય છે. મુક્તિનું મૂળ માત્ર ગુરૂ કૃપા છે. (૭૩)

सप्त सागर पर्यंतं तीर्थ स्नान फलं यथा ॥
गुरुपादोदबिन्दोश्च सहस्रांशेन तत्फलम् ॥७४॥

સપ્ત સાગર પર્યંતના તમામ તિર્થ સ્નાનનું ફળ તે સદ્‌ગુરૂ ચર્ણોદક બીંદુના સહસ્રાંશના ફળ બરાબર પણુ નથી. (૭૪)

शिवे रुष्टे गुरुस्त्राता गुरौ रुष्टे न कश्चन ॥
लब्ध्वा कुल गुरुं सम्यक् गुरुमेव समाश्रयेत् ॥७५॥

તૂર્યબ્રહ્મ શિવ કોપાયમાન થાયતો સદ્‌ગુરૂ રક્ષણુ કરે પણુ સદ્‌ગુરૂ કોપાયમાન થાય તો કોઈપણુ રક્ષણુ કર્ત્તા નથી. તેટલાજ માટે તૂર્યાતીત કુલ ગુરૂ પરંપરાને પ્રાપ્ત થઇને સદ્‌ગુરૂનો આશ્રય કરવો. (૭૫)

मधु लुब्धो यथा भृङ्गः पुष्पात्पुष्पान्तरं व्रजेत् ॥
ज्ञान लुब्धस्तथा शिष्यो गुरोर्गुर्वंतरं व्रजेत् ॥७६॥

જેમ સુગંધમાં લોભાયેલો ભ્રમર એક પુષ્પથી બીજા શ્રેષ્ટ પુષ્પ ઉપર જાય છે તેમ જ્ઞાનનો લોભી સતશિષ્ય સંપ્રદાયીક ગુરૂથી પણુ શ્રેષ્ઠ એવા મુક્ત સંતયોગી સદ્‌ગુરૂનો આશ્રય લે છે. (૭૬)

वन्दे गुरुपद द्वंद्वं वाङ्मनोतीत गोचरम् ॥
श्वेत रक्त प्रभा भिन्नं शिव शक्त्यात्मकं परम् ॥७७॥

વાણી અને મનથી અગોચર એવા તૂર્યાતીત સદ્‌ગુરૂ પરમાત્માના ઉભય ચરણુને નમસ્કાર છે. કે જે શ્વેત અને રક્ત સ્વરૂપથી ભિન્ન શિવશકત્યાત્મકથી શ્રેષ્ટ સ્વરૂપ છે. (૭૭)

गुकारं च गुणातीतं रुकारं रूप वर्जितम् ॥
गुणातीतमरूपश्च योदद्यात्सगुरुः स्मृतः ॥७८॥

ગુકાર શબ્દનો અર્થ ગુણાતીત છે. રૂકાર શબ્દનો

અર્થ રૂપાતીત છે. એમ ગુણાતીત અને રૂપાતીત સ્વરૂપનું જે જ્ઞાન તેનું જે દાન કરે છે તેજ સદ્દગુરૂ છે. (૭૮)

अग्निनेत्रः शिवः साक्षात् द्विबाहुश्च हरिः स्मृतः ॥
यो ऽचतुर्वदनो ब्रह्मा श्री गुरुः कथितः प्रिये ॥७९॥

ત્રિનેત્ર નથી છતાં સાક્ષાત્ ઇશ્વર સ્વરૂપ છે બે બાહુ છતાં હરિ સ્વરૂપ છે ચાર મુખ નથી છતાં બ્રહ્મા સ્વરૂપ છે એવા સદ્દગુરૂના સ્વરૂપનું વર્ણન છે. (૭૯)

अयंमयांजलिर्बद्धो दयासागर सिद्धये ॥
यदनुग्रहतो जन्तुः चित्र संसार मुक्ति भाक् ॥८०॥

મેં તે સદ્દગુરૂને દયા સાગરત્વની સિદ્ધિને માટે બંન્ને હાથના નમસ્કારથી બાંધ્યા છે, કે જેમના અનુગ્રહથી ચીત્રવિચીત્ર સંસારના જંતુઓ મુક્તિને પામ્યા છે. (૮૦)

श्रीगुरो परमं रूपं विवेकं चक्षुरग्रतः ॥
मन्द भाग्या न पश्यन्ति अन्धाः सूर्योदयं यथा ॥८१॥

શ્રી સદ્દગુરૂ મહારાજનું શ્રેષ્ટ સ્વરૂપ વિવેક રૂપી નેત્રથી પ્રત્યક્ષજ સિદ્ધ છે. મંદભાગી પુરૂષો તેને દેખી શકતા નથી જેમ સૂર્યનો ઉદય છતાં આંધળાઓ સૂર્યને જોઈ શકતા નથી. (૮૧)

कुलानां कुल कोटिनां तारकस्तत्र तत्क्षणात् ॥
अतस्तं सद्गुरुं ज्ञात्वा त्रिकालमभि वन्दयेत् ॥८२॥

ક્ષણ માત્રમાં કોટયાન કોટી કુલોનો ઉદ્ધાર કરનાર સદ્ગુરૂ પરમાત્માને જાણીને ત્રણે કાલમાં તેમને નમસ્કાર કરવા જોઇએ. (૮૨)

श्री नाथ चरण द्वंद्वं यस्यांदिशि विराजते ॥
तस्यांदिशि नमस्कुर्यात् भक्त्या प्रतिदिन प्रिये ॥८३॥

સદ્ગુરૂ ગણનાથ મહારાજના બંન્ને ચરણો જે દિશામાં વિરાજીત થઇને રહ્યા છે તે દિશાને દિનપ્રતિદિન પરમ ભક્તિ પુર્વક નમસ્કાર કરવા. (૮૩)

साष्टांग प्रणिपातेन स्तुवन्नित्यं गुरुं भजेत् ॥
भजनात्स्थैर्यमाप्नोति स्वस्वरूप मयो भवेत् ॥८४॥

આઠે અંગ સાથે નમસ્કાર કરતાં સદ્ગુરૂ મહારાજનું નિત્ય સ્તવન કરવું. તથા નિત્ય ભજન કરવું. એવી ભક્તિથી સ્થિરતાને પ્રાપ્ત થઇ ભક્ત સ્વસ્વરૂપ મય થાય છે. (૮૪)

दोर्भ्यां पद्भ्यां च जानुभ्यां उरसा शिरसा दृशा ॥
मनसा वचसा चेति प्रणामोऽष्टांग उच्यते ॥८५॥

બે હાથ, બે પગ, બન્ને ઢીંચણ, છાતી, માથુ, દ્રષ્ટિ, મન, વાણી, આ સ્થાનોને અષ્ટાંગ કહે છે આ અષ્ટાંગથી સદ્ગુરૂને સાષ્ટાંગ નમસ્કાર કરવા. (૮૫)

तस्यै दिशे सततमञ्जलिरेष नित्यं ।
प्रक्षिप्यते मुखरितै र्मधुरैः प्रसूनैः ॥

जागर्ति यत्र भगवान् गुरु चक्रवर्ति ।
विश्व स्थिति प्रलय नाटक नित्य साक्षी ॥८६॥

વિશ્વના ઉત્પતિ સ્થીતી અને પ્રલય રૂપ નાટકના સાક્ષી સ્વરૂપ ચક્રવર્તિ સદ્ગુરૂ પરમાત્મા જ્યારે હ્રુદયમાં જાગૃત થાય છે. ત્યારે તે દિશામાં સત્ શિષ્યે હમેશાં હાથ જોડીને મુખમાંથી નિકળતાં મીઠાં પુષ્પ રૂપ સ્તુતી વાકયોથી વધાવવા જોઇએ. (૮૬)

अभ्यस्तैः किमुदीर्घ काल विमलै र्व्याधिप्रदै र्दुष्करैः ।
प्राणायाम शतैरनेक करणै र्दुःखात्मकै र्दुर्जयैः ॥
यस्मिन्नभ्युदिते विनश्यति बली वायुः स्वयं तत्क्षणात् ।
प्राप्यस्तत्सहज स्वभावमनिषं सेवेतमेकं गुरुम् ॥८७॥

અત્યંત વ્યાધીને આપનાર અને દુષ્કર એવા લાંબા કાળના અભ્યાસથી પણ શું ? ? તેમ અનેક ઇન્દ્રિઓ સહ દુર્જય મનની જીત મેળવવામાં અતિ દુઃખદ એવા શેંકડો પ્રાણાયામથી પણ શું ? ? ? પણ જેના ઉદય થવાથી મહા બળવાન કામ ક્રોધાદિક શત્રુઓનો તુરતજ વિનાશ થાય છે અને સ્વસ્વરૂપ પરમપદ પમાય છે. એવા એક દેહાતીત સ્વરૂપ સદ્ગુરૂ પરમાત્માની સદા સેવા કરવીજ કરવી.

ज्ञानं विना मुक्तिपदं लभ्यते गुरु भक्तितः ॥
गुरोः समान्यतो नान्यत् साधनं गुरुमार्गिणाम् ॥८८॥

ગુરૂ ભક્તિસેવા કરવાથી જ્ઞાન વિના પણ મુક્તિની પ્રાપ્તિ થાય છે. માટે ગુરૂ માર્ગનો આશ્રય કરવાવાળા સત્ શિષ્યોએ સદ્ગુરૂ શિવાય અન્ય સાધન કરવું નહિં. (૮૮)

यस्मात् परतरं नास्ति नेति नेतीति वै श्रुतिः ॥
मनसा वचसा चैव सत्यमाराधयेद् गुरुम् ॥८९॥

જેમનાથી અન્ય કાંઈ શ્રેષ્ટ નથી. શ્રુતિઓ પણ 'નેતી નેતી" ઉચ્ચાર કરે છે. માટે મનસા વાચા કર્મણાથી સદ્ગુરૂ પરમાત્માની સત્ય આરાધના કરવી. (૮૯)

गुरोः कृपा प्रसादेन ब्रह्म विष्णु महेश्वराः ॥
सामर्थ्यं तत्प्रसादेन केवलं गुरु सेवया ॥९०॥

તૂર્યાતીત ગણેશ એવા સદ્ગુરૂ પરમાત્માની કૃપા વડેજ બ્રહ્માવિષ્ણુ, અને શંકર છે. તેમનાજ પ્રસાદથી એટલે કેવળ ગુરૂસેવા વડે તેઓ ઉત્પત્તિ સ્થીતી અને પ્રલય કરવાના સામર્થ્યને પામ્યા છે. (૯૦)

देवं किन्नर गन्धर्वाः पितृ यक्षास्तु तुंबरुः ॥
मुनयो ऽपि न जानन्ति गुरु शुश्रूषणे विधिम् ॥९१॥

સદ્ગુરૂ સેવાનો વિધી, દેવ, કિન્નર; ગાંધર્વ, પીતૃ, યક્ષ, તુંબરૂ તેમ મુનિઓ પણ જાણતા નથી. (૯૧)

महाहंङ्कार गर्वेण तपो विद्या बले न च ॥
भ्रमन्त्ये तस्मिन्संसारे घटियंत्रं यथा पुनः ॥९२॥

સદ્‌ગુરૂ સેવાથી વિમુખ રહેનારા તપ, વિદ્યા, અને બળથી અતી અહંકાર ગર્વના ભરેલા આ સંસારને વિષે ઘંટીના ચક્રની પેઠે વારંવાર ભટકે છે. (૯૨)

न मुक्ता गण गन्धर्वाः पितृ यक्षास्तु चारणाः ॥
ऋषयः सिद्ध देवाद्याः गुरुसेवा पराङ्मुखाः ॥९३॥

ગુરૂસેવાથી વિમુખ રહેલા ગંધર્વોના ગણો, પીતૃઓ, યક્ષો, ચારણો, ઋષીઓ સિધ્ધો, દેવો આદિ કદાપી પણ મુક્તિને પામ્યા નથી. (૯૩)

ध्यानं शृणु महादेवि सर्वानन्द प्रदायकम् ॥
सर्व सौख्यकरं चैव भुक्ति मुक्ति प्रदायकम् ॥९४॥

માટે હે પાર્વતી ! ! ! સર્વ આનંદને આપનાર, સર્વ પ્રકારના સુખને આપનાર, અને ભોગ મોક્ષને આપનાર હુવે સદ્‌ગુરૂ પરમાત્માના ધ્યાનને સાંભળો. (૯૪)

श्रीमत्परंब्रह्म गुरुं स्मरामि । श्रीमत्परंब्रह्म गुरु भजामि ॥
श्रीमत्परंब्रह्म गुरु वदामि । श्रीमत्परंब्रह्म गुरु नमामि ॥९५॥

શ્રીમત્ પરબ્રહ્મ સદ્‌ગુરૂનું સ્મરણ કરૂં છું. શ્રીમત્ પરબ્રહ્મ સદ્‌ગુરૂનું ભજન કરૂં છું. શ્રીમત્ પરબ્રહ્મ સદ્‌ગુરૂનું નામ બોલું છું શ્રીમત્ પરબ્રહ્મ સદ્‌ગુરૂને નમસ્કાર કરૂં છું, (૯૫)

ब्रह्मानन्दं परम सुखदं केवलं ज्ञानमूर्तिम् ।
द्वंद्वातीतं गगन सदृशं तत्वमस्यादि लक्ष्यम् ॥

एकं नित्यं विमलमचलं सर्व धी साक्षि भूतम्।
भावातीतं त्रिगुण रहितं सद्गुरुं तन्नमामि ॥९६॥

બ્રહ્માનંદ સ્વરૂપ, પરમ સુખના દાતા, કેવળ જ્ઞાન મૂર્તિ સ્વરૂપ, દ્વંદ્વાતીત, આકાશવત્ નિર્મળ, તત્વમસ્યાદિ મહાવાકય સ્વરૂપ, એક, નિત્ય, વિમળ, અચળ, સર્વ બુદ્ધિના સાક્ષી સ્વરૂપ, ભાવાતીત, ત્રણે ગુણ રહીત એવા ગુણાતીત સદ્‌ગુરૂ પરમાત્માને નમસ્કાર કરૂં છું. (૯૬)

हृदंबुजे कर्णिक मध्य संस्थं। सिंहासने संस्थित दिव्य मूर्त्ति॥
ध्यायेद्गुरुं चन्द्रकला प्रकाशं । सच्चित्सुखाभीष्ट वरंदधानं॥९७॥

હૃદય રૂપી કમલની કર્ણિકાના મધ્યમાં રહેલા સિંહાસન ઉપર વિરાજમાન દિવ્ય મૂર્તિ સ્વરૂપ તથા સતૂચિત સુખ આપનાર ઇષ્ટ વરદાનના દાતા તથા ચંદ્રકલા સમાન શીતળતા પ્રકાશ કરનાર સદ્‌ગુરૂનું ધ્યાન કરૂં છું. (૯૭)

श्वेतांबरं श्वेतविलेप पुष्पं । मुक्ता विभूषं मुदितं द्विनेत्रम् ॥
वामांकपीठे स्थित दिव्य शक्तिं। मन्दस्मितं पूर्णकृपानिधानं९८

आनन्दमानन्द करं प्रसन्नं ।
ज्ञान स्वरूपं निज भाव युक्तं ॥
योगीन्द्रमीड्यं भव रोग वैद्यं ।
श्रीमद्गुरुं नित्यमहं नमामि ॥९९॥

શ્વેત વસ્ત્રવાળા, શ્વેત ગંધથી લેપાયેલા, શ્વેત પુષ્પ

વાળા, મોતીની માળાવાળા, પ્રસંન્ન મુખવાળા, બે નેત્રવાળા, જેના ડાબા અંકમાં (ઉછરંગ) દિવ્ય સિદ્ધ શક્તિ વિરાજમાન છે એવા તથા મંદ મંદ હાસ્યકર્ત્તા પૂર્ણ કૃપા નિધાન એવા અને આનંદ આનંદ કરવાવાળા, અતિ પ્રસંન્ન સ્વ સ્વરૂપાત્મક, જ્ઞાન સ્વરૂપ, યોગીઓએ સ્તુતી કરેલા ભવરોગને ટાળનાર વૈદ્ય સ્વરૂપ એવા સદ્ગુરૂ પરમાત્માને નિત્ય નમસ્કાર કરું છું. (૯૮ ૯૯)

वन्दे गुरूणां चरणारविन्दम् ।
संदर्शित स्वात्मसुखांबुधीनां ॥
जनस्य येषां गलिकाय मानम् ।
संसार हालाहल मोह शान्त्यै ॥१००॥

આત્મ અવિનાશી સુખની અપેક્ષા રાખનાર શિષ્યોના હાલાહલ સંસાર મોહની શાન્તિને અર્થે દેહાભિમાનથી રહીત કરનાર એવા સદ્ગુરૂના ચર્ણાર્વિંદને હું નમસ્કાર કરૂં છું. (૧૦૦)

यस्मिन् सृष्टि स्थिति ध्वंस निग्रहानुग्रहात्मकम् ॥
कृत्यं पञ्चविधं शश्वत् भासते तं गुरुं भजेत् ॥१०१॥

જે સદ્ગુરૂ પરમાત્માને વિષે આ સંસારની ઉત્પત્તિ, સ્થીતી, અને લય, તથા નિગ્રહ એટલે વધ કરવું તથા અનુગ્રહ એટલે ઉદ્ધાર કરવો એમ પાંચ પ્રકારનો વિધિ ભાસે છે. જેથી એવા સદ્ગુરૂ પરમાત્માનું ભજન કરવું (૧૦૧)

पादाब्जे सर्व संसार दावकालानलस्वकें ॥
ब्रह्मरन्ध्रे स्थितां भोज मध्यस्थ चन्द्र मण्डलम् ॥१०२॥
अकथादि त्रिरेखाब्जे सहस्रदल मण्डले ॥
हंस पार्श्व त्रिकोणेच स्मरे तन्मध्यगं गुरुम् ॥१०३॥

જેમના ચર્ણ કમલમાં આ સર્વ સંસારને દહન કરવા વાળો કોપરૂપ કાલાગ્નિ રહેલો છે. એવા પોતાના બ્રહ્મરંધ્રમાં સ્થિત રહેલા કમળના મધ્યમાં ચન્દ્ર મંડળના સહસ્ર દલ મંડળને વિષે ન કથી શકાય એવી ત્રણ રેખા રૂપ કમલમાં અને હંસના (જીવાત્માના) પડખાવાળા ત્રિકોણના મધ્યમાં સદ્ગુરૂ પરમાત્માનું ધ્યાન કરવું. (૧૦૨-૧૦૩)

नित्यं शुद्धं निराभासं निराकारं निरंजनम् ॥
नित्यबोध चिदानन्दं गुरुंब्रह्म नमाम्यहम् ॥१०४॥

નિત્ય, શુદ્ધ, નિરાભાસ, નિરાકાર, નિરંજન, નિત્ય બોધ સ્વરૂપ ચિદાનંદ સ્વરૂપ પરબ્રહ્મ સદ્ગુરૂને નમસ્કાર કરૂં છું. (૧૦૪)

सकल भुवन सृष्टिः कल्पिता शेष सृष्टि ।
निखिल निगम दृष्टिः सत्पदार्थैक सृष्टिः ॥
अथ गण परमेष्ठी सत्पदार्थैक सृष्टि ।
भव गुण परमेष्ठी मोक्षमार्गैक दृष्टिः ॥ १०५ ॥
सकल भुवन भङ्ग स्थापना स्तंभ यष्टिः ।
सकरुणरस वृष्टि स्तत्वमाला समष्टिः ॥

सकल समय सृष्टिः सच्चिदानन्द दृष्टि ।
निवसतुमयि नित्यं श्रीगुरोर्दिव्य दृष्टिः ॥१०६॥

આ અશેષસકલ સમગ્ર સૃષ્ટિ જેણે રચેલી છે. અને સમગ્ર વેદરૂપ જેની દૃષ્ટિ છે. અને સત્ પદાર્થ સ્વરૂપ જેની લીલા છે. જે સર્વ ગણના પરમ ઇષ્ટ (પતિ) એટલે ગણ-પતિ છે અને સત્ પદ અર્થ વાચક એવી જેની સૃષ્ટિ છે. અને ભવ ગુણના પરમેશ્વર કે જેની મોક્ષમાર્ગની એક દૃષ્ટિ છે એવા અને તમામ ભુવન માત્રનો નાશ કરવાને સ્થપાયેલા સ્તંભરૂપ અને જે કરૂણાના રસથી ભરેલી વૃષ્ટિ સમાન છે. અને તત્વ જ્ઞાનની માલા સ્વરૂપ છે. અને સર્વ સમયમાં જેની સચ્ચિદાનંદ દૃષ્ટિ છે. એવા શ્રી સદ્ગુરૂ પરમાત્માની દિવ્ય દૃષ્ટિ મારે વિષે નિરંતર નિવાસ કરો. (૧૦૫-૧૦૬)

न गुरोरधिकं न गुरोरधिकं न गुरोरधिकं न गुरोरधिकम् ॥
शिवशासनतः शिवशासनतः शिवशासनतः शिवशासनतः १०७

ગુરૂથી અધિક કોઇ નથી, ગુરૂથી અધિક કોઈ નથી, ગુરૂથી અધિક કોઇ નથી, એવી ઇશ્વરની આજ્ઞા છે. (૪) એમ ચાર વખત એટલે નિશ્ચય જાણવું. (૧૦૭)

इदमेव शिवं इदमेव शिवं । इदमेव शिवं इदमेव शिवम् ॥
ममशासनतो ममशासनतो । ममशासनतो ममशासनतः ॥१०८॥

એજ શિવ સ્વરૂપ છે એજ શિવ સ્વરૂપ છે એજ શિવ સ્વરૂપ છે, એજ શિવ સ્વરૂપ છે, એવી મારી આજ્ઞા છે. (૪) (૧૦૮)

विदितं विदितं विदितं विदितं । विजनं विजनं विजनं विजनम्॥
हरिशासनतो हरिशासनतो । हरिशासनतो हरिशासनतः॥१०९॥

વિશેષે કરીને જનસમુહમાં જાણવા લાયક સદ્ગુરૂ પરમાત્માને જેણે જાણ્યું છે તેણેજ જાણ્યું છે, એવી હરીની આજ્ઞા છે. (૪) (૧૦૯)

एवं विधं गुरुं ध्यात्वा ज्ञानमुत्पद्यते स्वयम् ॥
तदा गुरूपदेशेन मुक्तोऽहमिति भावयेत् ॥११०॥

જ્યારે એ પ્રકારે સદ્ગુરૂનું ધ્યાન કરવાથી પોતાની આપેજ જ્ઞાન ઉત્પન્ન થાય છે ત્યારે ગુરૂના ઉપદેશથી હું મુક્ત છું એવી ભાવના કરવી. (૧૧૦)

गुरूपदेशितै मार्गैः मनः शुद्धिन्तु कारयेत् ॥
अनित्यं खण्डयेत्सर्वं यत् किञ्चिदात्म गोचरम् ॥१११॥

સદ્ગુરૂ પરમાત્માએ ઉપદેશ કરેલા માર્ગ વડે મનની શુદ્ધિ કરવી. જે કંઈ દૃષ્ટિગોચર અચેતન અનિત્ય છે. તેનું ખંડન કરવું. મિથ્યા માનવું. (૧૧૧)

ज्ञेयं सर्वमतीतं च ज्ञानं च मन उच्यते ॥
ज्ञानं ज्ञेयं समं कृत्वा यथा नान्यद्वितीयकम् ॥११२॥

જાણવા લાયક વસ્તુ સર્વથી રહિત ન્યારી તૂર્યાતીત છે. જાણવાનો માર્ગ તે મન છે એમ જાણવાનો માર્ગ અને જાણવા લાયક વસ્તુ એ ઉભયની સમતા કરતાં એથી અન્ય અદ્રિતીય નથી. (૧૧૨)

किमत्र बहुनोक्तेन शास्त्र कोटि शतैरपि ॥
दुर्लभा चित्त विश्रान्तिः विना गुरु कृपापराम् ॥११३॥

અહીંયાં બહુ કહેવાથી શું ? ? કરોડો શાસ્ત્ર વડે કરીને પણ શું ? ? કેમકે સદ્ગુરૂ પરમાત્માની પરમ કૃપા શિવાય ચિત્તની વિશ્રાન્તિ થવી દુર્લભ છે. (૧૧૩)

करुणा खड्ग घातेन छित्वा पाशाष्टकं शिशोः ॥
सम्यगानंदजनकः सद्गुरुःसोभिधीयते ॥११४॥

દયા રૂપી ખડ્ગના ઘાવથી સત્શિષ્યના આઠ પ્રકારના પાશને છેદીને સારી રીતે આનંદને ઉત્પન્ન કરે છે. તેનેજ સદ્ગુરૂ કહેવાય છે. (૧૧૪)

एवं श्रुत्वा महादेवि गुरुनिन्दां करोति यः ॥
सयाति नरकान् घोरान् यावच्चन्द्र दिवाकरौ ॥११५॥

હે પાર્વતિ !!! આ પ્રમાણે સદ્ગુરૂનો મહિમા શ્રવણ કર્યા છતાં જે ગુરૂ નિંદા કરે છે તે પ્રાણી જ્યાં સુધી ચંદ્ર સુર્ય તપે ત્યાં સુધી ઘોર નર્કમાં જાય છે. (૧૧૫)

यावत्कल्पांतको देह स्तावद्देवी गुरुं स्मरेत् ॥
गुरु लोपोन कर्तव्यः स्वच्छन्दो यदि वा भवेत् ॥११६॥

હે દેવી !! જ્યાં સુધી કલ્પાંતક દેહ હોય તો ત્યાં સુધી પણ ગુરૂ સ્મરણ કરવું. જો સ્વચ્છંદ (સ્વેચ્છાચારી) હોય તો પણ સદ્ગુરૂનો લોપ કરવો નહિં. (૧૧૬)

हुंकारेण न वक्तव्यं प्राज्ञ शिष्यैः कदाचन ॥
गुरुरग्रेन वक्तव्यं असत्यं तु कदाचन ॥११७॥
गुरु त्वं कृत्य हुं कृत्य गुरु सान्निध्य भाषणः ॥
अरण्ये निर्जले देशे स भवेत् ब्रह्मराक्षसः ॥११८॥

સદ્ગુરૂ પાસે સત્‌શિષ્યે કોઈ પણ દિવસ અહંકારથી બોલવું નહિં. તેમ કોઈ દિવસ અસત્ય બોલવું નહિં. સદ્ગુરૂને હુંકારા ટુંકારા તેમના સાનિધ્ય કરે છે તો જળ વિનાના અરણ્ય દેશમાં બ્રહ્મરાક્ષસ થાય છે. (૧૧૭-૧૧૮)

गुरु कार्यं न लंघेत नापृष्ट्वा कार्य माचरेत् ॥
न ह्युत्तिष्ठेद्दिशेऽनत्वा गुरु सद्भाव शोभितः ॥११९॥

ગુરૂએ બતાવેલા કાર્યનું ઉલ્લંઘન કરવું નહિં પુછયા શિવાય કાર્ય કરવું નહિં. ગુરૂના ઉત્તમ ભાવથી શોભીતં હૃદયના શિષ્યે ગુરૂને નમસ્કાર કર્યા શિવાય ઉઠવું નહિં. (૧૧૯)

न गुरोराश्रमे कुर्यादुःपानं परिसर्पणम् ॥
दिक्षा व्याख्या प्रभुत्वादि गुरोराज्ञां न कारयेत् ॥१२०॥

સદ્ગુરૂના આશ્રમે નિવાસ કરીને તે આશ્રમમાં થુંક, લાળ, લીંટ વગેરે નાંખવું નહિં. ગુરૂ આજ્ઞા શિવાય કોઈને દિક્ષા આપવી નહિં. કોઇને બોધ કરવો નહિં તેમ પોતાની પ્રભુતા બતાવવી નહિં. (૧૨૦)

नोपाश्रमं च पर्यंकं न च पाद प्रसारणम् ॥
नांगभोगादिकं कुर्यान्न लीलामपरामपि ॥१२१॥

સદ્દગુરૂના દેખતાં ખાટલા ઉપર સુવું નહિં. તેમ પગ પહોળા કરવા નહિં. તેમ અંગ ભોગો ન ભોગવવા અન્ય દેહ લીલા પણ કરવી નહિં. (૧૨૧)

गुरूणां सदसद्वापि यदुक्तं तन्न लंघयेत् ॥
कुर्वन्नाज्ञां दिवारात्रौ दासवन्निवसेद्गुरौ ॥१२२॥

સદ્દગુરૂજીએ સત્ વા અસત્ જે આજ્ઞા કરી હોય તેનું ઉલ્લંઘન કરવું નહિં. દિવસ રાત્રિમાં દાસવત્ આજ્ઞાનું પાલન કરી ગુરૂ પાસે નિવાસ કરવો. (૧૨૨)

अदत्तं न गुरोर्द्रव्यं उपभुञ्जीत कर्हिचित् ॥
दत्तं च रङ्कवद्ग्राह्यं प्राणोप्येते न लभ्यते ॥१२३॥

સદ્દગુરૂને કાંઈ પણ દ્રવ્ય (પદાર્થ) અર્પણ કર્યા શિવાય પોતાને માટે ઉપયોગ કરવો નહિં. પણ સદ્દગુરૂએ આપેલું હોય તે રંક થઈને લેવું. તે વડે પ્રાણનું રક્ષણ થાય છે. (૧૨૩)

पादुकासन शैयादि गुरुणा यदधिष्ठितम् ॥
नमस्कुर्वीत तत्सर्वं पादाभ्यां न स्पृशेत्कचित् ॥१२४॥

સદ્દગુરૂએ જેના ઉપર પોતાનું અધિરોહણ કરેલું છે એવી પાદુકા, આસન, શૈયા, આદિને સતશિષ્યે નમસ્કાર કરવા. અને પોતાના પગ કદાપી અડકાવવા નહિં. (૧૨૪)

गच्छतः पृष्ठतो गच्छेत् गुरुच्छायां न लङ्घयेत् ॥
नोल्बणं धारयेद्वेषं नालंकारां स्ततोल्बणान् ॥१२५॥

સદ્‌ગુરૂની પાછળ ચાલવું, સદ્‌ગુરૂની છાયાનું ઉલ્લંઘન ન કરવું. સદ્‌ગુરૂ આગળ ભયંકારી વેષ ધારણ કરવો નહિં તેમ ભયંકારી અલંકાર પણ ધરવો નહિં. (૧૨૫)

गुरुनिन्दा करं दृष्ट्वा धावयेदथवासयेत् ॥
स्थानं वा तत् परित्याज्यं जिव्हा छेदाक्षमो यदि ॥१२६॥

ગુરૂની નિંદા કરનારને જોઇને નાશી જવું અથવા તેને હબાવવો-વા તેની જીભ કાપી નાંખવી. જો તે કરવાને અસામર્થ્ય હોય તો તે સ્થાનનો ત્યાગ કરવો. (૧૨૬)

नोच्छिष्टं कस्यचिद्देयं गुरो राज्ञां न च त्यजेत् ॥
कृत्स्नमुच्छिष्टमादाय नित्यमेव व्रजेद्वहिः ॥१२७॥

સતશિષ્યે સદ્‌ગુરૂનું ઉચ્છિષ્ટ બીજા કોઇને પણ આપવું નહિં. સતુશિષ્યે ગુરૂ આજ્ઞાનો ત્યાગ કરવો નહિં સતુશિષ્યે ગુરૂ મહારાજની ઉચ્છીષ્ટ પ્રસાદી લેવી. (૧૨૭)

नानृतं ना प्रियं चैव न गर्वाभापिवा बहु ॥
न नियोग परं ब्रूयात् गुरोराज्ञां विभावयेत् ॥१२८॥

સદ્‌ગુરૂ પાસે અનૃત ભાષણ ન કરવું અપ્રિય ન બોલવું અહંકાર ન કરવો, બહુ બોલવું નહિં. આજ્ઞાથી વધારે ન બોલવું. અને સદા ગુરૂની આજ્ઞા માન્ય કરવી. (૧૨૮)

प्रभोदेव कुलेशान स्वामिन् राजन्कुलेश्वर ॥
इति संबोधने भीतो गुरुभावेन सर्वदा ॥१२९॥

હમેશાં ગુરૂ ભાવથી ભય પામેલા શિષ્યે ગુરૂને હે

પ્રભુ!! હે દેવ!! હે કુલેશાન!! હે સ્વામી!! હે રાજન!! હે કુલેશ્વર, ઈત્યાદી સંબોધનથી બોલાવવા. (૧૨૯)

मुनिभिः पन्नगैर्वापि सुरैर्वा शापितो यदि ॥
काल मृत्यु भयाद्वापि गुरुः संत्राति पार्वति ॥१३०॥

હે પાર્વતી!!! ઋષિઓએ, સર્પોએ, દેવતાઓએ શ્રાપ દીધો હોય તો પણ કાળથી, મૃત્યુના ભયથી, ગુરૂ મહારાજ રક્ષણ કરે છે. (૧૩૦)

असक्ताहि सुराद्याश्च अशक्ता मुनयस्तथा ॥
गुरु शाप मपन्नस्य रक्षणाय च कुत्रचित् ॥१३१॥

સદ્‌ગુરૂના શ્રાપને પ્રાપ્ત થયેલાનું રક્ષણ કરવાને દેવતાઓ ઋષિઓ પણ અશક્ત છે. (૧૩૧)

मंत्र राज मिदंदेवि गुरु रित्यक्षर द्वयम् ॥
स्मृति वेदार्थ वाक्यानां गुरु साक्षात्परंपदम् ॥१३२॥

હે દેવી!! ગુરૂ એ પ્રકારે બે અક્ષરનો મંત્ર તે મંત્રરાજ છે. અને સ્મૃતિ તથા શ્રુતિ વાક્યાર્થનું પરમપદ તે સાક્ષાત્ સદ્‌ગુરૂજ છે. (૧૩૨)

सत्कार मान पूजार्थं दण्ड काषाय धारिणः ॥
ससंन्यासी न वक्तव्यः संन्यासी ज्ञान तत्परः ॥१३३॥

સત્કાર, માન્ય અને પૂજનના અર્થે દંડ અને કાષાય વસ્ત્રને ધારણ કરનારને સંન્યાસી માનવો નહિં. જે કોઈ જ્ઞાન તત્પર છે. તેજ સંન્યાસી સદ્‌ગુરૂ માનવા લાયક છે. (૧૩૩)

विजानन्ति महावाक्यं गुरोश्चरण सेवया ॥
ते वै संन्यासीनः प्रोक्ता इतरे वेषधारिणः ॥१३४॥

સદ્‌ગુરૂ મહારાજના ચર્ણની સેવાના પ્રતાપથી ચાર કે બાર મહાવાકયના અર્થને જાણે છે. અર્થાત્ ચાર વેદના રહસ્ય રૂપ ચાર મહાવાકયમાં યજુર્વેદનું મહાવાકય **अहंब्रह्मास्मि** તથા ઋગવેદનું મહાવાકય **प्रज्ञानमानंदंब्रह्म** તથા શામ·વેદનું મહાવાકય **तत्वमसि** તથા અર્થવેદનું મહાવાકય **अयमात्माब्रह्म** છે. આ મહાવાકયમાં ત્રિપુટીરૂપ ત્રણ ત્રણ વાકયો છે. તેમાં ભાગ ત્યાગ લક્ષણા વડે જીવ–અને ઇશ્વ·રના વાચ્યાર્થ લક્ષ્યાર્થ ભેદ સાથેની દષ્ટિ બાદ કરતાં અવ શેષ જે ત્રીજું પદ રહે તેજ તૂર્યાતીત પરમાત્મા સ્વરૂપ છે. આ સર્વ સિદ્ધાન્તજ્ઞાન સદ્‌ગુરૂ યોગી મહારાજથી શર ણાગત ભાવનાએ કરૂણાપ્રસાદરૂપે પ્રાપ્ત કરીને જાણવું જોઇએ કે જેથી જીવ ઈશ્વરના ભેદનો લય થતાં અભેદ પરમાત્મતા સિદ્ધ જ સમજાય છે. તેજ સંન્યાસી કહેવાય છે. (માટે એવા સંન્યાસી સદ્‌ગુરૂ થવાને યોગ્ય છે કે જેને અન્ય નામથી સંત, જીવનમુક્ત, યોગી કહેવાય છે.) એ શિવાય બીજા વેષધારી છે. (૧૩૪)

नित्यं ब्रह्म निराकारं निर्गुणं बोधयेत् परम् ॥
भासयन्ब्रह्मभावं यो दीपो दीपांतरं यथा ॥१३५॥

સદ્‌ગુરૂ સંન્યાસી નિરંતર, નિરાકાર, નિર્ગુણ અને

પર સ્વરૂપનો બોધ કરે છે. અને પોતે પણ બ્રહ્મ સ્વરૂપના નિશ્ચયથી રહે કે જેમ દિવો અનેક દિવાઓને પ્રકાશ કરે છે. (૧૩૫)

गुरु प्रसादतः स्वात्मन्यात्माराम निरीक्षणात् ॥
समता मुक्ति मार्गेण स्वात्मज्ञानं प्रवर्त्तते ॥१३६॥

સદ્‌ગુરૂ મહારાજની કૃપા વડે આત્મારામ પરબ્રહ્મને જાણવાથી પોતાના આત્માને વિષે મુક્તિમાર્ગ વડે સમતા અને જ્ઞાન પ્રવર્ત્તે છે. (૧૩૬)

आब्रह्मस्तंब पर्यंतं परमात्म स्वरूपकम् ॥
स्थावरं जङ्गमं चैव प्रणमामि जगन्मयम् ॥१३७॥

બ્રહ્મથી લગાયત તૃણુપર્યંત આ સર્વ સ્થાવર જંગમાત્મક પરમાત્મા સ્વરૂપ છે. એવા જગતમય પરમાત્માને મારા નમસ્કાર છે. (૧૩૭)

वन्देऽहं सच्चिदानन्दं भावातीतं जगद्गुरुम् ॥
नित्यं पूर्णं निराकारं निर्गुणं स्वात्म संस्थितम् ॥१३८॥

હું તે સચ્ચિદાનંદને નમસ્કાર કરૂં છું કે જે ભાવાતીત છે જગત ગુરૂ છે, નિત્ય છે, પૂર્ણ છે, નિરાકાર છે, નિર્ગુણ છે, અને મારા આત્મા સ્વરૂપે સ્થીતજ છે. (૧૩૮)

परात्परतरं ध्यायेत् नित्यमानन्दकारकम् ॥
हृदयाकाशमध्यस्थं शुद्ध स्फटिक सन्निभम् ॥१३९॥

નિરંતર આનંદને આપવાવાળા અને હૃદયાકાશના

મધ્યમાં રહેલા શુદ્ધ સ્ફટિક સમાન એવા પરાત્પરતર સદ્ગુરુનું ધ્યાન કરવું. (૧૩૯)

स्फाटिके स्फाटिकं रूपं दर्पणे दर्पणो यथा ॥
तथात्मनि चिदाकार आनन्द सोऽहमित्युत ॥१४०॥

સ્ફટિકને વિષે સ્ફાટિક રૂપે શોભતા-દર્પણમાં દર્પણ રૂપે શોભતા, આત્માને વિષે ચૈતન્ય સ્વરૂપે શોભતા એજ આનંદ સ્વરૂપ તે હું આત્મા છું. (૧૪૦)

रूपातीतं हि पुरुषं ध्यायते चिन्मयं हृदि ॥
तत्र स्फुरति यो भावः शृणुतत्कथयामिते ॥१४१॥

રૂપાતીત અને ચિન્મય એવા પુરૂષ પરમાત્મા સદ્ગુરુનું હૃદયમાં ધ્યાન કરતાં તે વખતે જે ભાવ સ્ફુરાયમાન થાય છે. તે તને કહું છું તે તું સાંભળ (૧૪૧)

अजो ऽहममरो ऽहं च अनादिनिधनो ह्यहम् ॥
अविकार श्चिदानन्दो ह्यणिमान् महतो महान् ॥१४२॥
अपूर्वमपरान्नित्यं स्वयं ज्योतिर्निरामयम् ॥
विरजं परमाकाशं ध्रुवमानन्दमव्ययम् ॥१४३॥
अगोचरं तथा ऽगम्यं नाम रूप विवर्जितम् ॥
निःशब्दन्तु विजानियात् स्वभावात् ब्रह्म पार्वति ॥१४४॥

હું અજ છું અમર છું અનાદિ અને મૃત્યુથી રહિત છું. અવિકાર છું. ચિદાનંદ છું. નાનામાં નાનો છું. મોટામાં

મોટો છું. અપૂર્વ છું. હુંથી કોઇ શ્રેષ્ઠ નથી નિત્ય છું, સ્વયંજ્યોતિ છું નિરામય છું. રાગદ્વેષથી રહિત છું. પરમ આકાશ સ્વરૂપ છું નિશ્ચય છું આનંદ છું. અવ્યય છું. અગોચર છું. અગમ્ય છું. નામ રૂપથી રહીત છું. હે પાર્વતિ!! સ્વભાવથીજ આ બ્રહ્મ સ્વરૂપને શબ્દાતીત જાણ. (૧૪૨-૪૩-૪૪)

यथा गन्ध स्वभावत्वं कर्पुर कुसुमादिषु ॥
शितोष्णत्व स्वभावत्वं तथा ब्रह्मणि शाश्वतम् ॥१४५॥

જેમ કપુર અને પુષ્પને વિષે સુગંધ એ સ્વભાવ છે તથા શિત ઉષ્ણાદિકનો પણ સ્વભાવ છે. તથા તેવી રીતે બ્રહ્મને વિષે શાશ્વતપણું સ્વતઃ સિદ્ધ છે. (૧૪૫)

यथा निज स्वभावेण कुण्डले कटकादयः ॥
सुवर्णत्वेन तिष्ठन्ति तथाहं ब्रह्म शाश्वतम् ॥१४६॥

જેમ પોતાના સ્વભાવ વડે કરીને કુંડળ અને કડામાં સુવર્ણત્વ રહે છે. તેવીજ રીતે હું શાશ્વત્ બ્રહ્મ સ્વરૂપ છું એમ જાણ. (૧૪૬)

स्वयं तथा विधो भूत्वा स्थातव्यं यत्र कुत्रचित् ॥
कीटो भृङ्ग इव ध्यानात् यथा भवति तादृशः ॥१४७॥
गुरुध्यानात्तथा स्वान्ते स्वयं ब्रह्ममयो भवेत् ॥
पिण्डे पदे तथा रूपे मुक्तोऽसौ नात्र संशयः ॥१४८॥

પોતે તેવી રીતે થઇને જ્યાં ત્યાં સ્થિત થઇ રહે, જેમ

कीटभ्रमरन्यायथी કીડા ભ્રમરીનું ધ્યાન કરતો સતો ભ્રમર રૂપ થાય છે તેવી રીતે પોતાના અંતઃકરણમાં ગુરૂ મહારાજનું ધ્યાન કરવાથી પોતે બ્રહ્મમય થાય છે. એવો પુરૂષ પીંડથી પદથી અને રૂપથી મુક્ત થાય છે એમાં સંદેહ નથી—(૧૪૭–૧૪૮)

॥ पार्वत्युवाच ॥

पिण्डं किन्तु महादेव पदं किं समुदाहृतम् ॥
रूपातीतं च रूपं किं एतदाख्या हि शङ्कर ॥१४९॥

પાર્વતી કહે છે–હે મહાદેવ!! પીંડ એટલે શું ? ? પદ એટલે શું ? રૂપ એટલે શું ? અને રૂપાતીત એટલે શું ? ? તે કૃપા કરીને કહો. (૧૪૯)

॥ श्रीमहादेवउवाच ॥

पिण्डं कुण्डलिनी शक्तिः पदं हंसमुदाहृतम् ॥
रूपं बिन्दुरिति ज्ञेयं रूपातीतं निरंजनम् ॥१५०॥

મહાદેવજી કહે છે–આ શરીરમાં કુંડલિની ચક્ર છે તે શક્તિરૂપ પિંડ છે. તે પરમાત્માની અભેદ સત્તા છે. ને અભેદ સત્તાનું सोहंहंसः વા हंसः सोहं " એ તેનું પરમ પદ છે. આ હંસ સ્વરૂપ બિન્દુ રૂપથી (સગુણબ્રહ્મ) જાણવા યોગ્ય છે. (बिन्दु ह्यो गणेशस्यात्) તેજ વાણી મન અગોચર રૂપાતીત અને નિરંજન છે. કુંડલીની એ આત્મશક્તિ

મૂળપ્રકૃતિનું નામ છે. પરમ પુરૂષવાચક પરબ્રહ્મ તુર્યાતીત સ્વરૂપના સિદ્ધાન્તમાં અને પરમાત્માની સ્વતઃ સિદ્ધતાના સત્યપણામાં પ્રકૃતિ મિથ્યાભાસ છે. वाचारंभण विकारोनाम धेयं मृतिकेत्येवसत्यम् જેમ ઘડો, ગાગર, કોડીયું શાવલું વિગેરે નામ રૂપ વિકારતે વૈખરી વિનોદજ છે. સર્વમાં અને સર્વસ્વરૂપ મૃતિકા (માટી)જ સત્ય છે. તેમ પરબ્રહ્મમાં પ્રકૃતિ સ્વરૂપ દેહદૃષ્ટિ–દેહબુદ્ધિ, મિથ્યાજ જાણવી. અને તેમાં સ્વસ્વરૂપજ પરમાત્મા સત્યજ છે. એમ તે શરીર ભાનને પીંડ કહેવામાં આવે છે. શરીરના પ્રકૃતિ ભાગનો અભિમાની જે देही जीवात्मा તે સોહં સ્વરૂપ છે. તેનેજ पद કહેવામાં આવે છે–અહં ઉત્થાનની સાથે મલિનતાને પામવાથી सोहं કહેવાતો जीवात्मा જ્યારે ઊલટ મારીને પોતાના શુદ્ધ સ્વરૂપને પામે ત્યારે તે हंसः એમ થાય છે. તે સગુણ બ્રહ્મ ગણેશ સ્વરૂપ स्वरूप કહેવાય છે. અને તેજ વાણી મન અગોચર સ્વસ્વરૂપાત્મ શાન્તિ ભાવને પામે છે. તેજ स्वरूपातीत કહેવાય છે. એમ શરીર જીવ, સગુણ બ્રહ્મ, અને નિર્ગુણ બ્રહ્મનો અનુક્રમ છે. (૧૫૦)

पिण्डे मुक्तः पदे मुक्ता रूपे मुक्ता वरानने ॥
रूपातीतेषु ये मुक्ताः ते मुक्ता नात्र संशयः ॥१५१॥

હે પાર્વતી ! ! પીંડ (શરીર) થી મુક્ત, પદ (જીવ) થી મુક્ત, રૂપ (સગુણ બ્રહ્મ) થી મુક્ત, અને રૂપાતીત

(નિર્ગુણ બ્રહ્મ) થી મુક્ત તેજ સત્ય મુક્ત છે તેમાં સંશય નથી. [૧૫૧]

गुरोर्ध्यानेनेति नित्यं देहि ब्रह्ममयो भवेत् ॥
स्थितश्च यत्र कुत्रापि मुक्तोऽसौ नात्र संशयः ॥१५२॥

એમ સદ્‌ગુરૂ પરમાત્માનું ધ્યાન કરવાથી દેહનો અભિમાની જીવ-દેહી તે બ્રહ્મમય થાય છે તે ગમે ત્યાં રહ્યા હોય તો પણ મુક્ત છે એમાં સંદેહ નથી. [૧૫૨]

ज्ञानं वैराग्यमैश्वर्यं यशः श्रीः समुदाहृतम् ॥
षड् गुणैश्वर्य युक्तश्च भगवान् श्री गुरुः प्रिये ॥१५३॥

હે પાર્વતી!! જ્ઞાન, વૈરાગ્ય, ઐશ્વર્ય, યશ, લક્ષ્મી, પરાક્રમ, આ છ ગુણના ઐશ્વર્યથી યુક્ત એવા ભગવાન તેજ સાક્ષાત્ સદ્‌ગુરૂ છે. (૧૫૩)

गुरुःशिवो गुरुर्देवो गुरुर्बन्धुः शरीरिणाम् ॥
गुरुरात्मा गुरुर्जीवो गुरोरन्यन्न विद्यते ॥१५४॥

સદ્‌ગુરૂ તે ઈશ્વર સ્વરૂપ છે. સદ્‌ગુરૂ તેજ જ્યોતિ સ્વરૂપ ગણેશ છે. સદ્‌ગુરૂ દેવ તેજ બંધુ સ્વરૂપ છે. સદ્‌ગુરૂજ શરીરના અભિમાની છે. સદ્‌ગુરૂ તેજ આત્મા સ્વરૂપ છે, સદ્‌ગુરૂજ જીવાત્મા ચૈતન્ય સ્વરૂપ છે. એમ સદ્‌ગુરૂ પરમાત્મા શિવાય અન્ય કંઈપણ નથીજ નથી. (૧૫૪)

एकाकी निस्पृहः शान्तः चिन्तासूया विवर्जितः ॥
बाल्यभावेन यो भाति ब्रह्मज्ञानी स उच्यते ॥१५५॥

એકલોજ, સ્પૃહારહિત, શાન્ત સ્વભાવથી ચીંતા અને રાગદ્રેશથી રહિત, માત્ર બાલક ભાવથી જે રહે છે તેને બ્રહ્મજ્ઞાની એટલે સદ્ગુરૂ કહે છે. (૧૫૫)

न सुखं वेदशास्त्रेषु न सुखं मंत्र यंत्रके ॥
गुरोः प्रसादादन्यत्र सुखं नास्ति महीतले ॥१५६॥

વેદ શાસ્ત્રના જાણવામાં પણ સુખ નથી. મંત્રયંત્રના સાધનોમાં પણ સુખ નથી. એટલે કે આ પૃથ્વી તળમાં સદ્ગુરૂની કૃપા શિવાય બીજે કોઈ ઠેકણે પણ સુખ નથી. (૧૫૬)

चार्वाक वैष्णवमते सुखं प्राभाकरे न हि ॥
गुरोः पादांतिके यद्वत् सुखं वेदान्त समतम् ॥१५७॥

ચાર્વાક મતમાં, વૈષ્ણવ મતમાં, પ્રભાકરના મતમાં સુખ નથીજ નથી. પણ જેવું સદ્ગુરૂના ચરણકમળમાં વેદાન્તથી માન્ય કરેલું સુખ છે તેવું અન્ય સ્થાનમાં નથી. (૧૫૭)

न तत्सुखं सुरेन्द्रस्य न सुखं चक्रवर्तिनाम् ॥
यत्सुखं वीतरागस्य मुनेरेकान्त वासिनः ॥१५८॥

એવું સુખ ઇન્દ્રને પણ નથી, ચક્રવર્તીને પણ એવું સુખ નથી જેવું સુખ એકાન્ત નિવાસી રાગદ્વેષથી રહિત વિતરાગી ભક્તને છે તેવું અન્યને નથી. (૧૫૮)

रसं न [illegible] तृप्तो यः परमात्मनि ॥
इन्द्रञ्च मन्यते रंकं नृपाणां तत्र का कथा ॥१५९॥

જે બ્રહ્મ રૂપી રસને પીયે છે અને પરમાત્માને વિષે તૃપ્ત થઈ રહે છે. તે ઇન્દ્ર સરખાને પણ રંક તુલ્ય માને છે. તો બીજા રાજાઓની શી ગણત્રી ? (૧૫૯)

एकमेवाद्वितीयोहं गुरुवाक्येन निश्चितः ॥
एवमभ्यस्यता नित्यं न सेव्यं वै वनांतरम् ॥१६०॥

એક અને અદ્વિતીય એવો હું છું એમ ગુરૂ વાકયથી જેણે નિશ્ચય કરેલો છે અને તે પ્રમાણેજ અભ્યાસ કરી રહ્યો છે, તેને વનવાસ સેવવાની જરૂર નથી. (૧૬૦)

अभ्यासान्निमिषेणैव समाधिमधिगच्छति ॥
आ जन्म जनितं पापं तत्क्षणादेव नश्यति ॥१६१॥

ઉપર મુજબ અભ્યાસ કરવાથી એક નિમિષ માત્રમાં સમાધિને પ્રાપ્ત થાય છે અને આ જન્મનું કરેલું પાપ ક્ષણમાં નાશ પામે છે. (૧૬૧)

किमावाहनमव्यक्ते व्यापके किं विसर्जनम् ॥
अमूर्तौ च कथं पूजा कथं ध्यानं निरामये ॥१६२॥

અવ્યક્ત સ્વરૂપનું આવાહન શું ?? વ્યાપકનું વિસર્જન શું ?? અમૂર્ત્તની પુજા શું ?? જન્મ મરણથી રહિત નિરામયનું ધ્યાન શું ?? (૧૬૨)

गुरुर्विष्णुः सत्त्वमयो राजसश्चतुराननः ॥
तामसो रुद्र रूपेण सृज्यत्यवति हन्ति च ॥१६३॥

સત્વમય સ્વરૂપ ગુરૂ વિષ્ણુરૂપ છે. રજોમય સ્વરૂપ ગુરૂ

બ્રહ્મા છે. અને તમોમય સ્વરૂપ ગુરૂ રૂદ્ર છે. તે ઉત્પન્ન કરે છે પાલન કરે છે અને નાશ કરે છે. (૧૬૩)

स्वयं ब्रह्ममयो भूत्वा तत्परश्चावलोकयेत् ॥
परात्परतरं नान्यत् सर्वगे तन्निरामयम् ॥१६४॥

પોતે બ્રહ્મા થઇને તે સદ્ગુરૂ પરમાત્માનું અવલોકન કરવું. તે પરમાત્માથી પરતર કાંઇ નથી. સર્વ સ્થાને પ્રાપ્ત થયેલા તે નિરામયજ છે. (૧૬૪)

तस्यावलोकनं प्राप्य सर्व सङ्ग विवर्जितः ॥
एकाकी निस्पृहः शान्तः स्थाता वै तत्प्रसादतः॥१६५॥

તે પરમાત્મા સદ્ગુરૂનું અવલોકન કરીને સર્વ સંગથી રહિત રહે. એકલો નિસ્પૃહ, શાન્ત, એવો તે સદ્ગુરૂની કૃપાના પ્રસાદથી સ્થિત થાય (૧૬૫)

लब्धंवाथ न लब्धं वा स्वल्पं वा बहुलं तथा ॥
निष्कामे नैवं भोक्तव्यं सदा संतुष्ट मानसम् ॥१६६॥

તેને પ્રાપ્ત થાઓ કે ના થાઓ થોડું મળો વા વધારે મળો. છતાં સંતોષ મન વાળા પુરૂષોએ નિષ્કામ બુદ્ધિથી યથા દેહ સંસ્કાર ભોગવવા. (૧૬૬)

सर्वज्ञं पदमित्याहुः देहि सर्वमयो भुवि ॥
सदानन्दः सदाशान्तो रमते यत्रकुत्रचित् ॥१६७॥

ભૂમંડળમાં હમેશાં આનંદસ્વરૂપથી સદા શાન્તમાં રહેનારા એવા સર્વમય-પુરૂષો ગમે ત્યાં ફરે હરે તો પણ

તેનું સર્વજ્ઞતાપણું સિદ્ધ છે. (૧૬૭)

यत्रैव तिष्ठते सोऽपि सदेशः पुण्यभाजनः ॥

मुक्तस्य लक्षणं चैव तवाग्रे कथितं मया ॥१६८॥

આવો બ્રહ્મજ્ઞાની, સંત, સન્યાસી મહાત્મા જ્યાં રહે છે. તે દેશ પવિત્ર ગણાય છે. એવા મુક્ત પુરૂષનાં આ લક્ષણ કહ્યાં છે. (૧૬૮)

उपदेशस्त्वय देवि गुरु मार्गेण मुक्तिदः ॥

गुरुभक्ति स्तथात्यंता कर्त्तव्या वै मनिषिभिः ॥१६९॥

હે દેવી ! ! આ ઉપદેશક સંત, સદ્‌ગુરૂના માર્ગ વડે કરીને જ તે બોધમાર્ગ મુક્તિને આપનારો છે તેટલા માટે વિદ્વાનોએ ગુરૂ મહારાજની શ્રેષ્ઠ ભક્તિ કરવી. (૧૬૯)

नित्य युक्ताश्रयः सर्वो वेदकृत् सर्ववेदकृत् ॥

स्वपर ज्ञान दाता च तं वन्दे गुरुमीश्वरम् ॥१७०॥

નિરંતર સાવધાન એવા સર્વને આશ્રય રૂપ, સર્વ સ્વરૂપ, વેદને કરનાર અને સર્વને જાણનાર, સર્વને ઉત્પન્ન કરનાર, પોતાના અને પરત્વના જ્ઞાનને આપનાર એવા ઈશ્વર સ્વરૂપ સદ્‌ગુરૂને હું નમસ્કાર કરૂં છું. (૧૭૦)

यद्यप्यधीता निगमाः षडङ्गान्यागमाः प्रिये ॥

अध्यात्मादीनि शास्त्राणि ज्ञानं नास्ति गुरुं विना ॥१७१॥

હે પાર્વતી ! ! જો કે છ અંગ સહ શાસ્ત્ર અને વેદો ભણ્યા હોય તથા આત્મજ્ઞાન વાળાં વેદાન્ત શાસ્ત્રનું અધ્યયન

કર્યું હોય તો પણ સદ્દગુરૂ વિના જ્ઞાન નથી. (૧૭૧)

निरस्त सर्व संदेहो एकी कृत्य सुदर्शनम् ॥
रहस्यं यो दर्शयति भजामि गुरुमीश्वरम् ॥१७२॥

સર્વ પ્રકારના શંશયો નાશ કરીને એટલે પુરાણોના ઇષ્ટભેદ સંશયનો નાશ કરીને (પુરાણોમાં જુદા જુદા નામની ભક્તિનું સૂચન હોવાથી ભક્તોને શંકા થાય છે. પણ પરમાત્મા સદ્દગુરૂના પાદ કમળાર નામની ભિન્નતાનો લય સમજાવી તે પોતે પરમાત્માજ છે એમ સમજાવી) તથા દર્શન એટલે શાસ્ત્રો (ન્યાય, તર્કશાસ્ત્ર, યોગશાસ્ત્ર વૈશેષીક શાસ્ત્ર, પૂર્વમિમાંસા શાસ્ત્ર, અને ઉત્તર મિમાંસાશાસ્ત્ર એટલે મહા વેદાન્તશાસ્ત્ર) ના જુદા જુદા પ્રકારથી પ્રતિપાદન રૂપ ભિન્નભેદ પણ એકજ પરમાત્માને પ્રતિપાદન કરે છે. એમ યોગ્ય રીતે યથાર્થ સમજાવી તથા વેદોના ગુપ્ત રહસ્યને જે યથાર્થ રીતે સમજાવે છે. એવા ઈશ્વર સ્વરૂપ સદ્ગુરૂ મહારાજનું હું નિત્ય ભજન કરૂં છું. (૧૭૨)

ज्ञानहीनो गुरुस्त्याज्यो मिथ्यावादी विडंबकः ॥
स्वविश्रान्तिं न जानाति परशान्तिं करोति किम् ॥१७३॥

જ્ઞાન વિનાના ગુરૂનો ત્યાગ કરવો મિથ્યા વાદી, વીતંડા કરનાર એવા ગુરૂનો પણ ત્યાગ કરવો કે જે પોતાની વિશ્રાન્તિ [આરામ] ને એટલે મુક્તિના માર્ગને જાણતો નથી તો તે ભક્તોની શાન્તિ કેમ જ કરશે ? ? [૧૭૩]

शिलायाः किं परं ज्ञानं शिलासंघ प्रतारणे ॥
स्वयं तर्तुं न जानाति परं निस्तारयेत्कथम् ॥१७४॥

પથ્થરના સમુહને તારવાનું જ્ઞાન પથ્થરને ક્યાંથી હોય? કેમકે પોતે તરી જાણતો નથી તો અન્યને શી રીતે તારશે? [૧૭૪]

न वन्दनीयास्ते कष्टं दर्शनात् भ्रान्ति कारकाः ॥
वर्जयेत्तान् गुरून्दूरे धीरस्यतु समाश्रयेत् ॥१७५॥

જેના દર્શન કરવાથી ભ્રાન્તિ ઉત્પન્ન થાય એવા તે દુઃખ કર્ત્તા ગુરૂને નમસ્કાર ન કરવા તેનો દૂરથીજ ત્યાગ કરવો. માત્ર ધૈર્યવાન ગુરૂનો આશ્રય કરવો અર્થાત્ દેહના મોહમાં આરૂઢ બનેલા વેદાન્તના મુખપાઠ કરનારા કરાવનારા દેહાભીમાની ગુરૂ સર્વદા ત્યાગ કરવા યોગ્ય છે. [૧૭૫]

पाखंडिनः पापरताः नास्तिका भेदबुद्धयः ॥
स्त्री लंपटा दुराचाराः कृतघ्ना बकवृत्तयः ॥१७६॥
कर्मभ्रष्टाः क्षमानष्टाः निंद्यतर्कैश्च वादिनः ॥
कामिनः क्रोधिनश्चैव हिंसा चंडाः शठास्तथा ॥१७७॥
ज्ञान लुप्ता न कर्त्तव्या महापापा स्तथा प्रिये ॥
एभ्यो भिन्नो गुरुः सेव्यः एकभक्तया विचार्य च ॥१७८॥

હે પાર્વતી!!! મોઢેથી બ્રહ્મજ્ઞાન કથવાવાળા અને દેહ બુદ્ધિમાં રમનારા તે પાખંડી. પાપબુદ્ધિથી એટલે રાગદ્વેષથી યુક્ત, તથા ગર્ભપાતાદીક નિંદ્યકર્મમાં આરૂઢ બનેલા

વિધવાગમન કરવાવાળા પાપી, વેદશાસ્ત્રનાં કર્મઉપાસનાદિમાં અનૂ આસ્થાવાળા, જેની ભેદબુદ્ધિ છે એવા, ઓલંપટ, દુરાચારી, ગુણનો ઘાત કરવાવાળા, બગલાની વૃત્તિની પેઠે મચ્છભોગી, કર્મભ્રષ્ટ, ક્ષમાભ્રષ્ટ, નિંદ્ય તર્કોથી મીથ્યાવાદ કરવાવાળા, કામી, ક્રોધી, પ્રચંડ હિંસા કરવાવાળા, શઠ, [કંજુસ] જ્ઞાનરહિત, મહાપાપી એવા ગુરૂ કદાપી કરવા નહિં આટલા દુષ્ટ લક્ષણોથી રહીત જ્ઞાતા સંત સદ્ગુરૂ કરવા અને એક ભક્તિથી વિચાર કરી તેની સેવા કરવી. [૧૭૬ -૧૭૭-૧૭૮]

शिष्यादन्यत्र देवेशि नवदेद्यस्य कस्यचित् ॥
नराणां च फल प्राप्तौ भक्तिरेवहि कारणम् ॥१७९॥

હે પાર્વતી!! શિષ્ય શિવાય બીજા કોઇને આ વાત કહેવી નહિ. મનુષ્યોને ફળની પ્રાપ્તીને માટે ભક્તિજ એજ સબળ કારણ છે. [૧૭૯]

गूढा दृढाश्च प्रीताश्च मौनेन सुसमाहिताः ॥
सकृत्कामगतो वापि पंचधा गुरुरीरितः ॥१८०॥

ગુપ્ત વિદ્યાને જાણનારા, દ્રઢ નિશ્ચયવાળા પ્રસન્ન રહેવાવાળા, અનૃત ભાષણ ન બોલવાવાળા, નિશ્ચય કામ કરવા વાળા આ પાંચ પ્રકારના લક્ષણથી ગુરૂ કહ્યા છે. [૧૮૦]

सर्वं गुरुमुखा लब्धं सफलं पापनाशनम् ॥
यद्यदात्महितं वस्तु तत्तद्रव्यं न वंचयेत् ॥१८१॥

ગુરૂના મુખથકી પ્રાપ્ત થયેલું સર્વ સફળ થાય છે. પાપનો નાશ કરે છે. જે જે પોતાને હિતકર્તા છે તે તે દ્રવ્યો ગુરૂથી છાનાં રાખવાં નહિં. [૧૮૧]

गुरुदेवार्पणं वस्तु तेन तुष्टोस्मि सुव्रते ॥
श्री गुरोः पादुकां मुद्रां मूल मंत्रं च गोपयेत् ॥१८२॥

હે પાર્વતી !!! શ્રીસદ્‌ગુરૂદેવને અર્પણ કરેલી વસ્તુથી હું સદા સંતોષ છું. શ્રીગુરૂમહારાજની પાદુકા, મુદ્રા અને મુલમંત્ર તેને ગુપ્ત રાખવાં. [૧૮૨]

नतास्मते नाथ पदारविंदं ।
बुद्धीन्द्रिय प्राणमनो वचोभिः ॥
यच्चिंत्यते भाव तदात्म युक्तौ ।
मुमुक्षुभिः कर्मभयोपशान्तिः ॥१८३॥

હે સદ્‌ગુરૂ ગણનાથ!! તમારા ચર્ણાર્વિંદને નમસ્કાર છે કે જે ચર્ણકમલ–મોક્ષની ઇચ્છાથી કર્મની શાન્તિને ઇચ્છવા વાળાઓએ બુદ્ધિ, ઇન્દ્રિય, પ્રાણ, મન અને વાણી વડે શ્રદ્ધા પૂર્વક એકાત્મચિત્તથી ચિંતન કરવા યોગ્ય છે. [૧૮૩]

अनेन यद्भवेत् कार्यं तद्वदामि तव प्रिये ॥
लोकोपकारकं देवि लौकिकं तु विवर्जयेत् ॥१८४॥

હે પ્રિયે !! આ કરવાથી જે કાર્ય થાય છે તે તને હું કહું છું. કે જે લોકોપકારક છે. માત્ર લૌકિકનો ત્યાગ કરવો. (૧૮૪)

लौकिकाद्धर्मतो याति ज्ञानहीनो भवार्णवे ॥
ज्ञानाभावे च यत्सर्वं कर्म निष्कर्म शाम्यति ॥१८५॥

લૌકિક કાર્યો કરવાવડે ધર્મથી ભ્રષ્ટ થાય છે. અને સંસારસમુદ્રને વિષે જ્ઞાનહિન રહે છે જ્ઞાનના અભાવથી નિષ્કર્મ કર્મને વિલય થાય છે. (૧૮૫)

इमांतु भक्ति भावेन पठन्वै शृणु यादपि ॥
लिखित्वा यत्प्रदानेन तत्सर्वं फलमश्नुते ॥१८६॥

આ ગુરૂગીતા ભક્તિભાવ વડે ભણે છે. સાંભળે છે, લખીને આપે છે તે સર્વ ફળને પામે છે. (૧૮૬)

गुरुगीतामिमां देवि हृदि नित्यं विभावय ॥
महाव्याधि गतैर्दुःखैः सर्वदा प्रजपेन्मुदा ॥१८७॥

હે દેવી ! ! આ ગુરૂગીતાની નિરંતર હ્રદયમાં ભાવના કરે, મહાવ્યાધિ વડે પ્રાપ્ત થતા દુઃખમાં પણ હમેશાં હર્ષથી તેના જાપ કરે. (૧૮૭)

गुरुगीताक्षरैकैकं मंत्रराजमिदं प्रिये ॥
अन्ये च विविधा मंत्राः कलां नार्हंति षोडशीम् ॥१८८॥

હે પાર્વતી ! ! આ ગુરૂગીતાનો એક એક અક્ષર મંત્રરાજ સમાન છે બીજા અનેક પ્રકારના મંત્રો છે. પણ આ ગુરૂગીતાનાં મંત્રરાજની સોળમી કળા બરાબર પણ નથી. (૧૮૮)

अगाधं फल माप्नोति गुरुगीता जपे न तु ॥
सर्व पाप हरा देवि सर्व दारिद्र्य नाशिनी ॥१८९॥

આ ગુરૂગીતાનો જાપ કરવાથી અગાધ ફળની પ્રાપ્તિ થાય છે. હે દેવી !! આ ગુરૂગીતા સર્વ પાપનું હરણ કરનારી, અને સર્વ દારીદ્રનો નાશ કરનારી છે. (૧૮૯)

काल मृत्यु हरा चैव सर्व संकट नाशिनी ॥
यक्ष राक्षस भूतादि चोरं व्याघ्र विघातिनी ॥१९०॥
सर्वोपद्रवकुष्ठादि दुष्ट दोष निवारिणी ॥
यत्फलं गुरु सानिध्यात् तत्फलं पठनाद्भवेत् ॥१९१॥

કાળ મૃત્યુને હરણ કરવા વાળી છે. સર્વ સંકટનો નાશ કરનારી છે, યક્ષ રાક્ષસ ભૂતાદિ ચોર વાઘના ભયમંથી મુક્ત કરનારી છે સર્વ પ્રકારના ઉપદ્રવ, કોઢ આદિ દુષ્ટ દોષનું નિવારણુ કરનારી છે. ગુરૂની સાનીધ્ય રહેવાથી જે ફળ થાય છે તેટલુંજ ફળ આ ગુરૂગીતાનો પાઠ કરવાથી છે. (૧૯૦-૧૯૧)

महाव्याधि हराः सर्वाः विभूतिः सिद्धिदा भवेत् ॥
अथवा मोहने वश्ये स्वयमेव जपेत्सदा ॥१९२॥

સર્વ પ્રકારની વ્યાધીને હરનાર અને સર્વ પ્રકારની સિદ્ધિની વિભૂતિને આપનાર છે. મોહન વશીકરણાદીકમાં પણ ગુરૂગીતાનો પાઠ કરે. [૧૯૨]

कुश दूर्वासने देवि ह्यासने शुभ्र कंबले ॥
उपविश्य ततो देवि जपेदेकाग्र मानसः ॥१९३॥

હે દેવી !! દર્ભ અને દૂર્વાના આસન ઉપર અથવા ધોળી કાંબળના ઉપર બેસીને એકાગ્ર મનથકી જપ કરે. [૧૯૩]

शुक्लं सर्वत्र वै प्रोक्तं वश्ये रक्तासनं प्रिये ॥
पद्मासने जपे न्नित्यं शान्ति वश्यकरं परम् ॥१९४॥

સર્વ સ્થળમાં શુકલ આસન કહ્યું છે. વશીકરણમાં રક્ત આસન લેવું પદ્માસનથી જપ કરવા વડે શાન્તીને વશ કરી શકે છે. [૧૯૪]

वस्त्रासने च दारिद्र्यं पाषाणे रोग संभवः ॥
मेदिन्यां दुःखमाप्नोति काष्टेभवति निष्फलम् ॥१९५॥

વસ્ત્રના આસન ઉપર બેસી જપ કરવાથી દારિદ્રયતા ઉત્પન્ન થાય છે પાષાણુના આસન ઉપર બેસી જપ કરવાથી રોગનો સંભવ છે. પૃથ્વીના આસન ઉપર બેસવાથી દુઃખની પ્રાપ્તી છે. અને કાષ્ટના આસનથી મંત્ર નિષ્ફળ છે. [૧૯૫]

कृष्णाजिने ज्ञान सिद्धि मोक्षश्री व्याघ्र चर्मणि ॥
कुशासने ज्ञानसिद्धिः सर्व सिद्धिस्तु कंबले ॥१९६॥

કૃષ્ણ મૃગના ચર્મ ઉપર આસન કરી જપ કરવાથી જ્ઞાનસિદ્ધિ થાય છે અને વ્યાઘ્ર ચર્મના આસનથી મોક્ષ અને લક્ષ્મીની પ્રાપ્તી થાય છે કુશાસનથી જ્ઞાનસિદ્ધિ અને કંબલાસનથી સર્વ સિદ્ધિ થાય છે. (૧૯૬)

आग्नेयां कर्षणं चैव वायव्यां शत्रु नाशनम् ॥
नैऋत्यां दर्शनं चैव ईशान्यां ज्ञानमेव च ॥१९७॥
उदङ्मुखः शान्ति जाप्ये वश्ये पूर्वमुखस्तथा ॥
याम्येतु मारणं प्रोक्तं पश्चिमे च धनागमः ॥१९८॥

આકર્ષણ કાર્યમાં અગ્નિકોણ, શત્રુનાશન કાર્યમાં વાયુ કોણ, દર્શન કાર્યમાં નૈઋત્ય કોણ, અને જ્ઞાનકાર્યમાં ઇશાન કોણ, શાન્તિ જાપ્યમાં ઉત્તરાભિમુખ, વશ્ય કાર્યમાં પૂર્વાભિમુખ, મારણ કાર્યમાં દક્ષિણાભિમુખ અને ધન પ્રાપ્તી કાર્યમાં પશ્ચિમાભિમુખથી સિદ્ધિ છે. (૧૯૭-૧૯૮)

मोहनं सर्व भूतानां बन्धे मोक्ष करं परम् ॥
देवराज्ञां प्रियकरं राजानं वशमानयेत् ॥१९९॥

આ ગુરૂગીતા સર્વ પ્રાણીમાત્રને મોહન કરનાર છે. બંધનમાંથી મુક્ત કરનાર છે. દેવ અને રાજાને પ્રિય કરનાર છે અને રાજાને વશ કરનાર છે. (૧૯૯)

मुख स्तंभकर चैव गुणानां च विवर्धनम् ॥
दुष्कर्म नाशनं चैव तथा सत्कर्म सिद्धिदम् ॥२००॥

શત્રુ મુખને સ્તંભન કરનાર છે, સદ્‌ગુણોને વધારનાર છે, પાપકર્મનો નાશ કરનાર છે, અને સત્કર્મોની સિદ્ધિ આપનાર છે. (૨૦૦)

असिद्धं साधयेत्कार्यं नवग्रह भयावहम् ॥
दुःस्वप्न नाशनं चैव सुस्वप्न फल दायकम् ॥२०१॥

અસાધ્ય કાર્યને સિદ્ધ કરનાર છે, નવગ્રહ ભયને દૂર કરનાર છે. દુસ્વપ્નનો નાશ કરનાર છે અને સુસ્વપ્ન ફળને આપનાર છે. [૨૦૧]

सर्व शान्ति करं नित्यं तथा वंध्या सुपुत्रदम् ॥
अवैधव्य करं स्त्रीणां सौभाग्यस्य विवर्द्धनम् ॥२०॥

નિરંતર સર્વ પ્રકારની શાન્તિ આપનાર છે વંઝા સ્ત્રીને પુત્ર સુખ આપનાર છે સ્ત્રીઓને અવૈધવ્ય કરનાર છે અને સૌભાગ્યને વધારનાર છે. [૨૦૨]

आयुरारोग्य मैश्वर्य पुत्र पौत्र विवर्धनम् ॥
निष्काम जापी विधवा पठेन्मोक्षमवाप्नुयात् ॥२०३॥

આયુર્દા—આરોગ્યતા, એશ્વર્ય, પુત્ર, પૌત્ર આદીને વધારનાર છે. વિધવા સ્ત્રી નિષ્કામથી પાઠ કરે તો મોક્ષની પ્રાપ્તિ કર્તા છે. [૨૦૩]

अ वैधव्यं स कामातु लभते चान्य जन्मनि ॥
सर्व दुःख भयं विघ्नं नाशयेत्ताप हारकम् ॥२०४॥

સકામ ઇચ્છાથી જો વિધવા સ્ત્રી આ ગુરૂગીતાનો પાઠ કરે તો અન્ય જન્મમાં તે સોભાગ્યને પ્રાપ્ત થાય છે. સર્વ દુઃખ, વિઘ્ન, ભયને નાશ કરનાર છે. અને સર્વ પ્રકારના તાપને હરનાર છે. (૨૦૪)

सर्व पाप प्रशमनं धर्म कामार्थ मोक्षदम् ॥
यं यं चिंतयते कामं तं तं प्राप्नोति निश्चितम् ॥२०५॥

સર્વ પ્રકારના પાપને સમાવનાર, ધર્મ, કામ, અર્થ અને મોક્ષને આપનાર, છે. જે જે કામની ઇચ્છા રાખે છે તે તે કામ નિશ્ચય થાય છે. [૨૦૫]

कामानां कामधेनुर्वै कल्पिते कल्प पादपः ॥
चिंतामणि श्चिंतितस्य सर्व मंगल कारकम् ॥२०६॥

કામના વાળાઓને કામધેનુ બરાબર, કલ્પના વાળાઓને કલ્પવૃક્ષ બરાબર. ચિંતીતને ચિન્તામણી બરાબર આ ગુરૂગીતા સર્વ મંગલ પ્રદ છે. [૨૦૬]

लिखित्वा पूजयेद्यस्तु मोक्षश्रिय मवाप्नुयात् ॥
गुरु भक्ति विंशेषेण जायते हृदि सर्वदा ॥२०७॥

આ ગુરૂગીતા લખીને હમેશાં જે તેની પૂજા કરે છે તે મોક્ષ અને લક્ષ્મીને પામે છે. હમેશાં તેના હૃદયમાં ગુરૂભક્તિ નિવાસ કરે છે. (૨૦૭)

जपंति शाक्ताः सौराश्च गाणपत्याश्च वैष्णवाः ॥
शैवाः पाशुपताः सर्वे सत्यं सत्य न संशयः ॥२०८॥

શક્તિના ઉપાસક, સૂર્યોપાસક, ગણપતિના ઉપાસક, વિષ્ણુના ઉપાસક, અને શિવના ઉપાસક તેમ પાશુપતના ઉપાસકો આ ગુરૂગીતાનો જાપ કરે છે એ વાત સત્ય છે એમાં શંશય નથી. (૨૦૮)

अथ काम्य जप स्थानं कथयामि वरानने ॥
सागरान्ते सरित्तीरे तीर्थे हरि हरालये ॥२०९॥

शक्तिदेवालये गोष्ठे सर्वदेवालये शुभे ॥
वटस्य धात्र्या मूले वा मठे वृन्दावने तथा ॥२१०॥
पवित्रे निर्मले देशे जपानुष्ठानतोऽपि वा ॥
निर्वेदनैन मौनेन जपं स्तोत्रं समारभेत् ॥२११॥
जाप्येन जयमाप्नोति जपसिद्धि फलं तथा ॥
हीनकर्म त्यजेत्सर्वं गर्हित स्थानमेव च ॥२१२॥

હે પાર્વતી !! ત્યારપછી કામનાવાળાના જપનાં સ્થાન કહું છું. સાગરના તટ ઉપર, નદીના તીર ઉપર તીર્થમાં શિવવિષ્ણુના મંદિરમાં, શક્તી આદીના દેવાલયોમાં, ગાયની કોઢમાં, તમામ દેવતાઓના સ્થાનમાં, શુભસ્થાનમાં વડના મૂળ આગળ, આમંલીના મૂળ આગળ, મઠમાં, તુળસીના વનમાં, પવિત્ર નિમળ દેશમાં જે કોઈ જપનું અનુષ્ઠાન કરે છે. મૌન રહે છે. અને આ સ્તોત્રનો સમારંભ કરી ગુરૂમહારાજને નિવેદન કરે છે. તો જપ કરવાથી જય પ્રાપ્ત થાય છે. જપસિદ્ધિનું ફળ મળે છે માટે સર્વ હિનકર્મનો ત્યાગ કરવો. તથા નિંદીત સ્થાનનો ત્યાગ કરવો.
(૨૦૯–૧૦–૧૧–૧૨)

स्मशान भय भूमौ वा वटमूले च कानने ॥
सिद्ध्यंति कानके मूले चूत वृक्षस्य सन्निधो ॥२१३॥

સ્મશાનની ભયંકારી પૃથ્વીમાં, તથા વડના મૂળમાં, વનમાં ધંતુરાના મૂળમાં તથા આંબાના વૃક્ષની સંનિધમાં સિદ્ધિને પામે છે. [૨૧૩]

पीतासनं मोहनेतु ह्यसितं चाभिचारिके ॥
श्वेतं शुक्लं च शान्त्यर्थं वश्ये रक्तं प्रकीर्तितम् ॥२१४॥

મોહનકાર્યમાં પીળું આસન, મરણમાં કાળુ આસન; શાન્તિકાર્યમાં ધોળુ આસન, અને વશ્યાદિ કાર્યમાં રાતુ આસન રાખવું. (૨૧૪)

जपं हिनासनं कुर्वन् हीनकर्म फलप्रदम् ॥
गुरुगीतां प्रयाणे वा संग्रामे रिपु संकटे ॥२१५॥
जपन् जयमवाप्नोति मरणे मुक्तिदायिकाम् ॥
सर्वकर्माणि सिद्धयंति गुरुपुत्रेन संशयः ॥२१६॥

આસનહિન જપ કરવાથી હીનકર્મના ફળને આપનાર છે. પ્રવાસમાં, સંગ્રામમાં શત્રુના સંકટ સમયે ગુરૂગીતાનો જાપ કરવાથી જય પામે છે અને મરણને વિષે મુક્તીને આપે છે. ગુરૂના શિષ્યોનાં સર્વ કર્મ સિદ્ધ થાય છે એમાં સંદેહ નથી. [૨૧૫-૨૧૬]

गुरु मंत्रो मुखे यस्य तस्य सिद्धयन्ति नान्यथा ॥
दिक्षया सर्व कर्माणि सिद्धयन्ति गुरु पुत्रके ॥२१७॥

જેના મુખમાં ગુરૂમંત્ર છે. તેનાં સર્વ કાર્ય સિદ્ધ થાય છે. અન્યથા નહિ. તેમજ દિક્ષા પામવાથી પણ સર્વ કર્મની સિદ્ધિ થાય છે. [૨૧૭]

भव मूल विनाशाय चाष्टपाश निवृत्तये ॥
गुरुगीतांभसिस्नानं तत्वज्ञः कुरुते सदा ॥२१८॥

તત્વને જાણનારા સંસાર મૂળનો નાશ કરવાને માટે તથા આઠ પ્રકારના પાશથી નિર્મુક્ત થવા માટે આ ગુરૂગીતારૂપી ગંગાના જળમાં સ્નાન કરે છે. (૨૧૮)

सएव सद्गुरुः साक्षात् सदसद्ब्रह्मवित्तमः ॥
तस्य स्थानानि सर्वाणि पवित्राणि न संशयः ॥२१९॥

તેજ સત્ અસત્ બ્રહ્મસ્વરૂપને જાણનાર સદ્ગુરૂ છે તેમનાં સર્વ સ્થાનો પણ પવિત્ર છે. એમાં શંશય નથી [૨૧૯]

सर्व शुद्धः पवित्रोऽसो स्वभावाद्यत्र तिष्ठति ॥
तत्र देवगणाः सर्वे क्षेत्र पीठे चरन्ति च ॥२२०॥

જ્યાં આવા પ્રિયપતિ સ્વરૂપ સદ્ગુરૂ મહારાજનો નિવાસ છે ત્યાં સર્વ શુદ્ધજ છે પવિત્રજ છે અને ત્યાંજ સર્વ દેવગણો તે ક્ષેત્રપીઠમાં વીચરે છે. [૨૨૦]

आसनस्थाः शयानावा गच्छान्ति स्तिष्ठतो ऽपि वा ॥
अश्वारूढा गजारूढाः सुषुप्ता जाग्रतोऽपि वा ॥२२१॥
शुचिर्भूता ज्ञानवंता गुरुगीतां जपन्ति ये ॥
तस्य दर्शन संस्पर्शात् पुनर्जन्म न विद्यते ॥२२२॥
समुद्रे वै यथा तोयं क्षीरे क्षीरं जले जलम् ॥
भिन्ने कुंभे यथाकाशं तथात्मा परमात्मनि ॥२२३॥

આસન ઉપર બેસીને, સુતે સુતે, ચાલતાં ચાલતાં ઊભા રહેતાં, ઘોડા ઉપર બેસતાં, હાથી ઉપર બેસતાં ઊંઘમાં, જાગૃતમાં પવિત્રપણે જ્ઞાનવાન પુરૂષો આ ગુરૂગીતાનો જાપ

કરે છે. તેના દર્શનથી તથા સ્પર્શથી પુનઃજન્મ નથી.

જેમ સમુદ્રમાં જળનો, ક્ષીર (દુધ) માં ક્ષીરનો, જળનો જળમાં અને ઘટાકાશનો મહદાકાશમાં જેમ સમાવેશ છે તેમ આત્માનો પરમાત્મામાં સમાવેશ છે. (૨૨૧-૨૨-૨૩)

तथैव ज्ञानवान् जीवः परमात्मनि सर्वदा ॥
ऐक्येन रमते ज्ञानी यत्र कुत्र दिवानिशम् ॥२२४॥

તેજ પ્રકારે જ્ઞાનવાન જીવાત્મા પરમાત્માને વિષે સદાકાળ જ્યાં ત્યાં દિવસરાત્રીમાં ઐક્ય સ્વરૂપના ભાવથી રમે છે. [૨૨૪]

एवं विधो महायुक्तो सर्वत्र वर्त्तते सदा ॥
तस्मात्सर्व प्रकारेण गुरुभक्तिं समाचरेत् ॥२२५॥

આ પ્રકારે જ્ઞાનવાન પુરૂષો સદા સાવધ થઇને સર્વત્ર વર્તે છે. તેટલાજ માટે સર્વ પ્રકારે સદ્દગુરૂ ભક્તિનો સદા આશ્રય કરવો. (૨૨૫)

गुरु संतोषणादेव मुक्तो भवति पार्वति ॥
अणिमादिषु भोक्तृत्वं कृपयादेवि जायते ॥२२६॥

હે પાર્વતી!! ગુરૂના સંતોષથી હમેશાં મુક્તિજ છે. સદ્દગુરૂની કૃપાથી અણિમાદિ સિદ્ધિઓનો ભોક્તા થાય છે. ૨૨૬

साम्ये न रमते ज्ञानी दिवा वा यदि वा निशी ॥
एवं विधो महा मौनी त्रैलोक्य समतां व्रजेत् ॥२२७॥

જ્ઞાની પુરૂષ દિવસરાત્રીમાં સમબુદ્ધિથી રમે છે. આ

પ્રકારનો મહામૌનનો વિધિ ત્રણેલોકની સમતાને પ્રાપ્ત કરી શકે છે. [૨૨૭]

अथ संसारिणः सर्वे गुरुगीता जपेन तु ॥
सर्वान् कामांस्तु भुंजंति त्रिसत्यं मम भाषितम् ॥२२८॥

એટલાજ માટે સર્વ સંસારમાં રહેનારા ગૃહસ્થાશ્રમી પુરૂષો ગુરૂગીતાનો જાપ કરવાથી સર્વ કામનાઓને ભોગવે છે. આ માઈ કહેલું વચન ત્રણે કાળમાં સત્યજ છે. [૨૨૮]

सत्यं सत्यं पुनः सत्यं धर्म सांख्यं मयोदितम् ॥
गुरुगीता समं स्तोत्रं नास्ति तत्त्वं गुरोः परम् ॥२२९॥

સત્ય છે, સત્ય છે, સત્ય છે. ધર્મ અને સાંખ્યવાળું આ માઈ કહેલું સત્ય છે. કે આ ગુરૂગીતા સમાન સ્તોત્ર નથી તેમ ગુરૂ પરમાત્માથી અન્ય તત્વ પણ નથી. [૨૨૯]

गुरुर्देवो गुरुधर्मो गुरुर्निष्ठा परंतपः ॥
गुरोः परतरं नास्ति त्रिवारं कथयामिते ॥२३०॥

ગુરૂજ દેવ છે ગુરૂજ ધર્મ છે. ગુરૂજ શ્રદ્ધા છે. ગુરૂજ પરમ તપ છે ગુરૂથી અન્ય કંઈ શ્રેષ્ઠ નથી એમ સત્યતા બતાવવા ત્રણવાર કહું છું. (૨૩૦)

धन्या माता पिता धन्यो गोत्रं धन्यं कुलोद्भवः ॥
धन्या च वसुधा देवी यत्रस्याद् गुरु भक्तता ॥२३१॥

તેની માતાને ધન્ય છે. તેના પીતાને ધન્ય છે. તેના ગોત્રને ધન્ય છે જેના કુળમાં તે ઉત્પન્ન થયો છે તે કુળને

પણ ધન્ય છે. જે પૃથ્વીમાં નિવાસ કરે છે તે પૃથ્વીને પણ ધન્ય છે કે જેણે સદ્‌ગુરૂ પરમાત્માની ભક્તિ કરી છે. [૨૩૧]

आ कल्प जन्म कोटीनां यज्ञ व्रत तपः क्रियाः ॥
ताः सर्वाः सफला देवी गुरु संतोष मात्रतः ॥२३२॥

માત્ર સદ્‌ગુરૂ પરમાત્માની સંતોષપૂર્વક ભક્તિ કરી છે તેવા પુરૂષનાં અનંતકોટી જન્મનાં કરેલાં યજ્ઞ, વ્રત તપ, ક્રિયા વિગેરે સર્વ સફળ છે. [૨૩૨]

शरीरमिन्द्रियं प्राणं अर्थ स्वजन बन्धुता ॥
मातुः कुलं पितृ कुलं गुरुमेव परं स्मरेत् ॥२३३॥

શરીર પણ ગુરૂજ છે ઇન્દ્રિય પણ ગુરૂ જ છે પ્રાણ પણ ગુરૂજ છે લક્ષ્મી પણ ગુરૂજ છે. સ્વજન બંધુવર્ગ પણ ગુરૂ છે. માતાનું કુળ અને પીતાનું કુળ પણ ગુરૂ છે એમ સર્વત્ર ગુરૂ જાણીને સ્મર્ણ કરવું. (૨૩૩)

मन्द भाग्याशक्ताश्च ये जनानानुमन्वते ॥
गुरुसेवासु विमुखाः पच्यन्ते नरके ऽशुचौ ॥२३४॥

જેના હૃદયમાં ગુરૂનું માન્ય નથી તે મંદભાગી છે. તેજ અશક્ત છે. એવા ગુરૂ સેવાથી વિમુખ રહેનારા પુરૂષો અપવિત્ર નર્કમાં પડયા છે એમ જાણો. (૨૩૪)

विद्या धनं बलं चैव तेषां भाग्यं निरर्थकम् ॥
एषां गुरु कृपा नास्ति अधोगच्छन्ति पार्वति ॥२३५॥

જેના ઉપર સદ્‌ગુરૂ પરમાત્માની કૃપા નથી એવા

પુરૂષને વિદ્યા, ધન અને બળ પ્રાપ્ત હોય તોપણ તેનું પ્રારબ્ધ નિરર્થક છે એમ જાણો અને તે નર્કમાંજ પડે છે. (૨૩૫)

ब्रह्माविष्णुश्च रुद्रश्च देवाश्च पितृ किन्नराः ॥
सिद्ध चारण यक्षाश्च अन्ये च मुनयो जनाः ॥२३६॥
गुरुभावः परं तीर्थं अन्य तीर्थं निरर्थकम् ॥
सर्वं तीर्थमयं देवी श्रीगुरोश्चरणांबुजम् ॥२३७॥

બ્રહ્મા, વિષ્ણુ, રૂદ્ર, દેવો, પિતૃઓ, કિન્નરો, સિદ્ધ, ચારણ, યક્ષો તથા અન્ય મુનીઓ તથા જનોને પણ ગુરૂભાવ તેજ પરમ તીર્થ છે. અન્ય તીર્થ નિરર્થકજ છે. હે દેવી ! ! ગુરૂમહારાજના ચર્ણ કમળ સર્વ તીર્થમય છે. (૨૩૬–૨૩૭)

कन्या भोगरता मंदाः स्वकांतायाः पराङ्मुखाः ॥
अतः परं मयादेवी कथितं न मम प्रिये ॥२४८॥

હે પ્રિયે ! ! જે પોતાની કન્યાને વિષે ભોગ બુદ્ધિવાળા છે. તેમ પોતાની સ્રીને વિષે પ્રીતી વાળા નથી એવા મંદભાગી પુરૂષોને આ ગુપ્ત રહસ્ય કહેવું નહિં. (૨૩૮)

इदं रहस्यमस्पष्ठं वक्तव्यं च वरानने ॥
सुगोप्यं च तवाग्रेतु ममात्मप्रीयते साति ॥२३९॥

હે પાર્વતી ! ! ! આ ગુપ્ત રહસ્ય અનધીકારીને શુદ્ધ રીતે (ખુલ્લી રીતે) કહેવું નહિ. મારો આત્મા પ્રસંન્ન થયો ત્યારેજ આ ગુપ્ત રહસ્ય મેં તને કહ્યું છે. (૨૩૯)

स्वामि मुख्य गणेशाद्यान् वैष्णवादीं च पार्वति ॥

न वक्तव्यं महामाये पादस्पर्शं कुरुष्वमे ॥२४०॥

જેને વિષે સ્વામીકાર્તિક મુખ્ય છે એવા દેવાદિક અને જેને વિષે ગણેશ મુખ્ય છે એવા યાવત્ ગણો. અને જેને વિષે વિષ્ણુ મુખ્ય છે એવા મારા ભક્ત જનો, પણ જો અનધિકારી હોય તો આ ગુપ્ત રહસ્ય ન કહેવું. એવી પ્રતિજ્ઞાને માટે માટે મારા ચર્ણને સ્પર્શ કર. (૨૪૦)

अभक्ते वंचके धूर्ते पाखण्डे नास्तिकादिषु ॥
समसापि न वक्तव्या गुरुगीता कदाचन ॥२४१॥

અભક્તને વિષે, છેતરનારાને વિષે, ધુતારાને વિષે, પાખંડીને વિષે નાસ્તકોને વિષે આ ગુરૂગીતા કોઈ દિવસ મનથી પણ કહેવી નહિં. (૨૪૧)

गुरवो वहवः संति शिष्यवित्ताप हारकाः ॥
तमेकं दुर्लभं मन्ये शिष्य हृत्ताप हारकम् ॥२४२॥

શિસ્યોના દ્રવ્યનું હરણ કરનારા ગુરૂઓ ઘણા છે. પણ શિષ્યોના હૃદયના તાપને હરનાર કોઈ એક સદ્ગુરૂ દુર્લભ છે એમ માનું છું. (૨૪૨)

चातुर्यवान् विवेकी च अध्यात्म ज्ञानवान् शुचिः ॥
मानसं निर्मलं यस्य गुरुत्वं तस्य शोभते ॥२४३॥

ચાતુર્યવાન હોય, વિવેકી હોય, આત્મજ્ઞાની હોય; પવિત્ર હોય, નિર્મળ મન વાળો હોય તેને સદ્ગુરૂત્વ શોભે છે. (૨૪૩)

गुरवो निर्मलाः शान्ताः साधवोमित भाषिणः ॥
कामक्रोध विनिर्मुक्ताः सदाचार जितेन्द्रियाः ॥२४४॥

સદ્‌ગુરૂઓ સદાએ નિર્મલ શાન્ત સ્વભાવના, સાધુ સ્વરૂપના, થોડું બોલનારા કામ ક્રોધથી રહીત બુદ્ધિવાળા–સદાચાર પાલન કરવા વાળા અને જીતેન્દ્રિય હોય છે તે સદ્‌ગુરૂ થવાને યોગ્ય છે. (૨૪૪)

कृताया गुरु भक्तेस्तु वेदशास्त्रानुसारतः ॥
मुच्यते पातकाद् घोरात् गुरुभक्तो विशेषतः ॥२४५॥

વેદશાસ્ત્રાનુસાર સત્‌શિષ્યે વિશેષત્વે કરીને સદ્‌ગુરૂભક્તિ કરી હોય તો અઘોર પાપથી મુક્ત થાય છે. (૨૪૫)

दुःसंगं च परित्यज्य पाप कर्म परित्यजेत् ॥
चित्त चिन्ह मिदं यस्य तस्य दीक्षा विधीयते ॥२४६॥

કુસંગનો પરિત્યાગ કર્યો હોય પાપકર્મનો પરીત્યાગ કર્યો હોય એવું ચિન્હ જેના ચિત્તને વિષે છે એવા સત્ શિષ્યને ગુરૂદિક્ષા આપવી. (૨૪૬)

चित्त त्याग नियुक्तश्च क्रोध गर्व विवर्जितः ॥
द्वैत भाव परित्यागी तस्य दीक्षा विधीयते ॥२४७॥

મનવડે જેણે સર્વ વસ્તુનો યથાર્થ ત્યાગ સ્વિકાર્યો હોય તેમ ક્રોધ અને અહંકાર રહીત થયો હોય અને દ્વૈતબુદ્ધિ (ભેદબુદ્ધિ) રાગદ્વેષાદિકનો ત્યાગ કર્યો હોય તેને આ ગુરૂદિક્ષા આપવી. (૨૪૭)

एत ल्लक्षण युक्तत्वं सर्व भूत हिते रतम् ॥
निर्मलं जीवितं यस्य तस्य दीक्षा विधीयते ॥२४८॥

આ ઉપર બતાવેલાં લક્ષણો વડે કરીને યુકત સર્વ ભૂત પ્રાણીમાત્રનું હિત કરવામાં પ્રીતીવાળો હોય અને જેનું જીવીત નિર્મળ છે એવાને ગુરૂદિક્ષા આપવી. [૨૪૮]

क्रियया चान्वितं पूर्व दीक्षा जालं निरूपितम् ॥
मंत्र दीक्षा भिधं सांगोपांग सर्व शिवो दितम् ॥२४९॥

દીક્ષા પ્રાપ્ત કરતાં પહેલાં ક્રીયા એટલે કર્મ વડે કરીને શુદ્ધ થયું છે હૃદય તે જેનું એવા સત્‌શિષ્યને મંત્રદીક્ષા આપવી એજ સાંગોપાંગ વિધિ છે. એમ શંકર કહે છે. (૨૪૯)

क्रियायासादि रहितां गुरु सायुज्य दायिनीं ॥
गुरु दीक्षां विना को वा गुरुत्वाचार पालकः ॥२५०॥

શ્રમરહીત કરેલી નિષ્કામ કર્મક્રીયા તે ગુરૂના સાયુજ્ય પદને આપનાર છે. માટે ગુરૂદિક્ષા પ્રાપ્ત કર્યા શિવાય ગુરૂત્વપણાના આચારને પાલન કરવા વાળો કોણ છે! [૨૫૦]

शक्तो न चापि शक्तो वा देशिकांघि समाश्रयात् ॥
तस्य जन्मास्ति सफलं भोग मोक्ष फल प्रदम् ॥२५१॥

સામર્થ્યવાળો કે અસામર્થ્યવાળો પણ ગુરૂ મહારાજના ચર્ણારવિન્દના આશ્રયથી પોતાનો જન્મ સફળ કરે છે અને ભોગ તથા મોક્ષની પ્રાપ્તિ કરી શકે છે. (૨૫૧)

अत्यंत चित्त पक्कस्य श्रद्धा भक्तियुतस्य च ॥

प्रवक्तव्यमिदं देवि ममात्म प्रीयते सदा ॥ २५२ ॥

હે દેવી !! મારી પ્રીતી મેળવવાને માટે હમેશાં અતી પરીપકવ ચિત્ત છે તે જેનું એવા અને શ્રદ્ધા ભક્તિવાન પુરૂષને આ ગુપ્ત રહસ્ય કહેવું. (૨૫૨)

सच्चिदानन्द रूपाय व्यापिने परमात्मने ॥
नमः श्रीगुरुनाथाय प्रकाशनन्द मूर्त्तये ॥२५३॥

સચ્ચિદાનંદ સ્વરૂપ, વ્યાપક, પરમાત્મન્ અને પ્રકાશાનંદ મૂર્તિ શ્રીસદ્ગુરૂ ગણનાથને પ્રણામ કરૂં છું. [૨૫૩]

सत्यानन्द स्वरूपाय बोधैक सुख कारिणे ॥
नमो वेदान्त वेद्याय गुरवे बुद्धि साक्षिणे ॥२५४॥

સત્યાનંદ સ્વરૂપ, એક બોધવડે કરીને સુખકર્ત્તા, વેદાન્ત વેદ્ય, અને બુદ્ધિના સાક્ષી રૂપપતિ–ગણપતિ શ્રી સદ્ગુરૂને હું નમસ્કાર કરૂં છું. [૨૫૪]

नमस्ते नाथ भगवन् शिवाय गुरु रूपिणे ॥
विद्यावतार संसिद्धये स्वीकृतानेक विग्रह ॥ २५५ ॥

હે નાથ !! હે ભગવન્ !!! હે કલ્યાણ સ્વરૂપ !! હે ગુરૂરૂપ !! જ્ઞાનપ્રકાશની સિદ્ધિ આપવાને અર્થે–સ્વીકાર કર્યો છે અર્થાત્ જીવનમુકત સંતરૂપ અવતાર લીધો છે એવા તમને નમસ્કાર કરૂં છું. [૨૫૫]

नवाय नवरूपाय परमार्थैक रूपिणे ॥
सर्वाज्ञान तमोभेद भानवे चिद्घनायते ॥ २५६ ॥

स्वतंत्राय दयाक्लृप्त विग्रहाय शिवात्मने ॥
परतंत्राय भक्तानां भव्यानां भव्यरूपिणे ॥ २५७ ॥
विवेकीनां विवेकाय विमर्शाय विमर्शिनाम् ॥
प्रकाशिनां प्रकाशाय ज्ञानीनां ज्ञानि रूपिणे ॥ २५८ ॥

નવાનવા સ્વરૂપવાળા. પરમાર્થમાં એક સ્વરૂપ, સર્વ અજ્ઞાનના અંધકારને ભેદનાર ભાનુ સ્વરૂપ અને ચીદ્દઘન-સ્વરૂપ, સ્વતંત્ર સ્વરૂપ, દયાયુકત, શિવાત્મન્ સ્વરૂપ, ભકતોને આધિન રહેવાવાળા ભવ્યને વિષે ભવ્ય સ્વરૂપે, સ્થિત્, વિવેકીમાં વિવેક સ્વરૂપ. વિચાર કરવાવાળાઓમાં વિચાર સ્વરૂપ પ્રકાશ કરનારાઓમાં પ્રકાશ સ્વરૂપ અને જ્ઞાની-જનોમાં જ્ઞાન સ્વરૂપ એવા તમને નમસ્કાર છે. ૨૫૬-૨૫૭-૨૫૮

पुरस्तात्पार्श्वयोः पृष्ठे नमस्कुर्यादुपर्यधः ॥
सदामच्चित रूपेण विधेहि भवदासनम् ॥ २५९ ॥

હે પાર્વતી ! ! તારૂં આસન હમેશાં મારા ચિત્ત સ્વ-રૂપમાં ધારણ કરીને સન્મુખ, પડખામાં, પાછળ, ઉપર અને નિચે નમસ્કાર કર અર્થાત્ સર્વ દિશામાં સર્વ સ્વરૂપે મારા સ્વરૂપથી સદ્દગુરૂને જાણ. (૨૬૯)

श्रीगुरुं परमानन्दं वन्दे आनंद विग्रहम् ॥
यस्य सान्निधि मात्रेण चिदानंदायते नमः ॥ २६० ॥

આનંદકારી જેનું સ્વરૂપ છે એવા પરમ આનંદ કરા-વનાર શ્રી સદ્દગુરૂને નમસ્કાર કરૂં છું જેના પાસે રહેવાથી

ચિદાનંદ સ્વરૂપ થાય છે એવા સદ્દગુરૂને નમસ્કાર છે. ૨૬૦

नमोस्तु गुरवे तुभ्यं सहजानंद रूपिणे ॥
यस्य वागामृतं हंति विषं संसार संज्ञकम् ॥ २६१ ॥

સહજ માત્રમાં આનંદ કરાવવાર હે ગુરૂ મહારાજ તમને નમસ્કાર છે. જેની વાણી રૂપી અમૃતથી સંસારસંજ્ઞા વાળા વિષનો નાશ થાય છે. (૨૬૧)

नानायुक्त्युपदेशेन तारिता शिष्य संततिः ॥
तत् कृपा सारवेदेन् गुरुचित्पदमच्युतम् ॥ २६२ ॥

નાના પ્રકારની યુક્તિના ઉપદેશથી શીષ્ય જનોને જેણે તાર્યા છે. તેમની કૃપાનુસાર તત્ જ્ઞાન જાણવાથી અચ્યુત પદને પમાય છે એવા સદ્દગુરૂને નમસ્કાર છે. (૨૬૨)

अच्युताय नमस्तस्मै गुरवे परमात्मने ॥
स्वारामोक्ता पदेच्छूनां दत्तं येनाच्युतं पदम् ॥२६३॥

પરમાત્મા અચ્યુત સ્વરૂપી સદ્દગુરૂ મહારાજને મારા નમસ્કાર છે કે નિવૃત્તિ પદની ઇચ્છા વાળાઓને જેણે અચ્યુત પદ આપ્યું છે. (૨૬૩)

नमोच्युताय गुरवे ऽज्ञानध्वांतैक भावने ॥
शिष्य सन्मार्ग पटवे कृपा पीयूष सिंधवे ॥ २६४ ॥

અજ્ઞાન રૂપી અંધકારને નાશ કરનાર સ્વયપ્રકાશ સૂર્ય સ્વરૂપ અચ્યુત ગુરૂ મહારાજને નમસ્કાર છે. કે જે શિષ્યોને

સન્માર્ગ બતાવવામાં ચતુર અને કૃપારૂપી અમૃતના સિંધુ સ્વરૂપ છે. [૨૬૪]

ॐ अच्युताय गुरवे शिष्य संसार हेतवे ॥
भक्त कार्यैक सिंहाय नमस्ते चित्सुखात्मने ॥२६५॥

શિષ્યને સંસારના ભયમાંથી મુક્ત કરવાના હેતુ સ્વરૂપ અને ભક્ત જનોનાં કાર્ય કરવામાં સિંહ સ્વરૂપ એવા ચિત્ સુખાત્મન ૐ અચ્યુત ગુરૂને નમસ્કાર કરૂં છું. [૨૬૫]

गुरु नाम समं दैवं न पिता न च बांधवाः ॥
गुरु नाम समः स्वामी नेदृशं परमं पदम् ॥ २६६ ॥

ગુરૂના નામ તુલ્ય દેવ પણ નથી, પીતા પણ નથી, બાંધવો પણ નથી, અને સ્વામી પણ નથી, અને ગુરૂના નામ બરાબર પરમપદ પણ નથી. [૨૬૬]

एकाक्षर प्रदातारं यो गुरुं नैव मन्यते ॥
श्वान योनि शतं गत्वा चांडालेष्वपि जायते ॥२६७॥

ૐ સ્વરૂપ એકાક્ષરનો બોધ કરનાર ગુરૂમહારાજને જે માનતા નથી તે સો અવતાર કુતરાના ભોગવી અંતે ચાંડાલની યોનીને પામે છે. (૨૬૭)

गुरु त्यागाद्भवेन्मृत्युः मंत्र त्यागाद्दरिद्रता ॥
गुरु मंत्र परि त्यागो रौरवं नरकं व्रजेत् ॥ २६८ ॥

ગુરૂનો ત્યાગ કરવાથી મૃત્યુ પામે છે. મંત્ર ત્યાગ કરવાથી દરિદ્રતા થાય છે. ગુરૂ અને મંત્ર બંન્નેનો ત્યાગ કરવાથી રૌરવ નર્કમાં પડે છે. (૨૬૮)

शिव क्रोधात् गुरुस्त्राता गुरु क्रोधाच्छिवो नहि ॥
तस्मात्सर्वं प्रयत्नेन गुरोराज्ञां न लंघयेत् ॥ २६९ ॥

શિવના ક્રોધથી ગુરૂ રક્ષણ કરે છે પણ ગુરૂના ક્રોધથી શિવ રક્ષણ કરવાને સમર્થ નથી. એટલાજ માટે સર્વ પ્રયત્ને ગુરૂની આજ્ઞા ઉલ્લંઘવી નહિ. [૨૬૯]

संसार सागर समुद्धरणैक मंत्रं ।
ब्रह्मादि देवमुनि पूजित सिद्ध मंत्रम् ॥
दारिद्र्य दुःख भवरोग विनाश मंत्रं ।
वंदे महा भयहरं गुरु राजमंत्रम् ॥ २७० ॥

જેનો મંત્ર સંસારસાગરમાંથી ઉદ્ધારકર્ત્તા છે. જેનો મંત્ર બ્રહ્માદિ દેવમુનિઓને પણ પૂજવા યોગ્ય છે જેનો મંત્ર દારીદ્ર દુઃખ ભવરોગનો નાશકર્ત્તા છે એવા સર્વ ભય હરનાર ગુરૂરાજના મંત્રને નમસ્કાર કરૂં છું.

सप्तकोटि महामंत्राः चित्त विभ्रंशकारकाः ॥
एक एव परो मंत्रो गुरुरित्यक्षर द्वयम् ॥ २७१ ॥

સાત કરોડ મહામંત્રો, ચિત્તની ભ્રાન્તિ કરાવનાર છે પણ "ગુરૂ" એવા બે અક્ષરવાળો મંત્ર તે સર્વોત્તમ શ્રેષ્ટ છે. ૨૭૧

यस्य प्रसादा दहमेव सर्वं ।
मय्येव सर्वं परि कल्पितं च ॥
इत्थं विजानामि सदात्म रुपं ।
तस्यांघ्रि पद्मं प्रणतो ऽस्मि नित्यम् ॥ २७२ ॥

જેની કૃપાથી હું આ સર્વ મારે વિષે પરિકલ્પિત છે એમ જાણું છું અને સદા આત્મ સ્વરૂપને પણ જાણું છું તેના ચરણારવિંદને હમેશાં નમસ્કાર પણ કરૂં છું. [૨૭૨]

अज्ञान तिमिरांधस्य विषयाक्रान्त चेतसः ॥
ज्ञान प्रभा प्रदानेन प्रसादं कुरुमे प्रभो ॥ २७३ ॥

હે પ્રભુ ! ! અજ્ઞાનરૂપી અંધકારમાં આંધળો થયેલો અને જેનું ચિત્ત વિષયમાં ઘેરાયલું છે એવા મારા ઉપર જ્ઞાનરૂપી પ્રકાશનું દાન કરવાની કૃપા કરો. ૐ (૨૭૩)

इतिश्री स्कंधपुराणे उत्तर खण्डे उमामहेश्वर संवादे श्री-गुरुगीता समाप्ता । श्रीमत्सद्गुरु मूर्त्यर्पण मस्तु ॥ ॐ तत्सत् ब्रह्मार्पणम् ॥ ॐ ॥ ॐ ॥ ॐ ॥ श्री ॥ श्री गणेश ॥

ॐ तत्सत् ॥

ॐ श्रीगणेशाय.

" અનુભવામત "

(રાગ—કાલિંગડો-ત્રિતાલ.)

બાદલમેં ઘન ગરજતહે (૨)
ૐ ૐ ૐ ૐ વ્યોમ વિલાસિન્ અમિબુંદ બરસતહે.
બાદલમેં—ટેક.

સાખી.

તડિત ફુડિત ગડગડિત હે, શ્રુતિ વિદ્યત ચમકાર,
પ્રમાણુ પ્રમેય પ્રમા સભી,હોત અભેદ વિહાર.
શાન્ત સમિર સુગંધ પ્રેમમય, મધુર ચિત્ત હરખતહે-બાદલ-૧

સાખી.

શિતળ વારી પ્રવાહહે, સરસ નદી ભરપુર
ગિરિ સંગ્રહ બીન ઝુરતહે, અતિ ઉષ્ણુ આતુર
તરસત તરસ અહોનીશ ચાતક, વાચિક વાદ વદતહે-બાદલ-૨

સાખી.

આપ હિ આપ અનંતહે, લીલા આપ અનુપ
આપ વિના નહિં અન્ય હે, પૂર્ણાનન્દ સ્વરૂપ.
દરસત પરસત રસિક રસામૃત, પ્રિયપતિ ધ્યાન ધરતહે બાદલ-૩

લુણાવાડા—તા. ૯—૩—૧૪

ૐ શ્રીગણેશાયનમ:—

બ્રહ્મવિદ્યા સ્વરૂપ, જગન્માતેશ્વરી આરાસુરીની સ્તુતિ—

(રાગ પ્રભાતી.)

ભજ ને જીવ જગદંબિકા
સંસાર સાગર તારીણી—દેવી—અધમ જીવ ઉદ્ધારીણી ભજ—ટેક.
દ્વૈત જગત વિલાસિની—દેવી—અસત્ સ્વાનંદ વાસીની.
સર્વ સત્તા સ્વરૂપ અંબા—આરાસુર નિવાસીની. ભજ—૧
શબ્દ, નાદ, પ્રકાશિની—દેવી-મંન વાણી સુભાષીણી.
પ્રણવ રૂપ ભીડભંજની—દેવી—ભ્રાન્તિ દુ:ખ નિવારીણી ભજ—૨
કાર્ય કારણ ધારીણી—દેવી—અખીલ જીવ ઘનરૂપીણી,
ભક્ત કષ્ટ વિડારીણી—દેવી—શર્ણાગત સુખદાયિની ભજ—૩
નિરાકાર નિરંજની—દેવી—નિર્ગુંણી ચિંતામણી.
પતિત પાવની વ્યાપીની—દેવી—બંધ મોક્ષ સ્વરૂપીણી ભજ—૪
સૃષ્ટિ સર્જન કારીણી—દેવી—ત્રિરૂપ દેહ વિહારીણી,
ત્રિગુણ જનની પ્રલય કરણી—તૂર્યા મોહ વિડારીણી ભજ—૫
સુરાસુર મન રંજની—દેવી—વરદમય ભય ભંજની.
બુદ્ધિ રૂપા, બુદ્ધિ દાતા, બુદ્ધિ પતિ સ્વાનંદીની ભજ—૬
પાહિમાં, હૃદ ગામીની—દેવી—યોગી વિનાયક ધામિની.
હેરંબ અંબે વિઘ્નહર—દેવી—મુક્ત દર્શન દાયીની ભજ—૭

લુણાવાડ—શ્રીગણપતિ મંદિર તા. ૨૭—૫—૨૨.

શ્રીગણુરાજ સમર્થ.

ૐકાર સ્વરૂપ નિર્ણયામૃત.

(રાગ-ધનાશ્રી ચલતી.)

જય જય પ્રણુવરાજ મહારાજ-(૨)
સ્મરણે સરતાં સૌ કાજ. જય જય-ટેક.
આપજ ત્રિગુણાતીત જણાઓ, પ્રણુવા કૃતિએ સગુણ ગણાઓ.
આદિ છતાં આદ્યંત મનાઓ, ભવતારણ ગુરૂ આજ. જય-૧
પુરૂષ પ્રકૃતિ સ્વરૂપ પોતે, પુરૂષ પ્રકૃતિ રહિત પોતે.
ઉત્પત લય પણ ભાસો પોતે, ભવ નિધિપતિ શિરતાજ. જય-૨
ધી પ્રેરક ધી અંતરયામી, ધિ સાક્ષીરૂપ શિવ નિષ્કામી.
બુદ્ધિ પતિ સ્મરતા શિશ નામી, રહે સેવકની લાજ. જય-૩
अकार વિષ્ણુ उ શિવવાસે, म કાર સૂર્ય સ્વરૂપ વિલાસે.
नाद પ્રકૃતિ આપ પ્રકાસે, बिंदु સ્વયં ગણુરાજ. જય-૪
ચતુષ્પાદ નિર્ણય ઉપનિષદે, पर्ति पतिनां અલક્ષ્ય અભેદે
નાથ નિરંજન પ્રિયપતિ વેદે, છો રાજન કે રાજ. જય-૬
જળ, થળ, નભ, અભ, વૃક્ષ, પથ્થરમાં, પશુ પક્ષી નારી કે નરમાં.
અચેતન ચેતન બાહ્યાંતરમાં, પોતે ગરીબ નિવાજ. જય-૫
ૐ ૐ ૐ ૐ ૐ ૐ ગાતાં, ૐ પ્રણુવા કૃતિ ધ્યાન સમાતાં
પૂર્ણાનન્દ સ્વરૂપ પદ ન્હાતાં, સ્વ સ્વરૂપ મય આજ જય-૭

મુ. હાલોલ તા. ૨૬-૬-૧૩

ૐ વિપત્તિહર વિઘ્નરાજાય.

" સ્વાશ્રયામૃત "

(રાગ-ભૈરવી ત્રિતાલ.)

શરણાગતનો કર સ્હાજો—(૨)
સ્વસ્વાનંદ વિચાર પ્રવાહો, મમ મતિ અંતર છાજો. શરણા-ટેક

સાખી.

ભવ મતિ સિંધુ ભય ભર્યો, ષટરિપુ આપે ત્રાસ.
દ્વૈત તિમિર મુર્છા થતાં, અહં મમ કરતા ગ્રાસ.
બોધ સાંખ્ય મય યોગ નાવનું, સ્વ સુકાન ધરી ધાજો. શરણા-૧

સાખી.

નિજ વિણ અન્ય ન જાણતા, શ્રુતિ સ્મૃતિને પુરાણ.
પુરૂષ પ્રકૃતિપર પ્રભુ, અનુભવ શાસ્ત્ર પ્રમાણ.
ચુંબક ચિંતામણી મમ ચિત્તને, પ્રેમ ભક્તિરસ પાજો શરણા-૨

સાખી.

ભેદ અસુર સંહારવા, જ્ઞાનાંકુશ લ્યો હાથ.
મોહ વિમોચન પાશ છે. પરશુ ગ્રહો ગણનાથ
વરદ મૂર્તિ નિજ અભેદ રૂપે, નિર્ભય હૃદય સમાજો. શરણા-૩

સાખી.

ગુરૂ ગણપતિ પતિના પતિ, ભેદ મતિ ભ્રમનાશ.
સ્વસ્વરૂપ શરણે વસી, સ્વસ્વાનંદ વિલાસ.
યોગ પ્રિય પૂર્ણાનન્દ નિજપદ, શાન્ત સુધારસ પાજો, શરણા-૪

ભરૂચ, ઊંડીવખાર તા. ૧૭-૧૦-૧૭

ૐ લક્ષ્મી વિનાયકાય.

" જીવન્મુક્તાનુભવામૃત "

(રાગ-ભૈરવી દેશી.)

જીવ તું જીવમતિ ત્યાગે, તો હૃદયે જીવન્મુક્તિ જાગે—ટેક.
કુસંગત અહં મમની સેવી તે, દશ્ય મોહ ઉપજાવે;
અંધ સંગમાં સ્વ ભાન ભુલતાં, સ્વતંત્ર સુખ કેમ પાવે.
સમજીને અહં મમત ત્યાગે–તો હૃદયે પરંબ્રહ્મ જાગે. જીવ-૧
જન્મ મર્ણનું બીજ અહં મમ, તે નચવે તું નાચે,
અહં સંગે ઇશ અદ્વૈતતા તજી, "બહુ" બની દ્વૈતે રાચે.
પુનઃજીવ અહં મમત ત્યાગે, તો હૃદયે ઇશ મહત્વ જાગે. જીવ-૨
અહં સોબતે ગુણ પ્રકોપે, ઘટ પ્રભુ બળ વાસે,
જેમ જેમ અહં મતિ પટ ફાટે, તેમ નિજ જ્યોતિ પ્રકાસે.
રજો તમ વૃત્તિ સહિત ભાગે, તો હૃદયે સાત્વિકતા જાગે-૩
જગ કર્ત્તા તે અકર્ત્તા ગણાવે, અહં રહિત પ્રભુ મહત્તા
મદારી કર મર્કટની દોરી; જો હવે ત્હારી શું સત્તા ? ?
મિથ્યા કર્ત્તરી મોહ ત્યાગે, તો હૃદયે પ્રભુ તત્વ જાગે, જીવ-૪
પ્રભુ લીલારૂપ ભાસે દૃશ્ય આ, પ્રભુ કૃપા અનુસારે,
સર્વ જીવ પ્રભુ રક્ષણમાં છે, તું કોનું રક્ષણ ધારે ? ?
શિર અહંકાર ભાર ત્યાગે, તો હૃદયે અકર્તા બલ જાગે જીવ-૫
નિજ રક્ષણ કરવા નહિં શક્તિ, પલક ભવિષ્ય ન જ્ઞાતા
ખર સાકર માટી નહીં સમજે, કોણ છે પ્રારબ્ધ દાતા ? ?

પ્રભુ પાલક ગણી ભ્રમ ત્યાગે, તો હૃદયે પ્રેમભક્તિ જાગે. જીવ-૬
તેની કૃપા વિણ પત્ર ન હાલે, તેની આજ્ઞાએ વૃષ્ટિ
તેની આજ્ઞાએ હલન ચલન છે, તેની આજ્ઞાની સૃષ્ટિ.
ભક્તિભર અમિ પીવા માગે, તો હૃદયે પરમતત્વ જાગે, જીવ-૭
અહં મમત, જગદર્શન, મોહો, તજાવવા જીવમતિને
પ્રભુ દર્શન રૂપ મુક્ત સંત છે, વિચાર એમ સુગતીને
દીનદીન સત્સંગત માગે, જો હૃદયે પ્રીયપત્તિ જાગે. જીવ-૮
પ્રારબ્ધ ચપ્પણ ભરવા સમરથ, સદ્‌ગુરૂ અંતરયામી
કૃપણુબની ગુરૂસેવા ત્યાગે, કેમ બને જગસ્વામી.
પ્રભુ પ્રતિ દાસમતિ માગે, તો હૃદયે સ્વયંજ્યોતિ જાગે. જીવ-૯
સર્વ અહંબલ ત્યાગી જીવડા, રહે ઈશ્વરપદ યોગી,
અતિ ઉદાર સદ્‌ગુરૂ શેવામાં, ભલે બન્યો વૈભોગી.
સરિતા સિંધુ વૃત્તિ લાગે, તો હૃદયે તૂર્ય બ્રહ્મજાગે. જીવ-૧
અપાર લીલા ભ્રમણા તરવા, નૌકા સદ્‌ગુરૂ પાદ
स्व માન વિચાર તણી જાગૃતીમાં, જીવ-ઇશ્વર જગ બાદ.
ગુરૂ ગુરૂ નાદ ડંકો વાગે, તો હૃદયે ગુરૂગણેશ જાગે, જીવ-૧
નિર્મોહીજગ-નિર્જીવ ભોક્તા-નિર્મલ વૃત્તિ-ની સેવા.
નિ:સંગત ગુરૂ સંતસમાગમ, નિર્મલ સિદ્ધિ દેવા.
નિરંકુશ નિજપ્રાસી આગે, નિજાત્મા ગુરૂગણેશ જાગે. જીવ-૧

લુણાવાડા. શ્રીગણપતિ મંદિર તા. ૧૩-૬-૨૧

ॐ तुर्यातीत परमात्मने नमः ॥

" સ્વસ્વરૂપામૃત. "

(રાગ—થઇ પ્રેમવશ પાતળીયા—એ રાગ.)

જો વિચાર કરીને વિરા, જોઇ શરીર ન બનવું અધિરા (૨)
ગૃહિ ગુરૂગમ મતિ ગંભીરા, ગજવો નિજ સ્વરૂપ સુગીરા—(૨)

સાખી.

સભર ભર્યો નિજનાથ કૃપાળુ, મનવાણી ન વિચારે;
ત્યાં કયાં ? અક્ષર, નાદ, કે શબ્દો, દૃશ્ય દૃષ્ટિ શું ધારે ?
વ્યોમ પર નિર્મલ છે વીરા. જોઈ શરીર—૧

સાખી.

તુષાર રજ પણ સ્પર્શ નહિં રે, શુદ્ધજ તાંદુલ થાતાં;
ઊત્પત્તિ લય હવે ન થાશે, તે શું ? ? તુષાર સમાતા.
પરિક્ષકની દૃષ્ટે હોય હીરા. જોઈ શરીર—૨

સાખી.

એક વખત ઘૃત બન્યા પછી તે, કહિ ન દુધ દહિં થાશે;
સુવાસના નીકળી તે નિકળી, હવે ન કુસુમ સમાશે.
જીવન્મુક્તિ ગતિ વીરા. જોઇ શરીર—૩

સાખી.

નરનારી કાયા બુદ્બુદમાં, કેવળ જળ ભરપુર છે;
કાળા પીળા રંગી ચસમે, બેરંગી ન નિજ નૂર છે.
જો પુતળી કાષ્ટ છે ધીરા. જોઇ શરીર—૪

સાખી.

મુક્તા ભક્ષી મીન ગૃહે શું ? ? અંધ સ્વી કેમ દરસે ? ?
પ્રકટ પ્રભુ પારસ યોગી તે, કથિરને શું સ્પરસે ? ? ?
સુવિચાર સુણે ન બધીરા. જોઈ શરીર—૫

સાખી.

મૂઢને હોય ન રત્ન પરિક્ષા, ખર શું જાણે મેવા ?
સૂકરને મિષ્ટાન્ન ન રૂચે, નિંદકને શું ગુરૂસેવા ?
કીટ ભ્રમર બનાવે ભમરા. જોઈ શરીર—૬

સાખી.

દૃષદ મૂર્તિમય નાથ વિરાજે, હીમકણુ જળ જેમ મ્હાલે;
સાકર શ્રીફળ સાકર પૂરણુ, રસમય વૃક્ષ નિહાળે.
એમ સભર પ્રભુ જો વીરા. જોઇ શરીર—૭

સાખી.

દેવ દૃષ્ટિએ દેવજ દરસે, દેહ દષ્ટે દેહ ભાસે;
મુક્ત ન ઇશ જીવ માયામય છે, નિજમાં નિજ વિલાસે.
ગુરૂ ગણેશ પ્રતાપે તે ધીરા. જોઈ શરીર—૮

લુણાવાડા-શ્રી ગણપતિ મંદિર તા. ૧૭-૭-૨૧.

ૐ વરદમૂર્ત્તયે નમોનમઃ

" સદ્ગુરૂ શર્ણામૃત. "

(રાગ—આશાવરી-ચલતી ત્રિતાલ.)

રહેવું ગુરૂ ચરણે મસ્તાન-(૨)
સુખ દુઃખ શિતોષ્ણ સ્હેજે સ્હેવું, કરી અહંમમ દાન.
દેહ જગતનું ભાન વિસરવું, તજી માન અપમાન-રહેવું-૧
દ્વેષ શત્રુતા પરહરી થાવું, આનંદમાં ગુલતાન.
દ્વૈત ભેદમતિ સંહરવાને, શર્ણ ચર્ણામૃત પાન-રહેવું-૨
ધર્મ કર્મનો પ્રેમ સમર્પણ, ગુરૂસેવા એક તાન.
સરિત સિંધુ તન્મયતા જોવા, ધરવું પ્રિયપતિ ધ્યાન-રહેવું-૩
અભેદ યોગે રસબસ રહેવા, સ્થિરતા પ્રેમ સમાન.
લોકલાજ ભ્રમ તજી ધારવું, હૃદયે ગુરૂ સન્માન-રહેવું-૪
આત્મ નિવેદન પ્રેમ ઊછળતાં, તલ્લીન દૃષ્ટિ જ્ઞાન.
સુધા સિંધુનો પૂર્ણ શાન્તિરસ, પીતાં બનો બેભાન-રહેવું-૫
જીવમતિ છુટે વિયોગ તુટે, વિલય ભ્રાન્તિ અજ્ઞાન.
તારણહાર સદ્ગુરૂ દર્શનમાં, અભેદ પ્રિયપતિ ભાન-રહેવું-૬
અન્ય ન અનન્ય બ્રહ્મીભૂતતા, ન બંધ મોક્ષ પ્રમાણ.
વિધિનિષેધમય હીન નાથ પૂર્ણાનન્દ જીવન પ્રાણ-રહેવું-૭

ભરૂચ—ઊંડી વખાર તા. ૨૩-૮-૧૭

ૐ શ્રી ગણેશાય નમઃ

" સ્વસ્વાનંદામૃત. "

(રાગ—ભૈરવી, ચલતી.)

કયાં છે દેહ જગત સંસાર, ભાસે અજ્ઞાને અવિચાર;
મંદ બુદ્ધિમાં છે અંધકાર, પ્રભુ બદલે જોતા આકાર.—ટેક.

સાખી.

અકળિત લીલામય ઉદ્યાને, અનેક ભાવ વિચિત્ર;
સિનેમાનો દેખાવ વસ્ત્રપર, કેવળ દૃષ્ટિમય ચિત્ર.
ભાસતો દૃશ્ય ભવાબ્ધિ વિકાર. ભાસે-૧

સાખી.

કાષ્ટ ઉપર કલ્પિત મતિ માને, પુતળીનો દેખાવ;
અહું સુત્રધારે ભરમાવ્યા, પછી ઉપજે મન ભાવ.
સાચે છે કાષ્ટ જુઓ એકતાર ભાસે—૨

સાખી.

ખાંડ ખીલોનાં બાલ રમતને, દક્ષ વિચારે ખાંડ;
શ્રુત પુરાણે કલ્પિત ખંડે, દિસે અવિદ્યા કાંડ
શાસ્ત્રી બની ઊંચકે પોથાં ભાર ભાસે—૩

સાખી

મૃતિકા કેરા બાહ્ય ઘાટમાં, ઘટગાગર એમ નામ;
આદિ અંતમય મૃતિકા જોતો, તે સજ્જન નિષ્કામ.
ભણીને ભુલે લાખ હજાર ભાસે—૪

સાખી.

પાણી કેરી વરાળ બનતી, વરાળ ઘટરૂપ હોય;
ઘટ વાદળ ફોરાં થઇ વરસે, દરસે બુદ બુદ શોય.
બરફ એમ ભેદ દષ્ટિ જોનાર ભાસે—૫

સાખી.

સર્વં ખલ્વિદં બ્રહ્મ શ્રુતિનો, અર્થ વિચારે લગાર;
એક મેવા દ્વિતીયં રસ ટપકે, પીતા પરમ ઉદાર.
વિજ્ઞાને ક્યાં દેહો ટકનાર ભાસે—૬

સાખી.

નેહનાનાસ્તિ વેદ વાણીશું, ? સમજાવે છે બોધ;
સત્યં જ્ઞાન મનંત બ્રહ્મમાં, શું કરશો ભાઇ શોધ.
યતોવાચો વર્ણન પ્રિયધાર ભાસે—૭

સાખી.

અહં બ્રહ્માસ્મિ શ્રવે અમીરસ, તત્વ મસિમય જોય;
સ્વપ્ને દેહ નહિં દરસે વિચારે, શાને બ્રાન્તિથી રોય.
લવ ન ટકનાર દેહ જોનાર ભાસે—૮

સાખી.

દેહ દેહિકે વ્યાપક નટકે, તુર્ય ન ટકશે જ્ઞાન;
નિજ જ્યોતિ છે. તુર્યાતિત તે, સ્વયં પ્રકાશ નિદાન.
અભેદે સ્વયં સ્વરૂપ ભજનાર ભાસે—૯

સાખી.

ગગન પુષ્પમાં રંગ ભાસતો, તેમ ચેતનમાં દેહ.
સભર જ્યોતિમય પ્રભુ ન સમજે, દેહ દેખતા તેહ;
સદ્દગુરૂ કરૂણામાં રમનાર ભાસે—૧૦

સાખી.

દેહાધ્યાસ એ સન્નિપાત ભ્રમ, મરણ દશાનો ખ્યાલ;
ગંગ આંગણે તૃષાતૃ રેહેતા, એવા કોણ કંગાલ.
પ્રભુ તજી દેહ જુએ છે ગુમાર ભાસે—૧૧

સાખી.

શબ્દ જાળમાં લપટ લંપટો, તજતા પ્રભુ દર્શન;
પ્રભુ સંતને દેહરૂપ જોઇ, નિજ હીત તજતા મંન.
વિનાયક વિદેહી યોગાકાર ભાસે—૧૨

સાખી.

અંગુલી નિર્દેશ દેહ ન સમજો, ચેતન ચેતન સમજાવે;
અભેદ આત્મમય અમૃત રસની, ધારા હંસજન પાવે.
વિનાયક દરસે વિનાયક સાર ભાસે—૧૩

લુણાવાડા. તા. ૨૭–૫–૨૨.

" ૐ ગણેશાય "

ૐકાર સ્વરૂપ શ્રી મહાગણપતિ પ્રાર્થના

" શિખરીણિ વ્રતમ્ "

પિતા માતા બન્ધુ, અખિલ રૂપ નારી નર વિભુ;
સહુ પોતે સ્વામી, નિજ વિણ જણાતું નહિ પ્રભુ;
અસારે સંસારે, જીવમતિ તણો ભેદજ અતિ;
કૃપા દ્રષ્ટે જોશો, શરણ ગણશો શ્રી ગણપતિ. ૧

નથી મારૂં કોઇ, નહિજ જગમાં આશ્રય મને,
અતિ અન્યાયી તો, પણ શરણથી લાજ તમને;
નથી પૂજા ધ્યાનો, જપ તપ ન કો સાધન રતી,
કૃપા દ્રષ્ટે જોશો, શરણ ગણશો શ્રી ગણપતિ. ૨

નથી જોશો દ્રષ્ટે સ્વરુપજ " ગજાकार " શ્રુતિથી
ન સત્સંગે જાણી શ્રવણ રસ ગાથા સુમતિથી
ન ચર્ણોમાં લોટી પરમ રજ શિર્ષે ન સ્પૃશતિ;
કૃપા દ્રષ્ટે જોશો શરણ ગણશો શ્રી ગણપતિ. ૩

નથી વાણી ગાતિ, હૃદયગમ હેરમ્બ સમજી;
ઉતાર્યું ના કંઠે, નિજ ગુરૂ તણું તીર્થજ હજી,
હજુ આ હાથોથી, શમિ સુમન દુર્વા ન ચઢતી,
કૃપા દ્રષ્ટે જોશો, શરણ ગણશો શ્રી ગણપતિ. ૪

મહા માયા મોહો, ષટ રિપુ અતિ જોર કરતા,
બળાત્કારે ખેંચી, નિજ વશ કરી લોભ-ધરતા,
ભુલાવી ભ્રાન્તિથી, પ્રભુ વીમુખ રાખે કુરકૃતી;
કૃપા દ્રષ્ટે જોશો, શરણુ ગણુશો શ્રી ગણુપતિ. ૫

ગયો જન્મારો જો, રમત રમતાં બાલ મતિમાં,
યુવામાં ના જાણ્યો, પ્રમથ મદ છાકયો કુમતિમાં,
થતાં વૃદ્ધાવસ્થા શિથીલ તન થાતાં પિડ થતી,
કૃપા દ્રષ્ટે જોશો, શરણુ ગણુશો શ્રી ગણુપતિ. ૬

પરાણે પ્રીતિથી, સરસ નહિ કાર્યો સુધરતાં,
જણાતું તે ત્યાગી, દ્રઢતર થવા ના વિચરતાં,
પ્રભુ કેમે તારો ! ! અખુટ અપરાધો તણિ મતિ,
કૃપા દ્રષ્ટે જોશો, શરણુ ગણુશો શ્રી ગણુપતિ. ૭

ગુમાવી મુડી જો, નર તન દ્વિજે દેહ ધરતાં;
નથી થાતી હાવે, નવિન કરણી પુણ્ય કરતાં,
શું થાશે એ સ્વામી ! ! કયમ કરી ટળે આ જીવગતી
કૃપા દ્રષ્ટે જોશો, શરણુ ગણુશો શ્રી ગણુપતિ. ૮

સદા કલેશો દ્વેશો, રહી મન મતિ દ્વાર કુપતા,
રજો નિન્દા ચાડી, પિશુન ચુગલી ચોર છુપતા
અતી ત્રાસુ દૈતે, અભય પદ કેરી કયી ગતી,
કૃપા દ્રષ્ટે જોશો, શરણુ ગણુશો શ્રી ગણુપતિ. ૯

છુટે કંપારો જો, વિષય ભ્રમ વ્યાસી કકળતી,
અરે !! આ શું થાશે ! કદિ નથી છતાં કાય દમતી

મહાત્માના બોધો, સતત્ પરબ્રહ્મે પ્રકથતિ,
કૃપા દ્રષ્ટે જોશો, શરણુ ગણુશો શ્રી ગણુપતિ. ૧૦

અરે ! ! કાયા કીચે, લપટ લપટાતાં કયમ થશે,
જશે ક્યારે ભ્રાન્તિ, સ્વરૂપ સમજ્યા શાંતિ કરશે,
અરે !! ક્યારે પામું, નિગમ પદ આ પૂર્વની સ્થિતિ
કૃપા દ્રષ્ટે જોશો, શરણુ ગણુશો શ્રી ગણુપતિ. ૧૧

ન જાણું વેદોના, ગહન રસ વાક્યાર્થ વિગતે
ન શાસ્ત્રોના મર્મો, તદરૂપ તદાકારજ થતે
ન વેદાન્તે પ્રીતિ, અનુભવ તણી લ્હેર ન થતી
કૃપા દ્રષ્ટે જોશો, શરણુ ગણુશો શ્રી ગણુપતિ. ૧૨

થતાં દ્વૈતાપત્તિ, સભર અવીનાશી વિસરતાં,
ગ્રહિ દ્વૈતે ભાવો, સુગમ થઈ દ્વૈતે વિરમતાં,
વિકલ્પો વૃદ્ધિથી અહમમ ક્રિયા ઘાટ રચતી;
કૃપા દ્રષ્ટે જોશો, શરણુ ગણુશો શ્રી ગણુપતિ. ૧૩

વિકલ્પે કલ્પાતું, કલન કલનામાં નર તનુ
અધિષ્ઠાને થાતું, અરર ભ્રમ આ છાનું છપનું
જીવો બ્રહ્મૈવે હો, સરિત ગમ સિન્ધુ સમ ગતિ
કૃપા દ્રષ્ટે જોશો; શરણુ ગણુશો શ્રી ગણુપતિ. ૧૪

શુકાદિ ઋષ્યાદિ મુનીગણુ મહા સ્તોત્ર ભણુતા
વિધી વિષ્ણુ શંભુ નિશદિન સદા ધ્યાન ધરતા
સગુણે નિર્ગુણે સમ પદ પ્રકાશી પ્રભુ મતિ
કૃપા દ્રષ્ટે જોશો, શરણુ ગણુશો શ્રી ગણુપતિ. ૧૫

વિશેષે વેદાન્તે, નિજ–રૂપ અસચ્છાકૃત વદતા
સદાદિત્યે સેવા, વિંશતિ રૂપ વિષ્ણુ સમગતા
શિવં તૂર્યે સ્થાયી, અતિત પતિ સંજ્ઞા સુગમતી
કૃપા દ્રષ્ટે જોશો, શરણ ગણુશો શ્રી ગણપતિ. ૧૬

અનાદિ સ્યાદ્યન્તે, નિજવિણ નહીં અન્ય વદતાં,
પ્રભુ પોતે વાસો; સકળ મહિમામાં સ્થિર થતાં;
કૃપાળુની દ્રષ્ટિ, અગમ નિગમે આદ્ય દ્રંશતિ,
કૃપા દ્રષ્ટે જોશો, શરણ ગણુશો શ્રી ગણપતિ. ૧૭

શ્રુતિ સ્મૃત્યાદિનો, અખુટ રસ તે આપજ દિસો,
પુરાણોના ભાવો, તદરુપ તદાકાર વિલસો,
પ્રસિદ્ધિ વેદોમાં, પ્રણવરૂપ ગાતા ગુણ યતિ,
કૃપા દ્રષ્ટે જોશો, શરણ ગણુશો શ્રી ગણપતિ. ૧૮

ત્રિગુણો ત્રિદેવો ત્રિપદ જીવને માયીક ભણો;
ત્રિપાદોનો સાક્ષી શિવ ઇતિ ચ તૂર્યં ઇશ ગણો,
પ્રભો !! તૂર્યાતીતે સકળ ગત ૐ ૐ નિવસતિ;
કૃપા દ્રષ્ટે જોશો, શરણ ગણુશો શ્રી ગણપતિ. ૧૯

પ્રભુ "ૐ" ૐ કારે, ચતુરપદ વેદો વરણવે,
સદા જયેષ્ઠો શ્રેષ્ઠો, નિગમ તુરીયાતીતજ સ્તવે;
સહૂ રૂપે પોતે, સહુ થકી અતિતે નિજપતિ,
કૃપા દ્રષ્ટે જોશો, શરણ ગણુશો શ્રી ગણપતિ. ૨૦

નથી માયા ભ્રાન્તિ, જીવ ઇશ તણી છેજ કલના
નથી હું તું તે તો, જગત રચના એ વિકલના

ન સાક્ષી ત્રીપાદો, સહુ સ્વરૂપ આપે પ્રિયપતિ
કૃપાદ્રષ્ટે જોશો, શરણુ ગણુશો શ્રી ગણુપતિ. ૨૧
મહા વેદાન્તે જો, અકલ વ્યતિરેકાન્વય ગણી
પ્રબોધે જ્ઞાતાના, લલિત પદ સત્તાર્થજ ભણી
પ્રભુ પોતે વાસો, સ્વયમપિ સદાએ નિધિપતિ
કૃપા દ્રષ્ટે જોશો, શરણુ ગણુશો શ્રી ગણુપતિ. ૨૨
સ્વયં બ્રહ્મા વિષ્ણુ, શિવ શશિજ વન્હીન્દ્રથી વસો
રવી વાયુ વૃક્ષો જલ થલ પશુ પક્ષી વિલસો
નરો નારી ગાલો, અખિલ સમ યોગી પ્રિયપતિ
કૃપા દ્રષ્ટે જોશો શરણુ ગણુશો શ્રી ગણુપતિ. ૨૩
કૃપાસિન્ધુ સ્વામી, પરમ પદ બ્રહ્માત્મજ વિભુ
અભેદાત્મા સિદ્ધિ, પતિ ચરણુ સેવા નિજ પ્રભુ
પરી પૂર્ણાનન્દ, સ્વરૂપ ગણુ સ્વામિ પ્રિયપતિ
કૃપા દ્રષ્ટે જોશો; શરણુ ગણુશો શ્રી ગણુપતિ. ૨૪
નમીને પાદાબ્જે, દિનનિશ કરે કો જન કદી
સ્તુતિ પૂજાધ્યાને, પરમ પદ પામે દ્રઢ યદી
જીવન્મુક્તિ જાણી, નિરતિશય લક્ષાતીત ગતી
કૃપા દ્રષ્ટે જોશો, શરણુ ગણુશો શ્રી ગણુપતિ. ૨૫

ૐ તત્સત હેરંબાર્પણમ.